અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''જે માણસ સવારના વખતે પોતાના ઘરેથી વુઝૂ કરી મસ્જિદમાં આવે અને બે રકાત સુન્નતે ફજર પઢી બેસી રહે ને અંતે સવારની નમાઝ પઢે તો તે માણસની નમાઝ 'અબરાર'ની નમાઝોમાં લખાશે, અને એ માણસ 'રહમાન'ના ટોળામાં લખાશે.'' *(તબરાની)*

(૩૦) ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઇશા સિદ્દીકહ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''જે મુસલમાન સફ વચ્ચેના ગાળાને પૂરે છે તો અલ્લાહ તેનો એક દરજ્જો ઊંચો કરે છે અને તેનું ઘર જન્નતમાં બનાવે છે.'' *(તબરાની)*

(૩૧) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.) બયાન કરે છે કે જનાબ હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''જે માણસ પોતાના મુસલમાન ભાઇને દુઃખ પહોંચવાના ડરે પહેલી સફના બદલે બીજી સફમાં ઊભો થઇ જશે, તો અલ્લાહ તઆલા એ માણસને પહેલી સફવાળા કરતાં બમણો સવાબ આપશે.'' *(તબરાની)*

(૩૨) હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) રિવાયત કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''ચાર વાત જો ઇન્સાનમાં મૌજુદ હોય તો ફરી એના માટે કોઇ અંદેશો નથી, પછી ભલે એની દુનિયા કેટલીયે ખુંટી પડે : (૧) અમાનત, (૨) સાચું બોલવું, (૩) સારી આદતો અને (૪) કમાઇમાં હરામ અને શકમંદ બાબતોની સંભાળ રાખવી.'' *(અહમદ)*

એટલે કે એ ચાર બાબતો કોઇ ધરાવતો હોય ને તેની પાસે જો વધુ અમલ ન હોય તો પણ કંઇ વાંધો નથી, નજાત માટે એ ચાર વાતો પૂરતી છે.

(૩૩) હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મારા માટે દુઆ કરો કે અલ્લાહ તઆલા મને **''મુસ્તજાબુદ્ દઅ્વાત''** (જેની દુઆ કબૂલ થઇ જાય છે) બનાવે. જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''તમે તમારી કમાણીની હલાલ રોઝી ખાયા કરો, અલ્લાહ

તઆલા તમને એવો બનાવી દેશે.'' *(તબરાની)*

મતલબ એ છે કે હરામ રોઝી અને હરામની કમાણીને દુઆ મંઝૂર ન થવામાં–દુઆ કબૂલ ન થવામાં એટલું ચલણ છે, જેટલું હલાલ રોઝીને દુઆની કબૂલ થવામાં ચલણ છે.

(૩૪) હઝરત અબૂ હુરયરહ (રદિ.) રિવાયત કરે છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''પૂરા ઇમાનદાર તે લોકો છે જેમનાં ગુણો સારાં છે. ખરેખર, સદ્‌ગુણી તે લોકો છે જેમનાં સંબંધો પોતાની પત્નીઓ સાથે સારાં છે.'' *(તિરમિઝી)*

એટલે, સૌથી સારાં તે લોકો છે જેમની રીતભાત ઘરવાળાઓથી સારી હોય છે.

(૩૫) હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો હુકમ છે, ''જે માણસમાં ત્રણ વાતો હશે તેનો ફક્ત હિસાબ જ આસાન થશે એટલું જ નહિ, બલકે તેને જન્નતમાં પણ દાખલ કરવામાં આવશે : (૧) ન દેનારને આપવું. (૨) સંબંધ–સહકાર છોડી દેનારથી મળવું અને (૩) ઝાલિમને માફ કરી દેવું. જ્યારે એ કામ કરશે તો તે જન્નતમાં જશે.'' *(બઝ્ઝાઝ, હાકિમ)*

إِنَّ مِنْ أَحَبِّكُمْ إِلَيَّ أَحْسَنُكُمْ أَخْلَاقًا۔

(૩૬) તમારા પૈકી મારા નજીક તે માણસ સૌથી વધુ મહબૂબ છે, જે તમારામાં સૌથી વધુ ચારિત્ર્યવાન (ખલીક) છે. *(બુખારી–મુસ્લિમ)*

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ
مِنْ لِّسَانِهٖ وَيَدِهٖ۔

(૩૭) મુસલમાન તો તે જ છે, જેની જીભ અને હાથની તકલીફથી મુસલમાન સુરક્ષિત (મહફૂઝ) રહે છે. *(બુખારી–મુસ્લિમ)*

مَنْ سَتَرَ مُسْلِمًا سَتَرَهُ اللّٰهُ يَوْمَ الْقِيٰمَةِ ط

(૩૮) જે કોઈ મુસલમાન ભાઈની ઐબ છુપાવશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે એની ઐબ છુપાવશે. (બુખારી–મુસ્લિમ)

اَلدُّنْيَا سِجْنُ الْمُؤْمِنِ وَجَنَّةُ الْكَافِرِ ط

(૩૯) દુનિયા મુસલમાન માટે કેદખાનું અને કાફિર માટે જન્નત છે. (બુખારી–મુસ્લિમ)

كُنْ فِي الدُّنْيَا كَاَنَّكَ غَرِيْبٌ اَوْ عَابِرُ سَبِيْلٍ ط

(૪૦) દુનિયામાં એવી રીતે રહો, જેવી રીતે કોઇ મુસાફિર યા રહગુઝર (વટેમાર્ગુ) રહે છે. (બુખારી)

حَبُّ الْاَعْمَالِ اِلَى اللّٰهِ اَدْوَمُهَا وَاِنْ قَلَّ ط

(૪૧) અલ્લાહ તઆલાની નજીક સૌ અમલોમાં તે અમલ વધુ પસંદિત છે, જે હંમેશા કરાતો હોય, ભલે, થોડો હોય. (બુખારી–મુસ્લિમ)

(૪૨) એક હદીસમાં આવ્યું છે કે જે માણસ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમ.

સાત (૭) વખત પઢશે તો તે માણસ માટે જન્નતમાં એક ગુમ્બદ (મિનારો) તા'મીર (તૈયાર) થઇ જાય છે.

[મશહૂર મુહદ્દિસ હાફિઝ ઇબ્ને કય્યિમ (રહ.)ની કિતાબ "અલ્ વાબિલુસ્સય્યિબુ" ફઝાઇલે ઝિક્ર, ફઝાઇલે આ'માલ]

(૪૩) હઝરત તમીમે દારી (રહ.)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ આ (નીચે દર્શાવેલાં) કલિમાતને દસ વાર પઢશે તો એના માટે ૪ કરોડ નેકીઓ લખવામાં આવશે :

اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ
لَاشَرِيْكَ لَهٗ اِلٰهًا وَّاحِدًا اَحَدًا
صَمَدًا لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا
وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

અશહદુ અલ્લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વહ્દહુ, લા શરી-ક લહૂ, ઇલાહંવ્ વાહિદન્ અ-હ-દન્ સ-મ-દન્ લમ્ યત્તખિઝ્ સાહિબતંવ્ વલા વ-લદંવ્ વ લમ્ યકુલ્લહૂ કુફુવન્ અહદ.

(મુસ્નદે અહમદ, તિરમિઝી, અલ્લામહ સિયૂતી રહ. કૃત જામિઉલ અહાદીષ : ભાગ–૭, પેજ–૭૦)

(૪૪) દરરોજ સત્તાવીસ વખત :

رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ
يَقُوْمُ الْحِسَابِ ط

રબ્બનગ્ફિર લી વ લિવાલિદય્ય વ લિલ્ મુઅમિની-ન યવ્મ યકૂમુલ હિસાબ.

અર્થ : *હે મારા પરવરદિગાર ! તું મારી, મારા માં–બાપની અને તમામ મુઅમિનોની મગફિરત ફરમાવ.*

મહાન ફઝીલત : આ દુઆને દરરોજ સત્તાવીસ વખત પઢવાથી અલ્લાહ તઆલા હઝરત આદમ (અલૈ.)થી લઇને કિયામત સુધીના મુસલમાનોની ગણતરી બરાબર સવાબ અર્પણ કરશે.

(આખિરતનું ભાથું, પ્રકાશન નં. ૫૪, પેજ નં. ૧૧, દારુલ ઉલૂમ ભરૂચ–કંથારીઆ)

(૪૫) لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ ط
لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ યુહ્યી વ યુમીતુ બિયદિહિલ્ ખયરુ વ હુ-વ અલા કુલ્લિ શયઇન કદીર.

મહાન ફઝીલત : જે માણસ ફર્ઝ નમાઝ પછી ચોથો કલિમો ત્રણ વાર પઢશે તો એને પ્રત્યેક રકા'ત પર એંસી (૮૦) વર્ષની ઇબાદતનો સવાબ મળશે અને જે એને પથારી પર પઢશે તો એ એના તમામ ગુનાહોનો કફ્ફારો (પ્રાયશ્ચિત્ત) થઇ જશે અને સવારે ઊઠીને પઢશે તો સિત્તેર (૭૦) વર્ષની ઇબાદતનો સવાબ મળશે.

(આખિરતનું ભાથું, પ્રકાશન નં. ૫૪, પેજ નં. ૧૮, દારુલ ઉલૂમ ભરૂચ–કંથારીઆ)

(૪૬) એમ તો શુક્ર કરવા માટે કોઇ શબ્દ નિયુક્ત નથી. દરેક ઇન્સાન પોતાની ભાષામાં પણ શુક્ર અદા કરી શકે છે; પરંતુ હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ શુક્ર અદા કરવા માટે એવા જામિઅ (સર્વગ્રાહી) શબ્દો પણ શીખવ્યા છે, જેનાથી એકવારમાં જ હજારો વાર શુક્ર અદા કરવાનો ફાયદો હાસિલ થઇ શકે છે. તે શબ્દો આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ حَمْدًا دَائِمًا مَّعَ
دَوَامِکَ وَلَکَ الْحَمْدُ حَمْدًا خَالِدًا
مَعَ خُلُوْدِکَ وَلَکَ الْحَمْدُ حَمْدًا
لَامُنْتَهٰى لَهٗ دُوْنَ مَشِيَّتِکَ وَلَکَ
الْحَمْدُ حَمْدًا لَا يُرِيْدُ قَائِلُهٗ اِلَّا
رِضَاکَ وَلَکَ الْحَمْدُ حَمْدًا عِنْدَ
طَرْفَةِ کُلِّ عَيْنٍ وَّتَنَفُّسِ کُلِّ نَفْسٍ ط

અલ્લાહુમ્મ લકલ્ હમ્દુ હમ્દન્ દાઇમમ્ મ-અ દવામિ-ક વ લકલ્ હમ્દુ હમ્દન્ ખાલિદન્ મ-અ ખુલૂદિ-ક વ લકલ્ હમ્દુ હમ્દન્ લા મુન્તહા લહૂ દૂ-ન મશિય્યતિ-ક વ લકલ્ હમ્દુ હમ્દન્ લા-યુરીદુ કાઇલુહૂ ઇલ્લા રિઝા-ક વ લકલ્ હમ્દુ હમ્દન્ ઇન્દ તર્ફતિ કુલ્લિ અય્નિંવ્ વ તનફ્ફુસિ કુલ્લિ નફ્સિન્.

[અર્થ : હે અલ્લાહ ! તારો શુક્ર છે, એવો શુક્ર જે તારા કાયમી–દાયમી વજૂદની સાથે કાયમ–દાયમ (રહેનારો) હોય. તારો શુક્ર છે, એવો શુક્ર જે તારા હંમેશા રહેવાની સાથે હંમેશા રહે અને તારો શુક્ર છે, એવો શુક્ર જેનો તારી મશિય્યત સિવાય કોઇ અંત નથી અને તારો શુક્ર છે, એવો શુક્ર જેને કહેવાવાળો તારી રઝામંદી સિવાય બીજું કંઇ ચાહતો નથી અને તારો શુક્ર છે, આંખના દરેક પલકારા પર અને હૃદયના દરેક શ્વાસ પર.]

(''આસાન નેકિયાં'' પા. નં. ૪૦/૪૧, પ્રકાશન નં. ૧૯૯, દા.ઉ. ભરૂચ, કંથારીઆ)

☆ ☆ ☆

કોઈ મુસલમાનને મદદ કરવી

(૪૭) કોઇ મુસલમાનનું કોઇ જરૂરી કામ કરી દેવું અથવા એના કોઇ કામમાં મદદ કરવી અથવા એની કોઇ પરેશાની દૂર કરી દેવી પણ એવો અમલ છે જેના પર હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ખૂબ અજર–સવાબના વાયદા ફરમાવ્યા છે.

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

''જે માણસ પોતાના કોઇ ભાઇના કામમાં લાગેલો હોય તો અલ્લાહ તઆલા એના કામમાં લાગી જાય છે અને જે માણસ કોઇ મુસલમાન ભાઇની કશી પરેશાની કે મૂંઝવણ દૂર કરે તો અલ્લાહ તઆલા એના બદલામાં એનાથી કિયામતની પરેશાનીઓમાંથી કોઇ પરેશાની દૂર ફરમાવી દે છે.''

(અબૂ દાવૂદ)

કોઇ માણસને રસ્તો બતાવી દેવો, કોઇનો સામાન ઉઠાવવામાં એની મદદ કરી દેવી–સારાંશ કે ખિદમતે ખલ્કનાં તમામ કાર્યો આ હદીસની ફઝીલતમાં સમાવિષ્ટ છે. જે લોકો બીજાઓને ખપ લાગે છે, અલ્લાહ તઆલાની નજીક તેઓ ઘણા ફઝીલતવંત લોકો છે. હદીસ શરીફમાં છે કે :

''લોકોમાં બેહતરીન માણસ તે છે, જે લોકોને ફાયદો પહોંચાડે છે.''

એટલા માટે જ ખિદમતે ખલ્ક યા લોકસેવાનું નાનું–મોટું દરેક કામ કરવાની તક શોધવી જોઇએ. એનાથી ઇન્સાનની નેકીઓમાં ઘણો વધારો થાય છે. એ જ પ્રમાણે જો કોઇ વ્યક્તિ પર ઝુલ્મ થઇ રહ્યો હોય તો એને ઝુલ્મથી બચાવવાની સંભવિત કોશિશ કરવી દરેક મુસલમાનના શિરે ફર્ઝ છે.

એક હદીસમાં હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે, ''મુસલમાન, મુસલમાનનો ભાઇ છે. તે ન તો એને નિઃસહાય છોડે છે અને ન તો એનાથી જૂઠ બોલે છે, ન તો એનાથી વા'દા ખિલાફી યા વચનભંગ કરે છે અને ન તો એના પર ઝુલ્મ કરે છે.'' *(તિરમિઝી, અલ્ બિર્ર વ સ્સિલહ)*

(૪૮) દરેક મુસલમાનના દિલમાં અલ્લાહ તઆલાનું નૂર મવજૂદ છે, જે દરેક હાલતમાં ઇઝઝત અને ઈહતિરામને પાત્ર છે, જેથી કોઇ મુસલમાનને તકલીફ ન પહોંચાડે, બલકે રાહત પહોંચાડવાની ફિકર કરે. હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે જેણે કોઇ પરેશાનહાલ માણસની મદદ કરી તો એના માટે અલ્લાહ તઆલા તોત્તેર (૭૩) મગફિરતો લખી આપશે, એમાંથી એક મગફિરત દ્વારા એનાં સઘળાં કાર્યો બની જશે અને બોત્તેર (૭૨) મગફિરતો કિયામતના દિવસે એના દરજાત બલંદ કરવા માટે હશે.... સૌના હક્કો અદા કરે. અખ્લાક બેહતર બનાવે. હસદ, કીના–કપટ, અદાવત, ગીબત, જૂઠ અને ટીકા–ટીપ્પણ, ફસાદ–ટંટાથી સખત પરહેઝ કરે.

("ખઝીનએ આખિરત", પ્રકાશન નં. ૧૯૩, દા.ઉ. ભરૂચ–કંથારીઆ)

સદકાત, ખયરાત કરવું અને માલની પૂરેપૂરી ઝકાત અદા કરવી

(૪૯) સદકો આપનારના માટે કુર્આન શરીફ કહે છે કે, બેશક અલ્લાહપાક સદકાતથી માલમાં ૧૦ થી ૭૦૦% અને એનાથી વધારે જેને ચાહે તેને આપે છે. વ્યાજથી માલ હલાક થાય છે. માલમાં કમી આવે છે. હઝરત અબૂ હુરયરહ (રદિ.) કહે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે સદકાતથી માલ ઓછો થતો નથી અને જે માણસ પોતાના દુશ્મન પર કાબૂ હોવા છતાં માફ કરી દે છે તો અલ્લાહ તઆલા તેની ઇઝઝતમાં વધારો કરે છે અને જે માણસ અલ્લાહના માટે આજિઝી કરે છે તો અલ્લાહ તેને સમાજમાં ઊંચો કરે છે. *(મુસ્લિમ શરીફ)* હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ ઝમીનને પેદા કરી તો ઝમીન હરકત કરવા લાગી તો અલ્લાહ તઆલાએ પહાડોને પેદા કર્યા, જેનાથી ઝમીન થંભી ગઇ. ફરિશ્તાઓ પહાડની તાકાતથી નવાઇ પામ્યા અને પૂછયું : પહાડથી વધારે તાકાતવાળી કોઇ વસ્તુ છે ? અલ્લાહ તઆલાએ જવાબ આપ્યો : હા, લોખંડ. લોખંડથી પહાડોને તોડવામાં આવે છે અને રસ્તાઓ

બનાવવામાં આવે છે. ફરિશ્તાઓએ પૂછયું : લોખંડથી વધારે તાકાતવાળી કોઇ વસ્તુ છે ? અલ્લાહે જવાબ આપ્યો : હા, આગ. આગથી લોખંડને ઓગાળવામાં આવે છે. ફરિશ્તાઓએ પૂછયું : આગથી તાકાતવાળી કોઇ વસ્તુ છે ? જવાબ આપ્યો : હા, પાણી. પાણી આગની ગરમીને ખલાસ કરે છે. ફરિશ્તાઓએ કહ્યું : તારી મખ્લૂકમાં પાણીથી વધારે સખત કોઇ વસ્તુ છે ? જવાબ આપ્યો કે હા, હવા. હવા વાદળોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જાય છે. ફરિશ્તાઓએ પૂછયું કે એનાથી વધારે કોઇ સખત મખ્લૂક છે ? તો અલ્લાહ તઆલાએ જવાબ આપ્યો કે માણસની તે ખયરાત, જે જમણા હાથથી કરે છે અને ડાબા હાથથી છુપાવે છે.

સદકો હવા, આગ, પાણી, લોખંડ સર્વથી ભારે છે. માણસ અલ્લાહના હુકમ પ્રમાણે ઝકાત, સદકો, વાજિબ, નફલ અદા કરશે તો આગ, હવા, પાણીના ઉપર ગાલિબ થઇ એના નુકસાનને ખતમ કરે છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે આદમની અવલાદ ખર્ચ કર, હું તારા ઉપર ખર્ચ કરીશ.

(બુખારી, મુસ્લિમ શરીફ)

૧. એક હદીસમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે દુનિયા તે માણસનું ઘર છે, જેનું આખિરતમાં ઘર નથી અને તે માણસનો માલ છે, જેનો આખિરતમાં માલ નથી અને તેના માટે તે જ માણસ જમા કરે છે જેને અક્કલ નથી. *(ફઝાઇલે સદકાત, ભાગ—૧)*

૨. હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઇરશાદ છે કે સદકો કરવામાં જલદી કર્યા કરો. એટલા માટે કે બલા (મુસીબતો) સદકાને ફાંદી નથી શકતી.

ફાયદો : એટલે કે અગર કોઇ બલા—મુસીબત આવવાવાળી હોય તો તે સદકા દેવાનાં કારણે પાછળ રહી જાય છે. *(ફઝાઇલે સદકાત, ભાગ—૧)*

૩. જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ

હઝરત બિલાલ (રદિ.)ને ફરમાવ્યું : ''ખર્ચ કરવાથી ડરો નહિ, અર્શના માલિક તરફથી ઓછાપણાની બીક રાખીશ નહિ.'' *(તબરાની)*

એટલે જે અર્શનો માલિક છે, તેના ખઝાનામાં કમી કેવી ?

૪. હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''મિસ્કીનને ખાણું ખવડાવવું રહમતને વાજિબ કરે છે.'' *(હાકિમ)*

૫. હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે સરકારે દો આલમ (સલ.)એ ફરમાવ્યું : ''કોઇ ભૂખ્યા–તરસ્યાને પેટ ભરી જમાડવા તથા પાણી પિવડાવવાથી જહન્નમને સાડા ત્રણ હજાર (૩,૫૦૦) વર્ષના અંતર જેટલી દૂર કરી દેવામાં આવે છે.'' *(હાકિમ)*

અલ્લાહપાક આપણા બધાને જ ભૂખ્યાઓને ખૂબ–ખૂબ ખવડાવવાની તથા તરસ્યાઓને પાણી પીવડાવવાની ભરપૂર તૌફીક નસીબ ફરમાવે, આમીન.

૬. એક હદીસમાં આવ્યું છે કે અલ્લાહ તઆલાના નઝદીક બધા જ આ'માલમાં વધારે મહબૂબ અમલ કોઇ મુસલમાનને ખુશ કરવું છે અથવા તેના ઉપરથી ગમ (ફિકર)ને હટાવવું છે અથવા તેનું કર્ઝ અદા કરવું છે અથવા ભૂખની હાલતમાં તેને ખાણું ખવડાવવું છે. *(કન્ઝ, ફઝાઇલે સદકાત, ભાગ–૧)*

એટલે કે આ બધા આ'માલ વધારે પસંદીદહ છે. જે પણ અમલ થઇ શકે તે કરવો જોઇએ.

બેહિસાબ સવાબ !

(૫૧) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહના જે કોઇ બંદાએ નીચે દર્શાવેલાં કલિમાત પઢયાં તો બે ફરિશ્તાઓ માટે મુશ્કેલ થઇ પડયું કે એમને કેવી રીતે લખે (અર્થાત્ એમનો અજર–સવાબ કેટલો લખે). આ બંને ફરિશ્તા આસમાન પર ચઢયા અને એમણે દરબારે ઇલાહીમાં

અરજ કરી : હે અમારા પરવરદિગાર ! તારા બંદાએ એવાં કલિમાત કહયાં છે કે અમારી સમજમાં નથી આવતું કે એમને કેવી રીતે લખીએ ? ! અલ્લાહ તઆલા બંદાએ કહેલાં કલિમાત જાણતો હોવા છતાં (ફરિશ્તાઓને) પૂછે છે કે મારા બંદાએ કયા કલિમાત કહયાં છે ? ફરિશ્તાઓ કલિમાતને દોહરાવે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ કલિમાતને મારા બંદાએ જેવી રીતે કહયાં છે, એવી જ રીતે લખી લો. મારી મુલાકાત પર હું જ એને આ કલિમાતનો બદલો અર્પણ કરીશ. (તે કલિમાત આ પ્રમાણે છે) :

يَا رَبِّ لَكَ الْحَمْدُ كَمَا يَنْبَغِيْ لِجَلَالِ وَجْهِكَ وَعَظِيْمِ سُلْطَانِكَ ط

યા રબ્બિ લકલ્ હમ્દુ કમા યમ્બગી લિ-જલાલિ વજ્હિ-ક વ અઝીમિ સુલ્તાનિક.

અર્થ : હે મારા પરવરદિગાર ! તારા જ માટે સર્વ પ્રકારની તારીફ છે, જેવી કે તારા ચહેરાના જલાલને અને તારી મહાન સલ્તનતને અનુરૂપ છે. *(ઇબ્ને માજહ)*

દરેક નજર બદલ એક મકબૂલ હજનો સવાબ

(પર) હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે નેક અવલાદ પોતાના વાલિદૈન (અથવા એમનામાંથી કોઇ એક) પર હેતપ્રેમ, શફકત અને મુહબ્બતની નજર નાખશે, તો અલ્લાહ તઆલા તેને પ્રત્યેક નજરના બદલે એક મકબૂલ હજ (નો સવાબ) અર્પણ કરે છે. સહાબા (રદિ.)એ અરજ કરી : (હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! જો કોઇ માણસ) દરરોજ સો (૧૦૦) વાર એમના પર નજર નાખે (તો પણ પ્રત્યેક નજરના બદલામાં તેને આ સવાબ મળશે ?) આપ (સલ.)એ ફરમાવ્યું : હા, (અને આપે આ પણ ફરમાવ્યું કે) અલ્લાહ તઆલા (ની ઝાત આપણા

ગુમાન અને અનુમાનથી ઉચ્ચતર છે અને) અતિ મહાન છે તથા બહુ પાક છે (તે દરેક પ્રકારની અધૂરપ, ક્ષતિ અને ઐબથી પાક છે, જેથી દરેક નજર બદલ આવો અને આવડો મહાન સવાબ દેવો એના માટે કંઇ જ મુશ્કેલ નથી). *(મિશ્કાત)*

સ્પષ્ટીકરણ : જો આપના માં–બાપ બંને યા એમના પૈકી કોઇ એક હયાત છે તો આપ ઘણાં ખૂશનસીબ છો. હૃદયપૂર્વક એમની ખિદમત કરો, એમની દિલી દુઆઓ પ્રાપ્ત કરો અને એમના પર શફકત અને આદરની દરેક નજરના બદલામાં એક મકબૂલ હજનો સવાબ પ્રાપ્ત કરો. આ પ્રમાણે આસાનીથી સેંકડો હજનો સવાબ પ્રાપ્ત કરવાની આપ સઆદત મેળવી શકો છો. મારા ભાઇઓ ! જેમના ચહેરા પર હેતપ્રેમ, શફકત અને મુહબ્બતથી એક નજર નાખશો તો દરેક નજર પર અલ્લાહ પાક તેને એક મકબૂલ હજ (નો સવાબ) આપશે. તો જે માણસ તેમની સેવા કરશે, તેમની જરૂરિયાતો અલ્લાહને રાજી અને ખુશ કરવા પૂરી કરશે તો અલ્લાહ પાક તેને તે બદલ શું સવાબ આપશે ! કોઇનાં વહમો–ગુમાનમાં પણ આવી શકતું નથી ! *અલ્લાહ પાક મા–બાપની સેવા કરવાની ભરપૂર તૌફીક અતા ફરમાવે, આમીન !*

(૫૩) **દરેક દર્દની દવા**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ كُلِّ دَاءٍ
وَّدَوَاءٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ બિ-અ-દદિ કુલ્લિ દાઈંવ્ વ દવાઈંવ્ વ બારિક્ વ સલ્લિમ.

ફઝીલત : દરેક પ્રકારના દરદ અને બીમારીના નિવારણ માટે બિસ્મિલ્લાહ સાથે સૂરએ ફાતિહા પઢે અને એની આગળ–પાછળ ઉપરોક્ત દુરૂદ શરીફ પઢે, પછી (બીમાર પર) દમ કરે. *(ઝરીઅતુલ વુસૂલ...૧૬૦)*

(૫૪) **કર્ઝની અદાયગી**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્.

ફઝીલત : જે માણસ ઝોહરની નમાઝ પછી આ દુરૂદ શરીફને ૧૦૦ (સો) વાર પઢશે તો એને ત્રણ વાતો પ્રાપ્ત થશે :

(૧) તે કદી મકરૂઝ (કર્ઝદાર) થશે નહિ.

(૨) જો તે કર્ઝદાર થશે તો એનું કર્ઝ અદા થઇ જશે, ચાહે તે કર્ઝ ગમે તેટલું ભારેખમ હોય.

(૩) કિયામતના દિવસે એનો કોઇ હિસાબ થશે નહિ.

(ઝરીઅતુલ વુસૂલ...૧૬૨)

(૫૫) **જન્નતની ફળફળાદિ**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ
وَعَلٰى اٰلِ مُحَمَّدٍ وَّبَارِكْ وَسَلِّمْ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ અલા આલિ મુહમ્મદિંવ્ વ બારિક્ વ સલ્લિમ.

ફઝીલત : જે માણસ દરરોજ આ દુરૂદ શરીફ પઢવાની પાબંદી કરશે તો એને જન્નતમાં ખાસ ફળ અને મેવા ખાવા મળશે.

(ઝરીઅતુલ વુસૂલ...૧૭૩)

(૫૬) હજાર દિવસ સુધી સવાબ પામવાનું દુરૂદ

صَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّجَزَاهُ
عَنَّا مَاهُوَ اَهْلُهٗ ط

સલ્લલ્લાહુ અલા મુહમ્મદિંવ્ વ જઝાહૂ અન્ના મા હુ-વ અહ્‌લુહ્.

ફઝીલત : જે માણસ આ દુરૂદ શરીફ પઢશે તો સવાબ લખનારા ૭૦ (સિત્તેર) ફરિશ્તા એક હજાર દિવસ સુધી એનો સવાબ લખતા રહેશે.

(ઝરીઅતુલ વુસૂલ... ૧૭૭)

(૫૭) સઘળાં દુરૂદોની બરાબર

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ بِعَدَدِ
كُلِّ ذِكْرِهٖ اَلْفَ اَلْفَ مَرَّةٍ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ બિ-અ-દદિ કુલ્લિ ઝિક્રિહી અલ્ફ અલ્ફ મર્રતિન્.

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢવું હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર તમામ દુરૂદ મોકલવા બરાબર છે.

(ઝરીઅતુલ વુસૂલ... ૧૯૦)

(૫૮) અર્શે અઝીમ બરાબર સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِلْأَ السَّمٰوٰتِ
وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ મિલ્અસ્સમાવાતિ વ મિલ્અલ્ અર્દિ વ મિલ્અલ્ અર્શિલ અઝીમ.

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢનારને આકાશ અને જમીન ભરીને તથા અર્શે અઝીમની બરાબર સવાબ મળે છે. *(ઝરીઅતુલ વુસૂલ...૧૯૨)*

(૫૯) **દુનિયા અને આખિરતની બરકતો પામવાનું દુરૂદ**

اَللّٰھُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَ
صَحْبِهٖ وَسَلِّمْ بِعَدَدِ مَا فِیْ جَمِيْعِ الْقُرْاٰنِ
حَرْفًا حَرْفًا وَّبِعَدَدِ كُلِّ حَرْفٍ اَلْفًا اَلْفًاؕ

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિંવ્ વ આલિહી વ સહ્‌બિહી વ સલ્લિમ્ બિ-અ-દદિ મા ફી જમીઇલ્ કુર્આનિ હર્ફન હર્ફંવ્ વ બિ-અદદિ કુલ્લિ હર્ફિન્ અલ્ફન્ અલ્ફા.

ફઝીલત : દુનિયા અને આખિરતની બરકતો પ્રાપ્ત કરવા માટે પોતાના વિર્દ–વઝાઇફ અને મામૂલાતના ખતમ પર આ દુરૂદ શરીફ પઢયા કરવું.
(ઝરીઅતુલ વુસૂલ...૧૯૨)

(૬૦) **ચાંદ સમાન મુખડું થશે**

اَللّٰھُمَّ صَلِّ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَايَبْقٰى مِنْ صَلٰوتِكَ
شَیْءٌ وَّبَارِكْ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَايَبْقٰى مِنْ بَرَكَاتِكَ
شَیْءٌ وَّارْحَمِ النَّبِيَّ حَتّٰى لَايَبْقٰى مِنْ رَّحْمَتِكَ شَیْءٌ وَّسَلِّمْ
عَلَى النَّبِيِّ مُحَمَّدٍ حَتّٰى لَايَبْقٰى مِنْ سَلَامِكَ شَیْءٌؕ

અલ્લાહુમ્મ સલ્લિ અલન્નબિય્યિ મુહમ્મદિન્ હત્તા લા યબ્કા મિન્ સલાતિ-ક શય્ઉંવ. વ બારિક્ અલન્નબિય્યિ મુહમ્મદિન્ હત્તા લા યબ્કા મિમ્ બ-રકાતિ-ક શય્ઉંવ્, વર્હમિન્નબિય્ય હત્તા લા યબ્કા મિર્રહ્મતિ-ક શય્ઉંવ્, વ સલ્લિમ્ અલન્નબિય્યિ મુહમ્મદિન્ હત્તા લા યબ્કા મિન્ સલામિ-ક શય્ઉન્.

ફઝીલત : હુઝૂર નબીએ અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઇરશાદ અનુસાર આ દુરૂદ શરીફને પઢનારનો ચહેરો પુલસિરાતથી પસાર થતી વખતે ચાંદથી વધુ ચમકદાર હશે. *(ઝરીઅતુલ વુસૂલ...૧૮૫)*

(૬૧) **કુર્બે ખાસ યા વિશેષ નિકટતા પામવાનું દુરૂદ**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا تُحِبُّ وَتَرْضٰى لَهٗ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કમા તુહિબ્બુ વ તર્દા લહૂ.

ફઝીલત : હુઝૂર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક દિવસ એક માણસને પોતાની અને હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની વચ્ચે બેસાડયા. સહાબએ કિરામ (રદિ.)ને આ વાત પર આશ્ચર્ય થયું તો આપે (સલ.) ફરમાવ્યું : આ માણસ મારા પર ઉપરોક્ત દુરૂદ શરીફ પઢે છે. *(ઝરીઅતુલ વુસૂલ...૫૦)*

(૬૨) **મગફિરત માટે કારણભૂત**

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ وَّصَلَّى اللّٰهُ
عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اَهْلِ بَيْتِهٖ ط

અલ્હમ્દુ લિલ્લાહિ અલા કુલ્લિ હાલિંવ્ વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિંવ્ વ અલા અહ્લિ બય્તિહી.

ફઝીલત : જે માણસ છીંક આવવા પર આ દુરૂદ પઢશે તો અલ્લાહ તઆલા તરફથી એક પક્ષી પેદા થશે, જે અર્શની નીચે (પોતાની પાંખો) ફફડાવતું રહેશે અને અરજ કરશે કે (હે અલ્લાહ !) આ દુરૂદ શરીફ પઢવાવાળાને બખ્શી દે. *(ઝરીઅતુલ વુસૂલ... ૫૮)*

(૬૩) **મોટા માપણા વડે સવાબ મળશે**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ نِالنَّبِيِّ
وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَذُرِّيَّتِهٖ
وَاَهْلِ بَيْتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્નબિય્યિ વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ મુઅ્મિની-ન વ ઝુર્રિય્યતિહી વ અહ્લિ બય્તિહી કમા સલ્લય્ત અલા ઇબ્રાહી-મ, ઇન્ન-ક હમીદુમ્ મજીદ.

ફઝીલત : હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઇરશાદ અનુસાર જે માણસ એવું ચાહતો હોય કે મોટા માપણા દ્વારા (અર્થાત્ વિપુલ માત્રામાં) એને સવાબ આપવામાં આવે તો એણે આ દુરૂદ શરીફ પઢવું જોઇએ. *(ઝરીઅતુલ વુસૂલ... ૩૨)*

(૬૪) **મોટો જામે કવષર મળશે**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَاَصْحَابِهٖ

وَاَوْلَادِهٖ وَاَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ
وَاَصْهَارِهٖ وَاَنْصَارِهٖ وَاَشْيَاعِهٖ وَمُحِبِّيْهِ وَاُمَّتِهٖ
وَعَلَيْنَا مَعَهُمْ اَجْمَعِيْنَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ અસ્હાબિહી વ અવ્લાદિહી વ અઝ્વાજિહી વ ઝુર્રિય્યતિહી વ અહ્લિ બય્તિહી વ અસ્હારિહી વ અન્સારિહી વ અશ્યાઇહી વ મુહિબ્બીહી વ ઉમ્મતિહી વ અલય્ના મ-અહુમ્ અજ્મઇ-ન યા અરહમર્રાહિમીન !

ફઝીલત : જે માણસ રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના હૌઝે કવષરથી મોટા માપણા વડે (વિપુલ માત્રામાં કે પુષ્કળ પ્રમાણમાં) પાણી પીવા ચાહતો હોય તો એણે આ દુરૂદ શરીફ પઢતા રહેવું જોઇએ.

(ઝરીઅતુલ વુસૂલ...૯૭)

(૬૫) **સમગ્ર સમયમાં દુરૂદ**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ فِىْ اَوَّلِ كَلَامِنَا،
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ فِىْ اَوْسَطِ كَلَامِنَا،
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ فِىْ اٰخِرِ كَلَامِنَا ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ ફી અવ્વલિ કલામિના,
અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ ફી અવ્સતિ કલામિના,
અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ ફી આખિરિ કલામિના.

ફઝીલત : શયખુલ ઇસ્લામ અબુલ અબ્બાસ (રહ.)એ ફરમાવ્યું : જે માણસ દિવસ અને રાતમાં ત્રણ–ત્રણ વાર આ દુરૂદ શરીફ પઢશે તો જાણે તે રાત અને દિવસના તમામ સમયમાં દુરૂદ મોકલતો રહયો (એવું લેખાશે).

(ઝરીઅતુલ વુસૂલ... ૧૯૧)

(૬૬) **હુસ્ને ખાતિમહની બશારત**

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاَنْزِلْهُ الْمَقْعَدَ الْمُقَرَّبَ عِنْدَكَ يَوْمَ الْقِيَامَةِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અન્ઝિલ્હુલ મક્અદલ્ મુકર્ર-બ ઇન્દ-ક યવ્મલ્ કિયામહ્.

ફઝીલત : હુઝૂર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઇરશાદ મુજબ આ દુરૂદ શરીફ પઢનારા માટે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત વાજિબ થશે, જેમાં એના હુસ્ને ખાતિમહની બશારત છે. *(ઝરીઅતુલ વુસૂલ... ૧૨૭)*

(૬૭) તબરાનીએ રિવાયત કરી છે કે આપ (સલ.)એ ફરમાવ્યું કે ફિકહની મજલિસમાં શરીક થવું સાંઠ (૬૦) વરસની ઇબાદતથી અફઝલ છે. *(તબરાની)*

(૬૮) ફતાવા સિરાજિય્યહમાં હદીસ બયાન કરી છે કે દીનની વાતો શીખવામાં એક (૧) દિવસ ગુઝારવો અલ્લાહની નઝદીક દસ હજાર (૧૦,૦૦૦) વરસોની ઇબાદતથી અફઝલ છે.

(ફતાવા સિરાજિય્યહ, પાના નં. ૧૫૮)

●●●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

✪ પ્રકરણ–૨૨ ✪

જન્નત (સ્વર્ગ)નું બયાન

જન્નત એક એવું સ્થાન છે, જે અલ્લાહ તઆલાએ ઇમાનવાળાઓ માટે બનાવ્યું છે અને તેમાં તે નેઅમતો અર્પણ કરી છે જેને કદી કોઇ આંખોએ ન નિહાળી, ન કોઇ કાનોએ સાંભળી અને ન કોઇ માણસના દિલ પર તેનો કોઇ હળવો અણસાર થયો. જે ઉદાહરણો અને દાખલાઓ કુર્આન મજીદ અને હદીસોમાં આવ્યા છે તે ફક્ત સમજાવવા માટે જ છે. હિસાબ પછી ઇમાનવાળાઓ જન્નત તરફ રવાના થશે. માર્ગમાં 'રિઝવાન' નામનું ઝરણું આવશે તેમાં તમામ ઇમાનવાળાઓ ન્હાશે. તેમનાં મોઢાં પૂર્ણિમાના ચંદ્રની જેમ ચળકતા હશે અને શરીર સાફ હશે, તેઓની ખૂબસૂરતી ઘણી જ હશે. સ્ત્રીઓ એવી શણગારવાળી હશે કે હૂરો પણ તેઓનું સૌંદર્ય નીરખી રશ્ક કરશે. તમામ ઉમ્મતો લાઇનબંધ થઇ જશે. દરેક ટોળીને એક બુલંદ નિશાન મળશે. મુહમ્મદી નિશાન (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સૌથી વધારે સારું હશે. એક લાખ ફરિશ્તાઓ પ્રકાશિત, સુગંધિત થાળ લઇને તેઓને સત્કારવા આવશે. દરેકના માથા પર તાજ હશે. સૌ પ્રથમ હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઉમ્મત જન્નતની તરફ આગળ વધશે, પછી બાકી ઉમ્મતો આગળ–પાછળ ચાલશે. ફરિશ્તાઓ ઝળહળિત થાળ હઝરત રસૂલુલ્લાહ (સલ.) સમક્ષ રજૂ કરશે, પછી બીજા પયગમ્બરોને, પછી બીજા લોકોને પેશ કરશે. સૌથી આગળ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પસાર થશે અને સિત્તેર હજાર ફરિશ્તાઓ હઝરત જિબ્રઇલ (અલૈ.)ની સાથે હશે. સિત્તેર હજાર ચુસ્ત, ચાલાક, શણગારથી સજ્જ બુરાકો હશે. ફરિશ્તાઓ લગામ પકડી ચાલશે. તમામ ફરિશ્તાઓમાં પ્રસન્નતા પ્રસરી ગઇ હશે, જન્નતમાં હર તરફ હર્ષ–ઉલ્લાસની શહેનાઇઓ ગુંજશે. જન્નતના દ્વારો ખુલી જશે. સૌ પ્રથમ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પ્રવેશ કરશે અને પાછળ પાછળ ઇમાનવાળાઓ અલ્લાહની સ્તુતિ (તારીફ) કરતા કરતા દાખલ થશે.

જન્નતના આઠ દરજ્જાઓ છે : [૧] દારુલ ખુલ્દ. (હંમેશા રહેવાનું ઘર) આ સામાન્ય માણસો માટે છે. [૨] દારુસ્સલામ (સલામતીનું ઘર), જે

ફકીરો અને સબ્ર કરવાવાળાઓનું સ્થાન છે. [૩] દારુલ મુકામ (ઉતારાનું ઘર) જે માલદાર, શુક્ર કરવાવાળાઓનું સ્થાન છે. [૪] અદન. આ ઇબાદત કરવાવાળા, જિહાદ કરવાવાળા, સખીઓ અને ઇમામોના માટે છે. [૫] દારુલ કરાર, આ સ્થાનમાં હાફિઝ અને આલિમ રહેશે. [૬] જન્નતુન્નઇમ, આ શહીદો અને અઝાન દેવાવાળાઓ માટે છે. [૭] જન્નતુલ મઅવા, જે મહાન શહીદો, નેક કામ કરવાવાળાઓ, વલીઓનું સ્થાન છે. [૮] જન્નતુલ ફિરદૌસ, જે પયગમ્બરો, રસૂલો અને અમલ કરનાર આલિમોનું સ્થાન છે.

ઉચ્ચ ફિરદૌસના ઉપર ઝળહળિત કોઠી છે. આ સુશોભિત સ્થાન નબીઓના સરદાર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના માટે છે. **'મકામે મહમૂદ'** અને **'વસીલા'** જન્નતના ખાસ દરજ્જાઓ હઝરત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અર્પણ થશે. અગર દુનિયાના સોના–ચાંદીને આઠ ગણું કરવામાં આવે તો એક સામાન્ય જન્નતી એનાથી પણ વધુ નેઅમત હાસિલ કરશે. બિલકુલ સામાન્ય જન્નતીને પણ જે મકાન મળશે તેની એક એક ઈંટ સોનાની અને એક એક ચાંદીની હશે. ઝાફરાન અને કસ્તૂરીનો ગારો હશે, તેના કુંગરાઓ લાલ અને ઝમરૂદના હશે. કસ્તૂરી અને અંબરથી સુવાસિત હશે. લાલ અને ગોહર (કિંમતી મોતી–પથ્થર)થી ગુંદવામાં આવશે. તે મકાનમાં સિત્તેર હજાર (૭૦,૦૦૦) વરંડાઓ હશે. દરેક પાંચસો (૫૦૦) માઇલના અંતર જેટલો પહોળો હશે અને ભાતભાતની બેઠકો હશે, જેમાં હૂર, ગિલમાન (સ્વર્ગીય રમણીય સ્ત્રીઓ અને નોકરો) અને ગાવાવાળા બેશુમાર હશે, તેમાં જાતજાતના બગીચાઓ હશે, જન્નતનાં ફળ ઘણાં જ સ્વાદિષ્ટ હશે. અગર તેમાંથી એક નાનો ટૂકડો પણ કોઇ મુરદાના મોઢામાં નાખવામાં આવે તો તે તે જ પળે સજીવન થઇ જાય અને તે ફળો હંમેશા એક હાલત પર રહેશે, કદી ઓછાં ન થશે.

જન્નતમાં ચાર નહેરો છે : [૧] એવા પાણીની નહેરો છે જેનું પાણી વધુ વાર રહેવાથી કદી બદલાતું નથી, બલકે તેનો સ્વાદ પહેલા જેવો જ રહે છે. [૨] દૂધની નહેરો, જેનો સ્વાદ પણ મોડે સુધી રહેવાથી બગડતો નથી. [૩] શરાબની નહેરો, જે ઘણી જ સ્વાદિષ્ટ હશે. [૪] શુદ્ધ અને સાફ મધની નહેરો, ન તો આ મધ અને દૂધ જેવી મીઠી દુનિયાની કોઇ ચીઝ છે અને ન તો પાણી અને શરાબની જોડ દુનિયામાં મળી શકે છે. તે શરાબ એવી નથી જેમાં દુર્ગંધ, કડવાશ અને નશો હોય અને જેના પીવાથી અક્કલ

બહેર મારી જતી હોય અને માણસ એલફેલ બકતો ફરે, બલકે તે શરાબ (પીણું) આ બધાં દૂષણોથી સ્વચ્છ હશે. જન્નતમાં એક એવું વૃક્ષ છે કે અગર સવારે માણસ સો વર્ષ સુધી તેના છાયામાં ચાલે તો પણ ખતમ ન થાય. દરેક જન્નતી માટે સુવર્ણ તખ્ત ઘણો જ સુશોભિત હશે. હર તરફ સ્વર્ગીય સ્ત્રીઓ (હૂરો) હશે. નોકર–ચાકરો હશે. હૂરો (સ્વર્ગીય સ્ત્રીઓ) નૂરાની મખ્લૂક છે, જેની સૌંદર્યતા અપાર હશે. જન્નતના ખાણાં અને વસ્ત્રોની ખૂબીઓનું વર્ણન કલ્પનાથી બહાર છે. ખાવું, પીવું, આરામ, ખુશી, શરીર સંબંધ, મઝા વગેરે જન્નતીઓને પ્રાપ્ત હશે અને જેનો ઇરાદો કરશે તે જ પળે તેમના સમક્ષ મવજૂદ હશે અને તેનો સ્વાદ દુનિયાના સ્વાદોથી સેંકડો દરજ્જા ઉત્તમ હશે, હાનિકારક ન હશે. ફળોની શકલ જો કે દેખીતી રીતે એક જેવી હશે, પરંતુ સ્વાદ અલગ અલગ હશે. ત્યાં નાપાકી, ગંદકી, મળ–મૂત્ર, થૂંક, છીંક, કાનનો મેલ, શરીરનો મેલ બિલકુલ ન હશે, બલકે જેટલું પણ આરોગીએ એક સુગંધિત મઝેદાર ઓડકાર આવશે અથવા મઝેદાર સુગંધિત પ્રસ્વેદ (પરસેવો) આવશે અને સૌ અન્નજળ હજમ થઇ બધો બોજ દૂર થઇ જશે. હર પળે ઝબાનથી તસ્બીહ (સુબ્હાનલ્લાહ), તકબીર (અલ્લાહુ અકબર), તહમીદ (અલ્હમ્દુ લિલ્લાહ) ઇરાદાપૂર્વક અને ઇરાદા વગર શ્વાસની માફક ચાલુ હશે, દરેક જન્નતીના માથા અને પગ તરફ બે હૂરો સુરીલી આવાઝથી ગાશે, પરંતુ તેઓનું ગાયન શયતાની સંગીત ન હશે, બલકે અલ્લાહ તઆલાની પાકી અને તારીફ હશે. તેઓનો કંઠ એટલો સારો હશે કે લોકોએ આટલી સુંદર અવાજ કદી સાંભળી ન હશે. અગર સ્વર્ગીય વસ્ત્ર દુનિયામાં પહેરવામાં આવે તો જે જુએ તે બેહોશ થઇ જાય. લોકોની આંખો જોઇ ન શકશે, અગર જન્નતની આ નેઅમતોમાં જમીન આસમાનને નાખવામાં આવે તો એ રીતે ભળી જાય કે ખબર પણ ન પડે. જન્નતમાં એક બજાર છે જેનું નામ **'સવકુલ જન્નહ'** (જન્નતી બજાર) છે. આ બજારમાં ભાત–ભાતની અને જાતજાતની નેઅમતોનો ઢગ ખડકવામાં આવશે. તેમાં જન્નતીઓ માટે યાકૂત, ઝમરૂદ, મોતી, લાલ, ઝબરજદ (કિમતી પથ્થરો) અને બીજા પ્રકારના જવાહરો અને સોના–ચાંદીની પ્રકાશિત કુરસીઓ અને મિમ્બરો હશે, જે ફકત ઇમાનવાળાઓ માટે મવજૂદ હશે અને આમાલ મુજબ દરેક જન્નતીને અર્પણ થશે. સામાન્ય જન્નતી કસ્તૂરી અને કાફૂરના ઢગ પર બેસશે અને કોઇ પોતાને સામાન્ય નહિ સમજશે, બલકે એ લોકો કુરસીવાળાઓને પણ પોતાનાથી અધિક નહિ સમજશે. સૌ

કોઇ ખૂશીમાં મગ્ન બેઠા હશે, અલ્લાહના દીદાર (દર્શન)થી ભાગ્યવાન થશે અને અલ્લાહ તઆલાની સ્તુતિ (તારીફ) બયાન કરશે. જન્નતની તમામ નેઅમતોને ભૂલી જશે અને ફરી હોશમાં આવી જશે. અલ્લાહનો દીદાર એટલો સાફ હશે, જેમ સૂર્ય અને પૂર્ણિમાના ચંદ્રને હરકોઇ પોતાની જગાથી નિહાળી શકે છે અને એકનું જોવું બીજાને આડખીલી રૂપ ન હશે. તે બધાઓ આ હાલતમાં હશે કે વાદળ છવાઇ જશે અને તેઓ પર એવી ખૂશ્બૂ વરસાવશે, જે લોકોએ કદી સૂંઘી નહિ હોય. પછી અલ્લાહ તઆલા ફરમાવશે, આ બજારથી તમને જે વસ્તુની ખ્વાહિશ હોય તે પસંદ કરી લો અને દરેક પ્રકારના રેશમી વસ્ત્રો અને બેશુમાર પાણીદાર મોતી વગેરે લઇ લો. જ્યારે જન્નતી પોતપોતાની ખ્વાહિશના મુજબ પસંદ કરી લેશે તો ફરિશ્તાઓ જેઓએ આ બજારને ઘેરી લીધું હશે, આ તોહફાઓને જન્નતીના ઘર સુધી પહોંચાડી દેશે. જન્નતી આ બજારમાં આપસમાં મળશે પછી ત્યાંથી પોતપોતાના ઘરોમાં પાછા ફરશે. તેઓની પત્નીઓ તેઓને સત્કારશે અને મુબારકબાદ (વધામણી) આપશે. સામાન્ય ઇમાનવાળાઓને અલ્લાહના દીદાર દર સપ્તાહમાં જુમ્આના દિવસે થશે અને ખાસ ઇમાનવાળાઓને દરરોજ બે વાર ફજર અને અસરના સમયે અને ખાસુલ–ખાસ ઇમાન–વાળાઓને હર પળે આ મહાન નેઅમત પ્રાપ્ત થશે અને જન્નતમાં અલ્લાહના દીદારથી વધુ કોઇ નેઅમત ન હશે. સ્વર્ગીય મર્દ અને સ્ત્રીઓ ઘણા જ સૌંદર્યવાન હશે. બધા જ દાઢી વગરના હશે. માથાનાં વાળ, પલકો અને ભૃકુટિ–ભમ્મરના સિવાય બદન પર કયાંય વાળ ન હશે. બધાની આંખો કુદરતી રીતે રાતી હશે. પુરુષ–સ્ત્રીઓ ભલે કેટલાયે વયના થઇને દુનિયાથી વિદાય થયાં હશે, ત્યાં બધાં નવજવાન હશે અને હંમેશા નવજવાન રહેશે. આપસમાં ઝઘડો–દુશ્મની ન હશે, એકબીજાને સલામ કહેશે, કોઇ બૂરી અને ગુનાહની વાત ત્યાં સાંભળવામાં ન આવશે. જે માણસ એક વેળા જન્નતમાં પ્રવેશ મેળવી લેશે પછી તેને ત્યાંથી કાઢવામાં નહિ આવે, બલકે હંમેશા હંમેશ ત્યાં જ રહેશે. જન્નતમાં ન મૃત્યુ છે, ન ઊંઘ છે. મતલબ કે જન્નતની નેઅમતો બેશુમાર છે. કુર્આન–હદીસમાં આની વિગત મૌજૂદ છે. વધુ અલ્લાહ તઆલા જેને અર્પણ કરશે ત્યાં જઇને જોઇ લેશે. [ઓ અલ્લાહ ! અમને પણ જન્નતુલ ફિરદૌસ અતા કર અને તારા રોશન ચહેરાના દર્શન કરાવ. તારા પ્યારા અને મહેરબાન હઝરત રસૂલુલ્લાહ (સલ.)ના વસીલાથી] આમીન. *(ઝુબ્દતુલ ફિકહ, કિતાબુલ ઇમાન વ તહારત, ભાગ–૧)*

જન્નતની શારીરિક તથા આત્મિક લઝઝતો વિશે

૧. હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ ઇરશાદ ફરમાવ્યો છે કે મેં મારા સદાચારી બંદાઓ માટે તે નેઅમતો તૈયાર કરી છે, જે ન કોઇ આંખે જોઇ, ન કોઇ કાને સાંભળી અને ન કોઇ માનવના દિલમાં ખ્યાલ આવ્યો અને જો ચાહે તો આ આયત પઢી લો (કે તેથી સાબિતી થઇ જશે.) : **'ફલા તઅ્લમુ નફ્સુમ–મા ઉખ્ફિ–ય લહુમ....'** (છેવટ સુધી) એટલે કોઇપણ માણસને ખબર નથી, જે કંઇ જન્નતીઓ માટે આંખોની ઠંડકનો સામાન ગુપ્ત રાખવામાં આવ્યો છે. *(મિશ્કાત)*

૨. હઝરત અનસ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''અગર જન્નતીઓની પત્નીઓ પૈકીની એક પત્ની જમીનવાળાઓ તરફ ડોકિયું કરે તો આકાશ, પૃથ્વી વગેરેની વસ્તુઓને ઝગમગાવી દે અને સુગંધથી તેને મહેકાવી દે અને તેના માથા પર જે ઓઢણી છે, તે અખિલ જગત તથા જે કંઇ તેમાં છે તેના કરતાં પણ શ્રેષ્ઠ છે.'' *(બુખારી)*

૩. હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''જન્નતમાં એક ઝાડ છે, જેના છાંયડામાં ૧૦૦ (સો) વર્ષ સુધી ચાલ્યો જાય પણ તેને પસાર ન કરી શકે.'' *(મિશ્કાત)*

૪. હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : ''પ્રથમ જમાઅત જે સ્વર્ગમાં પ્રવેશ કરશે તે પૂર્ણિમાના ચંદ્રના સ્વરૂપે હશે. પછી જે તેઓથી ઊતરતા દરજ્જાના છે તેઓ ઘણા તેજ ચકચકિત તારાઓ સમાન હશે. તે સૌનાં દિલ એક માણસના દિલ જેવાં હશે કે તેઓ વચ્ચે ન વિરુદ્ધતા હશે અને ન કીનો–કપટ હશે. તેઓમાંના દરેક જણ પાસે 'હૂરે ઐન' (ગોરી ગોરી મોટી આંખોવાળી સુંદરી)માંથી બે પત્નીઓ હશે, જેમના પગની પિંડલીનો ગુદો, હાડકાં અને માંસ અતિ સૌંદર્યના કારણે નજર આવશે.'' *(મિશ્કાત)*

૫. હઝરત જાબિર (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ

વ સલ્લમ)એ ફરમાવ્યું : ''જન્નતીઓ તેમાં ખાશે અને પીશે, પરંતુ તેઓ ન થૂંકશે, ન પેશાબ–ઝાડો કરશે અને ન નાક નસીકશે.'' *(મુસ્લિમ)*

૬ હઝરત અબૂ સઇદ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : ''એક મુનાદી પુકાર કરશે કે તમારા માટે એ વાત નક્કી થઇ ચૂકી છે કે તમે સદા તંદુરસ્ત રહેશો, કદી બીમાર ન થશો અને સદા યુવાન રહેશો, કદી વૃદ્ધ ન થશો અને સદા સુખ–ચેનથી રહેશો અને કદી પણ સખતાઇ જોશો નહિ.'' *(મુસ્લિમ)*

૭. હઝરત અબૂ સઇદ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલા જન્નતીઓને સંબોધશે કે હે જન્નતીઓ ! તેઓ અરજ કરશે કે, ''અમે હાજર છીએ, ખિદમતગુઝાર છીએ અને સર્વે ભલાઇઓ તારા હાથમાં છે.'' (એટલે શી આજ્ઞા છે ?) ફરમાવશે કે, ''તમે રાજી પણ થઇ ગયા ?'' તેઓ અરજ કરશે કે, ''હે પાલનહાર ! રાજી કેમ ન થાત, જો કે તેં અમને એવી એવી નેઅમતો અર્પણ ફરમાવી છે, જે આજે કોઇને અર્પણ ફરમાવી નથી.'' ઇરશાદ થશે કે, ''હું તમને એથી વિશેષ એક વસ્તુ આપું ?'' અરજ કરશે, ''હે રબ ! એનાં કરતાં વિશેષ વસ્તુ કઇ હશે ?'' ઇરશાદ થશે કે, ''હું તમારા પર સદા પોતાની રઝામંદી ઉતારતો રહીશ અને તે પછી કદી પણ નારાજ થઇશ નહિ.'' *(મિશ્કાત)*

૮. હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે મેં અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! જન્નતની ઇમારત કેવી છે ? આપે ફરમાવ્યું : ''એક ઇંટ સોનાની અને એક ઇંટ ચાંદીની છે અને તેનો ગારો ચોખ્ખી કસ્તૂરીનો છે અને તેની કાંકરીઓ મોતી, યાકૂત છે અને તેની માટી કેસર છે.'' *(તિરમિઝી, દારમી)*

૯. હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જન્નતમાં કોઇ ઝાડ એવું નથી કે જેનું થડ સોનાનું ન હોય. *(તિરમિઝી)*

૧૦. હઝરત બુરૈદહ (રદિ.) બયાન કરે છે કે એક માણસે અરજ કરી, યા રસૂલલ્લાહ (સલ.) ! ''શું જન્નતમાં ઘોડા પણ હશે ?'' આપે ફરમાવ્યું : ''જો અલ્લાહ તઆલા તને જન્નતમાં દાખલ કરે, પછી જ્યારે તારું મન ચાહશે કે લાલ યાકૂતના ઘોડા પર સવાર કરવામાં આવે, જે તને

ઇચ્છિત જગ્યાએ લઇને ફરે, ત્યારે એવું જ થઇ જશે." આ જ હદીસમાં છે કે જો તને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ કરે તો તારી મનગમતી, આંખોને ટાઢી કરે એવી દરેક પ્રકારની ચીઝો મળશે. *(મિશ્કાત)*

૧૧. હઝરત અબૂ સઇદ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : ''જન્નતીઓમાંનો સાધારણ માણસ એવો હશે કે તેના એંસી હજાર (૮૦,૦૦૦) સેવકો અને બોત્તેર (૭૨) પત્નીઓ હશે અને તેના માટે એક ગોળાકાર ઇમારત મોતી, ઝબરજદ અને યાકૂતની એટલી વિશાળ સર્જવામાં આવશે જેમ કે નીબિયહ (શામ)થી સન્આ (યમનના કસબા)નું અંતર છે.'' એ જ સનદ સાથે આ હદીસ પણ છે કે આપ (સલ.)એ ફરમાવ્યું : ''જન્નતીઓ પર એવો તાજ હશે, જેનું સાધારણ મોતી પૂર્વ તથા પશ્ચિમ વચ્ચેની વસ્તુઓને ચકચકિત કરી શકે છે.'' *(મિશ્કાત)*

૧૨. હઝરત હકીમ બિન મુઆવિયહ (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''સ્વર્ગમાં એક દરિયો પાણીનો, એક મધનો, એક દૂધનો અને એક શરાબનો હશે. પછી તે દરિયામાંથી અનેક નહેરો ફાટીને વહેતી હશે.'' *(મિશ્કાત)*

૧૩. હઝરત અલી (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : જન્નતના એક સ્થળે **'હૂરે ઐન'** (મોટી આંખોવાળી અપ્સરા) એકત્ર થઇ લલકારશે કે તેવો સાદ મખ્લૂકે કદી સાંભળ્યો ન હશે (પછી તે) આ પ્રમાણે ગાશે : **''નહ્નુલ ખાલિદાત....''** એટલે અમે અમર રહેનારીઓ છીએ, કદી ફના થઇશું નહિ, અમે મોજમજામાં રહેનારીઓ છીએ, કદીયે સખતાઇ ઝીલીશું નહિ. અમે રાજી રહેનારીઓ છીએ, કદીયે નારાજ થઇશું નહિ. તે માણસ માટે મોટી વધામણી છે જે અમારો થાય અને અમે એમના થઇએ."

૧૪. હઝરત જરીર બિન અબ્દુલ્લાહ (રદિ.) બયાન કરે છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : તમે પોતાના પરવર– દિગારને પ્રત્યક્ષ નિહાળશો અને એક રિવાયતમાં છે કે અમે જનાબ રસૂલુલ્લાહ (સલ.)ની ખિદમતમાં બેઠા હતા તો આપે લયલતુલ બદ્ર (પુનમ)ના ચાંદને જોઇ ફરમાવ્યું કે તમે તમારા માલિકને એવી જ રીતે નિહાળશો જેમ આ ચંદ્રને જોઇ રહયા છો કે એને જોવામાં બંનેને

કંઇ હરકત નથી. (જેમ દુનિયાના રાજવીની સવારી જોવામાં આવે છે).
(મિશ્કાત)

૧૫. હઝરત સુહૈબ (રદિ.) બયાન કરે છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ''જ્યારે જન્નતવાળાઓ જન્નતમાં જશે ત્યારે અલ્લાહ તઆલા ફરમાવશે કે શું તમે અન્ય કંઇ વિશેષ ચાહો છો કે તમને આપું ? તેઓ અરજ કરશે કે શું આપે અમારા ચહેરાઓને રોશન નથી કર્યા ? શું આપે અમને સ્વર્ગમાં દાખલ નથી કર્યા ? અને જહન્નમથી વિમુક્ત નથી કર્યા ? આપ ફરમાવે છે કે પછી પરદો ઉઠાવી લેવામાં આવશે, તેથી અલ્લાહ તઆલાનો જમાલે બા–કમાલ જોશે (દીદાર થશે) અને કોઇ ચીજ તેમને એવી અર્પણ થઇ ન હતી, જે પોતાના પરવરદિગારની તરફ નજર કરવાથી વિશેષ પ્રિય (મહબૂબ) હોય.'' *(મિશ્કાત)*

૧૬. હઝરત ઇબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : ''જન્નતીઓમાં સૌથી હલકા દરજ્જાનો તે માણસ હશે કે જેને પોતાના બગીચાઓ, પત્નીઓ તથા નેઅમતના સાધનો અને ખિદમતગારો તેમ મનોરંજક સામગ્રીઓ એક હજાર (૧,૦૦૦) વર્ષના અંતર સુધી નજર આવશે અને સૌથી વધુ ઇઝઝતવાળો તે માણસ હશે, જે હક તઆલાના દીદારથી સવાર–સાંજ મુશર્રફ થશે.'' *(અહમદ, તિરમિઝી)*

૧૭. હઝરત જાબિર (રદિ.) બયાન કરે છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : ''જન્નતીઓ પોતાની નેઅમતોમાં નિમગ્ન હશે કે ઓચિંતું તેમની રૂબરૂ એક નૂર બુલંદ થશે તો એકાએક શું નિહાળશે કે ઉપરથી હક તઆલાનો ઝૂહુર થયો હશે અને ઇરશાદ થશે : ''અસ્સલામુ અલયકુમ હે જન્નતીઓ !'' અને આ આયતની એ જ તફસીર છે : ''સલામુન્ કવલમ્ મિર્રબ્બિર્રહીમ'' તેથી હક તઆલા જન્નતીઓને તથા જન્નતીઓ હક તઆલાને જોશે અને જ્યાં સુધી ત્યાં જોતા રહેશે ત્યાં સુધી બીજી કોઇપણ નેઅમત તરફ લક્ષ આપશે નહિ; અહીં સુધી કે તે તેઓથી પરદામાં થઇ જશે અને નૂર (જે તેની અસર છે) બાકી રહી જશે.'' *(મિશ્કાત)*

ફાયદો : આ હદીસોના વિષયો પ્રત્યે જરા વિચાર કરવામાં આવે. શું એવી અનુપમ, અમૂલ્ય અને સદા કાયમ રહેનારી નેઅમતો જગતના કોઇપણ સુલ્તાને હફતે અકલીમ (ચક્રવર્તી રાજા)ને પણ પ્રાપ્ત છે ?

(હઝ. મૌલાના અશરફઅલી થાનવી રહ. કૃત "તસ્હીલે શવકે વતન" અથવા "આખિરતનો શૌક")

રોઝાદારની ફઝીલત

હઝરત અબૂ મસ્ઊદ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને એક દિવસે ફરમાવતા સાંભળ્યા, જ્યારે કે રમઝાન શરીફનો પહેલો ચાંદ થઇ ગયો હતો. આપે (સલ.) ફરમાવ્યું કે જો બંદા જાણી લે કે રમઝાન કેવી ચીજ છે તો મારી ઉમ્મત તમન્ના કરે કે રમઝાન આખું વરસ રહે (તો કેવું સારું !). એક સહાબીએ અરજ કરી કે હે અલ્લાહના નબી (સલ.) ! એની વિગત અમારી સામે બયાન ફરમાવો તો આપે (સલ.) ફરમાવ્યું : બેશક, શરૂ સાલથી સાલના અંત સુધી જન્નતને મુઝય્યન (સુશોભિત) કરવામાં આવે છે. પછી જ્યારે રમઝાનનો પ્રથમ દિવસ હોય છે તો અર્શની નીચેથી એક હવા ચાલે છે તો તે જન્નત (નાં વૃક્ષો)નાં પાંદડાંને હલાવે–ઝુલાવે છે તો ગોરી અને મોટી આંખોવાળી જન્નતી સ્ત્રીઓ એ તરફ જુએ છે અને કહે છે : હે (અમારા) રબ ! તું અમારા માટે આ મહિનામાં પોતાના બંદાઓમાંથી અઝવાજ (શવહર) બનાવ, જેમનાથી અમારી આંખો ઠંડી થાય અને અમારાથી એમની આંખો ઠંડી થાય. તો (જવાબમાં) કહેવામાં આવશે કે કોઇ બંદો એવો નથી જે રમઝાનના દિવસના રોઝા રાખે; પરંતુ એની શાદી હૂરે ઇન એટલે કે જન્નતી અવરતથી કરવામાં આવે છે, જે મોતીઓના એક તંબૂમાં હોય છે. અલ્લાહ તઆલા બયાન ફરમાવે છે : *"જન્નતી સ્ત્રીઓ છે, જેમને તંબૂઓમાં રોકવામાં આવી છે."* એમના પૈકી દરેક સ્ત્રી પર ૭૦ (સિત્તેર) જોડી કપડાં હશે, દરેક જોડીના રંગ વિવિધ હશે. એ સ્ત્રીઓને ૭૦ પ્રકારની ખૂશ્બૂ લગાડવામાં આવશે, દરેક ખૂશ્બૂ એકમેકથી અલગ હશે. દરેક સ્ત્રી માટે સિત્તેર હજાર (વિશેષ પ્રકારના) નોકર અને સિત્તેર હજાર નોકરાણીઓ હશે. દરેક નોકર અને નોકરાણી (ખાદિમ અને ખાદિમહ) પાસે એક ખુમચો હશે, જેમાં એક પ્રકારનું ખાણું હશે, જેના એક એક લુકમાના અંતે એવી લઝ્ઝત હશે, જે (લુકમાની) શરૂઆતમાં ન હશે. એમાંથી દરેક સ્ત્રી માટે સુર્ખ (લાલ) યાકૂતની ચારપાઇ (ખાટલાઓ) હશે. દરેક ચારપાઇ પર એક પથારી (બિસ્તર) હશે, જેનું અસ્તર ચમકદાર રેશમી કપડાનું હશે. દરેક પથારી (બિસ્તર) પર સિત્તેર તખ્તા હશે. દરેક શવહરને એ (ઝવજહ–પત્ની)ની જેટલું આપવામાં આવશે, જેનો અત્રે ઉલ્લેખ થયો છે. સુર્ખ યાકૂતની એવી ચારપાઇ (ખાટલા)ના પ્રમાણ અનુસાર (આપવામાં આવશે), જે મોતીઓથી શણગારાયેલી હશે, તદુપરાંત, એના પર સોનાના બે કંગન હશે. આ બધું રમઝાનના રોઝાઓમાંથી દરેક રોઝાના બદલામાં મળશે. બીજી નેકીઓનો અલગ સવાબ મળશે (એ તો વધારામાં).

*[નવાદિરુલ ઉસૂલ, ઇબ્ને ખુઝયમહ, બયહકી, અસ્બહાની કૃત તરગીબ,
દૂર્રે મન્દૂર : ભાગ–૧, પેજ–૪૪૯/૪૫૦]*

★ ઈમાનનામું ★

ઈમાનના ફર્ઝ

ઈમાનના બે ફર્ઝ છે : (૧) કલિમએ તય્યિબહ ઝબાનથી પઢવો. (૨) એના અર્થને દિલથી સાચો જાણવો.

કલિમાના ફર્ઝ

કલિમાના ત્રણ ફર્ઝ છે : (૧) ઉંમરમાં એકવાર પઢવો. (૨) સહીહ પઢવો. (૩) કોઇ પઢવાનું કહે તો જલદી પઢવો.

ઈમાનની સિફતો

ઈમાનની સાત સિફતો છે : (૧) અલ્લાહ પર ઇમાન લાવવું. (૨) ફરિશ્તાઓ પર ઇમાન લાવવું. (૩) આસમાની કિતાબો પર ઇમાન લાવવું. (૪) પયગમ્બરો પર ઇમાન લાવવું. (૫) કિયામત પર ઇમાન લાવવું. (૬) તકદીર પર ઇમાન લાવવું. (૭) મૃત્યુ બાદ સજીવન થવા પર ઇમાન લાવવું.

ઈમાનની શર્તો

ઈમાનની સાત શર્તો છે : (૧) ઇખ્તિયારે–સ્વેચ્છાએ ઇમાન લાવવું. (૨) ગૈબ પર ઇમાન લાવવું. (૩) ગૈબની ખબર અલ્લાહ જ જાણે છે, એમ કહીને ઇમાન લાવવું. (૪) હલાલને હલાલ જાણવું. (૫) હરામને હરામ જાણવું. (૬) અલ્લાહના ક્રોધ–કોપથી ડરતા રહેવું. (૭) અલ્લાહની રહમતના ઉમ્મીદવાર રહેવું.

ઈમાનની સલામતીની શર્તો

ઈમાન સલામત રહેવાની શર્તો ચાર છે : (૧) ઇમાન પામવાથી ખૂશ રહેવું. (૨) ઇમાન છીનવાઇ જવાથી ડરતા રહેવું. (૩) ઇમાનથી મહરૂમ કરનાર ચીજોથી દૂર રહેવું. (૪) મુસલમાનો પર મહેરબાન રહેવું.

ઈમાનના અહકામ

ઈમાનના અહકામ સાત છે : (૧) જાનથી, (૨) માલથી, (૩) તકલીફથી,

(૪) બદગુમાનીથી, (૫) ધોકાથી, (૬) હંમેશા દોઝખી બનવાથી અમન દેવી, (૭) જન્નતે લઇ જવું.

ઈમાનના વાજિબ

ઈમાનના બાર વાજિબો છે : (૧) બિદઅતથી બચવું. (૨) નેક લોકોની સોહબતમાં રહેવું. (૩) ખરાબ લોકોથી દૂર રહેવું. (૪) સ્વજનોને દીનની તાલીમ આપવી. (૫) રિશ્તેદારોથી મેળમિલાપ રાખવો. (૬) બે ઝઘડતા મુસલમાનોમાં સુલેહ કરાવવી. (૭) યતીમોથી મુહબ્બત કરવી. (૮) ગરીબો પર રહમ કરવી. (૯) તરસ્યાંને પાણી પીવડાવવું. (૧૦) રસ્તેથી કાંટા, પથ્થર, ગંદકી દૂર કરવી. (૧૧) બીમારની ખબર–અંતર પૂછવી. (૧૨) મય્યિતને નવડાવવી.

ઈસ્લામના ફર્ઝ

અલ્લાહ તઆલા અને રસૂલ (સલ.)ની પેરવીને ઇસ્લામ કહે છે.

ઈસ્લામના પાંચ ફર્ઝ છે : (૧) કલિમ–એ શહાદત, (૨) નમાઝ, (૩) રોઝા, (૪) ઝકાત, (૫) હજ્જ.

ઈસ્લામના વાજિબ

ઈસ્લામના સાત વાજિબો છે : (૧) વિત્ર, (૨) ફિત્ર, (૩) કુર્બાની, (૪) ઉમરહ, (૫) માં–બાપની પેરવી, (૬) અવરતે શવહરની તાબેદારી કરવી, (૭) મહરમનું ભરણપોષણ.

ઈસ્લામની સુન્નતો

(૧) ખત્ના કરાવવી, (૨) માથાના વાળ, (૩) નાકના વાળ, (૪) મૂંછના વાળ, (૫) બગલના વાળ અને (૬) દૂંટી નીચેના વાળ કઢાવવા, (૭) નખ કાપવા, (૮) દાઢી રાખવી.

(ઝરૂરતુલ મુસ્લિમીન : દારુલ ઉલૂમ ભરૂચ, કંથારીઆ, પ્રકાશન નં. ૭૧)

ઈમાનિય્યાત વિશે જરૂરી માહિતી

(૧) હું અલ્લાહ તઆલા પર ઇમાન લાવ્યો,

(૨) હું અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ પર ઇમાન લાવ્યો,

(૩) હું અલ્લાહ તઆલાની કિતાબો પર ઇમાન લાવ્યો,

(૪) હું અલ્લાહ તઆલાના પયગમ્બરો પર ઇમાન લાવ્યો,

(૫) અને કિયામતના દિવસ પર ઇમાન લાવું છું,

(૬) અને સારું તથા બૂરું જે કાંઇ બને છે તે બધું અલ્લાહ તઆલા તરફથી જ બને છે, એ વાત પર હું ઇમાન લાવું છું,

(૭) મૃત્યુ પછી કિયામતના દિવસે ફરી સજીવન થઇને હિસાબ–કિતાબ આપવા પર અને તેનો બદલો આપવા માટે ફરી સજીવન થવા પર હું ઇમાન લાવું છું.

મજકૂર સંપૂર્ણ સાતેવ ઇમાનિય્યાત પર ઇમાન ધરાવવું જરૂરી છે. આ સાત ઇમાની બાબતો પૈકી જો કોઇ એક બાબતનો પણ ઇનકાર કરશે તો તે વ્યક્તિ મુઅમિન લેખાશે નહિ, બલકે કાફિર જ લેખાશે.

("દારુલ ઉલૂમ" માસિક, જુલાઇ–૨૦૦૧)

★ નમાઝ ★

★ **મુસલમાનોને સર્વ પ્રથમ નમાઝની જ પૂછતાછ થશે.**

★ **નમાઝ એ ઇસ્લામ ધર્મમાં એક અઝીમુશ્શાન રુકન છે.**

★ **પાંચ વખતની નમાઝ દરેક બાલિગ મુસલમાન મર્દો અને અવરતોના શિરે ફર્ઝે ઐન છે. માટે દરેક મુસ્લિમે નમાઝની પાબંદી કરવી જોઇએ.**

૧. નમાઝો સંપૂર્ણ સંતોષપૂર્વક અને સંપૂર્ણ વકારની સાથે પઢવી જોઇએ.

૨. નમાઝોમાં દરેક અરકાનને સંતોષકારક રીતે અદા કરવા જોઇએ.

૩. નમાઝોમાં અમલે કષીર એટલે કે પુષ્કળ વખત ગેર નમાઝમાં જેમ કરતા હોય તે અમલ નમાઝોમાં વારંવાર કરવાથી નમાઝ તૂટી જાય છે.

૪. નમાઝોમાં દાઢી અને કપડાંની સાથે રમત રમવાથી નમાઝ તૂટી જાય છે.

૫. નમાઝોમાં વારંવાર મોઢા ઉપર હાથ ફેરવ્યા કરવાથી નમાઝ તૂટી જાય છે.

૬. જમાઅત પકડવા માટે દોડવું મકરૂહે તહરીમી છે.

૭. મજબૂરી વગર સિજદામાં હાથ ટેકવીને જવાથી અને સિજદામાંથી હાથ ટેકવીને ઊઠવાથી નમાઝ મકરૂહે તહરીમી થાય છે.

૮. જમાઅતમાં શરીક થનાર મુસલ્લીએ પોતે જ તહરીમહની પહેલી તકબીર મોઢેથી બોલવી જરૂરી છે. જો તકબીરે તહરીમહ મોંથી બોલ્યા વગર માત્ર કાનો સુધી હાથ ઉઠાવીને જમાઅતમાં શરીક થશે તો નમાઝ અદા થશે નહિ.

૯. નમાઝમાં તઅ્દીલે અરકાન એટલે કે નમાઝના બધા અરકાનને સંતોષકારક અદા કરવા વાજિબ છે.

૧૦. નમાઝ લાંબી પઢવી વાજિબ નથી. ટૂંકી નમાઝ પઢવી પણ જાઇઝ છે. અલબત્ત, મુખ્તસર નમાઝ પણ અતિ સંતોષ અને વકારપૂર્વક પઢવી જોઇએ. ઉતાવળ કરવી જોઇએ નહિ.

૧૧. નમાઝનો રુકૂઅ એવી રીતે કરવો જોઇએ કે માથું, વાંસો–પીઠ એકસરખાં થઇ જાય. જો માથું બરાબર ઝુકાવવામાં આવશે નહિ તો રુકૂઅ, જે ફર્ઝ છે, અદા થશે નહિ, એટલે નમાઝ પણ અદા થશે નહિ.

૧૨. સિજદાઓમાં બન્ને હાથની કોણીઓ જમીનથી અને પેટથી સદંતર અલગ રાખવી. જો સિજદાઓમાં હાથ જમીન પર પાથરી દેવામાં આવશે અથવા પેટની સાથે અડાડી દેવામાં આવશે તો નમાઝ મકરૂહે તહરીમી થઇ જશે.

૧૩. મેલાં–કુચેલાં, ફાટેલાં તથા અજુગતાં કપડાં પહેરીને નમાઝ પઢવાથી તે નમાઝ મકરૂહે તહરીમી થાય છે.

૧૪. નમાઝ પઢતી વખતે કિયામમાં સિજદાની જગ્યા પર અને રુકૂઅમાં પગના પંજાઓ પર અને સિજદાઓમાં નાકની દાંડી ઉપર અને કાઇદાઓમાં ખોળા પર અને સલામ ફેરવતી વખતે ખભાઓ પર નમાઝ પઢનારની નજર હોવી જોઇએ. આ પ્રમાણે નમાઝ વકારપૂર્વક અદા થશે.

૧૫. મુકતદીઓએ પાંચે નમાઝોમાં ઇમામની પાછળ સૂરએ ફાતિહા કે કુર્આન શરીફની કોઇપણ આયત પઢવી નહિ, ચૂપચાપ ઊભા રહેવું જોઇએ.

૧૬. નમાઝોમાં પગના પંજાઓ કિબ્લા તરફ રાખવા જોઇએ અને બંને પગના પંજા બિલ્કુલ સીધા રાખવા જોઇએ. બંને પંજાઓની વચ્ચે ચાર આંગળીઓ જેટલું અંતર રાખવું જોઇએ. *("દારુલ ઉલૂમ" માસિક, જુલાઇ–૨૦૦૧)*

-(મવલાના) ઇસ્માઇલ અહમદ મનુબરી સા. (મ.ઝિ.)

૧ : અઘધઘ સવાબ !

(૧) ઉમ્મુલ મુઅમિનીન હઝરત જુવયરિય્યહ (રદિ.) ફરમાવે છે કે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફજરની નમાઝ વખતે યા ફજરની નમાઝ પછી એમની પાસે તશરીફ લઇ ગયા અને આપ પોતાના મુસલ્લા પર બેસીને (તસ્બીહ પઢવામાં મશગૂલ હતાં). હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ચાશ્તની નમાઝ બાદ પાછા ફરીવાર તશરીફ લાવ્યા, તો આપ એ જ સ્થિતિમાં બેઠેલાં હતાં. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આપને પૂછયું : તમે એ જ સ્થિતિ પર (બેઠેલાં) છો, જેના પર મેં તમને છોડયાં હતાં ? એમણે અરજ કરી : જી હા. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : મેં તમારાથી જુદાઈ પછી ચાર કલિમાત ત્રણવાર પઢયા છે. જો એ કલિમાતને તે સૌ વઝાઈફના મુકાબલામાં તોલવામાં આવે, જે તમે સવારથી અત્યાર સુધી પઢયા છો, તો એ કલિમાતનું વજન વધી જશે. તે કલિમાત આ છે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ عَدَدَ خَلْقِهٖ وَرِضٰى نَفْسِهٖ وَزِنَةَ عَرْشِهٖ وَمِدَادَ كَلِمَاتِهٖ ط

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી અ-દ-દ ખલ્કિહી વ રિદા નફ્સિહી વ ઝિ-ન-ત અર્શિહી વ મિદા-દ કલિમાતિહી.

અર્થ : અલ્લાહ તઆલાની પવિત્રતા અને તેની તારીફ બયાન કરું છું, એની સમગ્ર મખ્લૂકની સંખ્યાના પ્રમાણમાં અને એની રઝામંદી કે પ્રસન્નતાના પ્રમાણમાં અને એના અર્શના વજનના પ્રમાણમાં અને એના કલિમાતના પ્રમાણ અનુસાર. *(મુસ્લિમ, અબૂ અવાનહ, અસ્હાબે સુનને અરબઅહ)*

૨ : શબે કદ્રના બરાબર સવાબ

કુર્આને કરીમના ફરમાન અનુસાર શબે કદ્રમાં ઈબાદત કરવાનો સવાબ એક હજાર મહિનાઓની ઈબાદતથી બેહતર છે. એક હજાર મહિનાઓની ત્રીસ

હજાર રાતો થાય છે અને વર્ષોની સંખ્યા ૮૩ (ત્યાસી) વર્ષ, ચાર માસ થાય છે, જે માત્ર અલ્લાહ તઆલાનું ઈનામ જ ઈનામ છે. વળી, અલ્લાહ તઆલાની રહમતની કોઈ હદ નથી, એ કારણે જો અલ્લાહ તઆલા બીજા કોઈ અમલ ઉપર પણ શબે કદ્ર જેટલો સવાબ આપી દે તો એના રહમતના ખઝાનામાં કશી જ કમી થવાની નથી. જેમ કે, નિમ્ન લિખિત કલિમાત ત્રણવાર પઢવાથી શબે કદ્રના બરાબર સવાબ મળે છે. આપ પણ એને મોઢે યાદ કરી લો અને આવડો મહાન સવાબ પ્રાપ્ત કરો :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ ط سُبْحَانَ اللّٰهِ رَبِّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુલ હલીમુલ્ કરીમ. સુબ્હાનલ્લાહિ રબ્બિસ્સમાવાતિસ્સબ્ઈ વ રબ્બિલ્ અર્શિલ્ અઝીમ.

(કન્ઝુલ ઉમ્માલ : ૨/૨૨૬)

૩ : અગણિત ગુનાહોની માફી

નીચે દર્શાવેલ ઈસ્તિગફાર વિશે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈરશાદ છે કે જે વ્યક્તિ (રાતે સૂવા માટે) પોતાના બિસ્તર પર આવે અને ત્રણવાર આ (નીચે દર્શાવેલા) કલિમાત કહે તો અલ્લાહ તઆલા એના સઘળા (સગીરહ) ગુનાહ માફ ફરમાવી દેશે, ચાહે તે સમુદ્રના કાંપ જેટલા હોય અથવા આલિજ સ્થળની રેતીના રજકણોના બરાબર હોય અથવા વૃક્ષોનાં પાંદડાંના બરાબર હોય અથવા દુનિયાનાં દિવસ–રાતના બરાબર હોય.

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَىُّ الْقَيُّوْمُ وَاَتُوْبُ اِلَيْهِ ط

અસ્તગ્ફિરુલ્લાહલ્લઝી લા ઈલા-હ ઈલ્લા હુવલ્ હય્યુલ્ કય્યૂમુ વ અતૂબુ ઈલય્હ. *(તિરમિઝી શરીફ)*

૪ : બજારમાં પઢવાની દુઆ

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ બજારમાં દાખલ થતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢી લેશે તો અલ્લાહ તઆલા એના હિસાબ (નામ-એ-આ'માલ)માં દસ લાખ નેકીઓ લખી આપશે, એની દસ લાખ ખતાઓ યા ગુનાહોને માફ ફરમાવી દેશે અને એના દસ લાખ દરજાત બુલંદ ફરમાવશે :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ, વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ, યુહ્યી વ યુમીતુ, વ હુ-વ હય્યુલ્ લા યમૂતુ બિ-યદિહિલ્ ખય્રુ, વ હુ-વ અલા કુલ્લિ શય્ઈન્ કદીર.

અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી, તે એકલો જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, બાદશાહત તેના જ માટે છે અને તમામ પ્રકારની તારીફ તેના જ માટે છે. તે જ જિવાડે છે અને તે જ મૌત આપે છે. તે સદા જીવંત રહેનાર છે, એને મૌત કદાપિ આવતું નથી. બધી ભલાઈઓ તેના જ હાથ (અંકુશ)માં છે અને તે દરેક ચીજ પર કુદરત ધરાવે છે. *(તિરમિઝી-ઈબ્ને માજહ)*

ઈમામ બગવી (રહ.)એ ''શર્હુસ્સુન્નહ''માં આ રિવાયત ટાંકીને બજારની વ્યાખ્યા પણ દર્શાવી છે **"સૂકુન્ જામિઉન્ યુબાઉ ફીહ"** (મોટી બજાર, જ્યાં આમ યા જાહેર ખરીદ-વેચાણ થતું હોય).

ઈમામ બગવી (રહ.) ફરમાવે છે કે મામૂલી ઝિક્ર કરવા પર આવો મહાન સવાબ મળવાની હિકમત એ જ છે કે ઝિક્ર કરનારે ગાફિલ લોકોના પ્રચંડ સમૂહમાં અલ્લાહ તઆલાને યાદ રાખ્યો.

એક હદીસ અનુસાર ઉપરોક્ત દુઆ પઢનાર માટે (ઉક્ત ફઝાઈલ ઉપરાંત) જન્નતમાં એક ઘર પણ બનાવી દેવાશે.

(મુસ્તદરકે હાકિમ, નવવી કૃત ''અલ અઝકાર'' પૃ. ૨૪૨, હદીસ નં. ૮૫૫)

૫ : એક આયતનો સવાબ એક હજાર આયતો બરાબર

(૧) અબૂ દાવૂદ, તિરમિઝી, નસાઈમાં હઝરત ઈરબાઝ ઈબ્ને સારિયહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) રાતના સૂવાથી પહેલાં આ મુસબ્બિહાત (સૂરએ હદીદ, સૂરએ હશ્ર, સૂરએ સફ, સૂરએ જુમ્આ તથા સૂરએ તગાબુન) પઢયા કરતા હતા અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે આમાં એક (૧) આયત એવી છે જે એક હઝાર (૧૦૦૦) આયતોથી અફઝલ છે. ઈબ્ને કસીરે આ રિવાયત નકલ કરવા પછી ફરમાવ્યું કે તે અફઝલ આયત સૂરએ હદીદની આ છે :

هُوَ الْأَوَّلُ وَالْآخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ ۖ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ﴿٣﴾ (الحديد ٥٧:٣)

હુવલ્ અવ્વલુ વલ્ આખિરુ વઝ્ઝાહિરુ, વલ્ બાતિનુ વહુવ બિકુલ્લિ શયઈન અલીમ.

(૧) આ આયતને એક (૧) વખત પઢવાથી ઈન્શાઅલ્લાહ એક હઝાર (૧,૦૦૦) આયતો પઢવા બરાબર સવાબ મળશે.

(૨) ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે અગર કોઈ વખત તમારા દિલમાં અલ્લાહ તઆલા અને દીને હક (ઈસ્લામ)ના મુઆમલામાં (વિશે) શયતાન કોઈ વસવસો (ખરાબ ખ્યાલાત અથવા શક) નાખે તો આ આયતને (સૂરએ હદીદની ત્રીજી આયત)ને આહિસ્તા (ધીરેથી) પઢી લો. *(ઈબ્ને કસીર)*

૬ : અપાર બખશિશ

હઝરત અબૂ હુરયરહ (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)થી રિવાયત છે કે

અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે : ''જે શખ્સ સૂતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢે, તો તેના સઘળા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. ભલે, તે ગુનાહ દરિયાનાં ફીણ જેટલા (વધુ) હોય !''

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્‌દહૂ લા શરી-ક લહૂ, લહુલ્ મુલ્કુ, વ લહુલ્ હમ્દુ, વ હુ-વ અલા કુલ્લિ શયઈન કદીર. લા હવ્લ, વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ. સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ, વ લા ઈલા-હ, ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.

અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી, તે એકલો જ છે, તેનો કોઈ ભાગીદાર નથી. તેના જ માટે સલ્તનત છે અને તેના જ માટે તારીફ છે અને તે દરેક ચીજ (કરવા) શકિતમાન છે. ઉચ્ચ અને મહાન અલ્લાહ તઆલાની તવફીક વગર ન તો ગુનાહથી બચવાની તાકાત છે અને ન તો નેકી કરવાની શકિત. અલ્લાહની ઝાત પાક છે અને તમામ તારીફ અલ્લાહ તઆલા માટે છે અને અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી અને અલ્લાહ તઆલા સૌથી મહાન છે. *(નસાઈ–ઈબ્ને હિબ્બાન)*

૭ : ભારેખમ કલિમાત

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : શું હું તમને તે (કલિમાત) ન શિખવાડું, જે (કલિમાત) હઝરત નૂહ (અલયહિસ્સલામ)એ પોતાના પુત્રને શીખવ્યા હતા. (એમણે પોતાના પુત્રને

સંબોધીને ફરમાવ્યું કે) હું તને આ (કલિમાત) પઢવાનો હુકમ કરું છું :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ વ હુ-વ અલા કુલ્લિ શય્ઈન્ કદીર.

(બુખારી—મુસ્લિમ)

—કારણ કે બેશક, જો તમામ આસમાન ત્રાજવાના એક છાબડામાં મૂકવામાં આવે (અને બીજા છાબડામાં આ કલિમાતને મૂકવામાં આવે) તો આ કલિમાતવાળું છાબડું ઝુકી—નમી જાય અને જો (સઘળા આકાશ) એક બંધ કુંડાળું બની જાય તો આ (કલિમાત) એને તોડી—ફોડી નાખે.

—અને (હે પુત્ર !) હું તને **"સુબ્હાનલ્લાહિ વ બિ-હમ્દિહી"** પઢવાનો હુકમ આપું છું, કારણ કે બેશક, તે સમગ્ર મખ્લૂકની દુઆ છે અને મખ્લૂકની તસ્બીહ છે અને એના દ્વારા જ મખ્લૂકને રોઝી આપવામાં આવે છે.

(ઈબ્ને અબી શયબહ—કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૭૧)

૮ : બીમારીમાં તંદુરસ્તીના સમયના આ'માલનો સવાબ

હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જ્યારે બંદો બીમાર પડે અથવા સફરે જાય અને આ બીમારી યા સફરના કારણે પોતાની ઈબાદત વગેરેના મા'મૂલાત પૂરા કરવાથી મજબૂર થઈ જાય તો અલ્લાહ તઆલાને ત્યાં એના આ'માલ એ જ પ્રમાણે લખવામાં આવે છે, જે પ્રમાણે તે તંદુરસ્તી કે સ્વાસ્થ્યની હાલતમાં અને ઈકામતના જમાનામાં કરતો રહેતો હતો. *(બુખારી—મઆરિફુલ હદીષ)*

બીમારીની હાલતમાં પઢવાની દુઆ :

જે માણસ બીમારીની હાલતમાં નીચેની દુઆ ચાળીસ વખત પઢશે તો જો

તે મૃત્યુ પામશે તો તેને શહીદ જેટલો સવાબ મળશે અને જો સારો–તંદુરસ્ત થઇ જશે તો તેના તમામ ગુનાહ માફ કરી દેવાશે :

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ۝٨٧

(الانبياء٢١:٨٧)

લા ઇલા–હ ઇલ્લા અન્ત સુબ્હાન–ક ઇન્ની કુન્તુ મિનઝ્ ઝાલિમીન.

અને જો બીમારીની હાલતમાં નીચે ટાંકેલી દુઆ પઢશે અને વફાત પામશે તો એને દોઝખની આગ લાગશે નહિ :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَللّٰهُ اَكْبَرُ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

લા ઇલા–હ ઇલ્લલ્લાહુ અલ્લાહુ અકબર, લા ઇલા–હ ઇલ્લલ્લાહુ વહ્દહુ લા શરી–ક લહુ, લા ઇલા–હ ઇલ્લલ્લાહુ લહુલ્ મુલ્કુ વ લહુલ્ હમ્દુ, લા ઇલા–હ ઇલ્લલ્લાહુ વલા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ. *(તિરમિઝી, નસાઇ, ઇબ્ને માજહ)*

૯ : ચાર બીમારીઓથી હિફાઝત

આજકાલ અસંખ્ય બીમારીઓ ફેલાયેલી છે. અનેક અસાધ્ય–જીવલેણ બીમારીઓનો ઉપદ્રવ વધતો જ જાય છે. હૉસ્પિટલો અને દવાખાનાઓની સરખામણીમાં બીમારીઓનું પ્રમાણ વધતું જાય છે. જે બીમારીઓનું કદી નામ સુદ્ધાં સાંભળ્યું ન હતું, તે આજે વ્યાપકરૂપે જોવા મળે છે. હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ચાર ભયંકર બીમારીઓથી હિફાઝતનો બહુ આસાન ઉપાય બયાન ફરમાવ્યો છે. વાંચો અને એના પર અમલ કરો !

હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : (હે કબીસહ !) જ્યારે તમે ફજરની નમાઝ પઢી ચૂકો તો ફજરની નમાઝ પછી ત્રણ વખત (આ કલિમાત) પઢયા કરો :

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

સુબ્હાનલ્લાહિલ્ અઝીમિ વ બિહમ્દિહી, વલા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ.

(જો તમે આ કલિમાત પઢતા રહેશો તો) અલ્લાહ તઆલા તમને ચાર બીમારીઓથી મહફૂઝ રાખશે : રક્તપિત્ત, પાગલપન, આંધળાપણું અને લકવા.

(અમલુલ યવ્મ વલ્લયલહ)

૧૦ : બેમિસાલ કલિમાત

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહના કોઇ બંદાએ નીચે દર્શાવેલાં કલિમાત પઢયાં તો બે ફરિશ્તાઓ માટે મુશ્કેલ થઇ પડયું કે એમને કેવી રીતે લખે (અર્થાત્ એમનો અજર–સવાબ કેટલો લખે). આ બંને ફરિશ્તા આસમાન પર ચઢયા અને એમણે દરબારે ખુદાવંદીમાં અરજ કરી : હે અમારા પરવરદિગાર ! તારા બંદાએ એવાં કલિમાત કહ્યાં છે કે અમારી સમજમાં નથી આવતું કે એમને કેવી રીતે લખીએ ? ! અલ્લાહ તઆલા બંદાએ કહેલાં કલિમાત જાણતો હોવા છતાં (ફરિશ્તાઓને) પૂછે છે કે મારા બંદાએ કયા કલિમાત કહ્યાં છે ? ફરિશ્તાઓ કલિમાતને દોહરાવે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ કલિમાતને મારા બંદાએ જેવી રીતે કહ્યાં છે, એવી જ રીતે લખી લો. મારી મુલાકાત પર હું જ એને આ કલિમાતનો બદલો અર્પણ કરીશ. (તે કલિમાત આ પ્રમાણે છે) :

يَا رَبِّ لَكَ الْحَمْدُ كَمَا يَنْبَغِيْ لِجَلَالِ
وَجْهِكَ وَعَظِيْمِ سُلْطَانِكَ ط

યા રબ્બિ લકલ્ હમ્દુ કમા યમ્બગી લિ-જલાલિ વજ્હિ-ક વ અઝીમિ સુલ્તાનિક.

અર્થ : હે મારા પરવરદિગાર ! તારા જ માટે સર્વ પ્રકારની તારીફ છે, જેવી કે તારા ચહેરાના જલાલને અને તારી મહાન સલતનતને અનુરૂપ છે.

(ઈબ્ને માજહ)

૧૧ : મૂલ્યવાન પાંચ કલિમાત

અલ્લાહના પ્યારા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત અલી (ક. વ.)ને ફરમાવ્યું કે (હે અલી રદિ !) તમને પાંચ હજાર બકરીઓ આપું યા પાંચ કલિમાત બતાવી દઉં, જેમાં તમારા માટે દુનિયા અને આખિરતની સફળતા છે ? હઝરત અલી (ક. વ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! પાંચ હજાર બકરીઓ તો (દુન્યવી દૃષ્ટિએ) ઘણી વધુ છે; પરંતુ મને તો પેલા પાંચ કલિમાત જ બતાવી દો (જે દુનિયા અને આખિરતની કામિયાબીનું નિમિત્ત છે). હઝરત અલી (ક.વ.)ની વિનંતી પર હુઝૂરે અકદસ (સલ.)એ આ દુઆ બતાવી :

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ ذَنْبِيْ وَوَسِّعْ لِيْ خُلُقِيْ
وَطَيِّبْ لِيْ كَسْبِيْ وَقَنِّعْنِيْ بِمَا رَزَقْتَنِيْ
وَلَا تُذْهِبْ قَلْبِيْ اِلٰى شَيْءٍ صَرَّفْتَهٗ عَنِّيْ ط

અલ્લાહુમ્મગ્ફિર્ લી ઝમ્બી, વ વસ્સિઅ્ લી ખુલુકી, વ તય્યિબ્ લી કસ્બી, વ કન્નિઅ્ની બિમા રઝક્તની, વલા તુઝ્હિબ્ કલ્બી ઈલા શયઈન્ સરફ્તહૂ અન્ની.

અર્થ : હે અલ્લાહ ! મારા ગુનાહોને માફ ફરમાવી દે અને મારા અખ્લાકને વિશાળ ફરમાવી દે અને મારી કમાઈને પાક ફરમાવી દે અને જે રોઝી તું મને અર્પણ કરે, તેના પર મને કનાઅત (પરિતુષ્ટિ–સંતોષ) નસીબ ફરમાવ અને

જે ચીજને તું મારાથી હટાવી લે તો પછી મારા દિલમાં એની તલબ અને રુચિ બાકી ન રાખ. *(ઈબ્નુન્નજ્જાર, કન્ઝુલ ઉમ્માલ : ૨/૬૮૨)*

૧૨ : દસ (૧૦) સૂરતો દસ (૧૦) વસ્તુઓથી બચાવે છે

- ★ સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ) અલ્લાહના ગઝબથી બચાવે છે.
- ★ સૂરએ યાસીન શરીફ કિયામતના દિવસે તરસ્યા રહેવાથી બચાવશે.
- ★ સૂરએ દુખાન કિયામતની ભયંકરતાથી બચાવે છે.
- ★ સૂરએ વાકિઅહ ફક્ર અને ફાકાથી બચાવે છે.
- ★ સૂરએ મુલ્ક કબરના અઝાબથી બચાવે છે.
- ★ સૂરએ કૌષર દુશ્મનોની દુશ્મનીથી બચાવે છે.
- ★ સૂરએ કાફિરૂન મૌત વખતે કુફ્રથી બચાવે છે.
- ★ સૂરએ ઈખ્લાસ (કુલ હુ–વલ્લાહ) મુનાફકતથી બચાવે છે.
- ★ સૂરએ ફલક ઈર્ષાળુઓની ઈર્ષાથી બચાવે છે.
- ★ સૂરએ નાસ વસવસાઓથી બચાવે છે. *(રૂહુલ મઆની)*

૧૩ : નૂરે અઝીમની પ્રાપ્તિ

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહના દિવસે મારા પર સો (૧૦૦) વખત દુરૂદ શરીફ પઢે છે તો એ માણસ કિયામતના દિવસે એવી હાલતમાં આવશે કે એની સાથે (એક એવું) નૂર હશે કે જો એ નૂરને સમગ્ર મખ્લૂક પર વહેંચી દેવામાં આવે તો એ નૂર એમના સૌના માટે (અર્થાત્ આખી મખ્લૂક માટે) કાફી થઇ પડશે. *(કન્ઝુલ ઉમ્માલ : ૨/૫૦૭)*

૧૪ : ગરીબના હકો

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે :

''જેણે મારી મખ્લૂકમાંથી કોઇ એવા કમજોર–નબળાની સાથે ભલાઇ

કરી જેનો કિફાયત કરનારો (કફાલત અર્થાત્ ભરણપોષણ કરનારો) કોઈ ન હતો તો એવા બંદાની કિફાયત અને કફાલતનો હું જામીન છું.'' *(ખતીબ)*

૧૫ : ભાઈની દુઆએ ગાઈબાનહ

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવતા હતા કે,

''મર્દ મુસલમાનની તે દુઆ જે તે પોતાના ભાઈના માટે ગાઈબાનહ કરે છે, જરૂર કબૂલ થાય છે. એના પર એક ફરિશ્તો મુકર્રર હોય છે, જ્યારે તે પોતાના ભાઈના માટે દુઆએ ખૈર કરે છે, ત્યારે ફરિશ્તો તેના પર ''આમીન'' કહે છે અને આ પ્રમાણે કહે છે : **"વ લક મિસ્લુ ઝાલિક."**

(અલ અદબુલ મુફરદ)

૧૬ : હદીસ પઢવાની બરકત

''ફવાઈદુલ ફુવાદ''માં હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા (રહ.)એ સહીહ હદીસની ફઝીલત બયાન કરતાં લખ્યું છે કે એકવાર મવલાના રઝીયુદ્દીન નિશાપુરી (રહમતુલ્લાહ) બીમાર થઈ ગયા. બીમારી લંબાઈ. આપ હઝરતની પડોશે એક જાણકાર માણસ રહેતો હતો. તે આપ હઝરતની ખબર પૂછવા આવ્યો, એ વખતે મવલાના સાહબની હાલત ખરાબ હતી. તે દાનિશમંદ માણસ આપના સિરાણે યાને માથા તરફ બેસી ગયો અને આ હદીસ શરીફ પઢી :

કાલન્નબિય્યુ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્ગીબતુ અશદ્દુ મિનઝ્ઝિના.

મવલાના રઝીયુદ્દીન પર જો કે બીમારીની ભારે અસર હતી, છતાં કંઈક સ્વસ્થ થઈને આપ હઝરતે પેલા દાનિશમંદને કહ્યું :

''આ હદીસ અત્યારે પઢવાનો શો મોકો અને પ્રસંગ છે ? અત્યારે ન તો ઝિનાની કશી ચર્ચા થઈ રહી છે, ન તો ગીબત કે પરનિંદાની કશી વાત હમણાં ચાલે છે. આ હદીસ અત્યારે પઢવાનું કારણ તમે શું બતાવો છો ?''

તે દાનિશમંદે જણાવ્યું કે મારી સામે અત્યારે આપે જણાવ્યું તેવું કોઈ કારણ નથી પણ મેં એવું સાંભળ્યું છે કે, જો બીમારને સિરાણે પયગમ્બર

(સલ.)ની સહીહ હદીસોમાંથી કોઈ હદીસ પઢવામાં આવે તો ઈન્શા અલ્લાહ બીમાર શખ્સ સાજો થાય છે. આ હદીસ શરીફ મુતવાતિર સતત રીતે બયાન થયેલી અને સહીહ છે અને આપ તંદુરસ્ત થાવ એવી નિય્યતે મેં આ હદીસ શરીફ પઢી છે.

મવલાના રઝીયુદ્દીન (રહ.) આ સાંભળી ખામોશ થઈ ગયા. અલ્લાહ પાકે પોતાના ફઝલથી તેમને થોડાક જ વખતમાં તંદુરસ્તી આપી.

૧૭ : મૌત પર સબર અને તેનો અજર

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે : ''જ્યારે હું કોઈ ઈમાનવાળા બંદા (કે બંદી)ના કોઈ પ્યારા–વહાલાને ઉઠાવી લઉં, પછી તે સવાબની ઉમ્મીદથી સબર કરે તો મારી પાસે તેના માટે જન્નતના સિવાય કોઈ બદલો (વળતર) નથી.''

(સહીહ બુખારી, મઆરિફુલ હદીસ)

૧૮ : નફલ નમાઝ કરતાં વધુ અફઝલ કામ

ફકીહ અબુલ્લૈસ સમરકંદી (રહ.) પોતાના વાલિદની સનદથી હઝરત અનસ (રદિ.)થી રિવાયત કરે છે કે :

આપ (રદિ.)એ અરજ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! હું એક રોટી સદકો કરું એ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને વધારે પસંદ છે કે પછી સો રકાત નફલ નમાઝ અદા કરું એ વધારે પસંદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે એક રોટી સદકામાં આપો એ સો રકાત નફલ નમાઝ પઢવા કરતાં બેહતર છે. આ પછી પૂછયું કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! એક મુસ્લિમની હાજત રવાઇ– જરૂરિયાત પૂરી કરવી એ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને વધુ પસંદ છે કે પછી સો (૧૦૦) રકાત નફલ નમાઝ પઢું એ વધુ પસંદ છે ? ફરમાવ્યું કે એક મુસલમાનની હાજત પૂરી કરો એ સો (૧૦૦) રકાત નફલ નમાઝ પઢો

એના કરતાં મને વધુ મહબૂબ છે.

આ પછી મેં અરજ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! હરામનો એક લુકમો–કોળિયો ખાવાનું છોડી દઉં એ વધુ ગમે છે કે પછી એક હજાર (૧,૦૦૦) રકાત નફલ નમાઝ પઢું એ વધુ ગમે છે ? ફરમાવ્યું કે હા, તમો હરામનો એક લુકમો ખાવાનું છોડી દો એ બે હજાર (૨,૦૦૦) રકાત નફલ નમાઝ પઢો એના કરતાંયે મને વધુ ગમે છે.

ફરી મેં પૂછયું કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! એક ગીબત છોડી દેવી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને વધુ પસંદ છે કે પછી બે હજાર (૨,૦૦૦) રકાત નફલ નમાઝ અદા કરું એ વધુ પસંદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તમો એક ગીબત કરવાનું માંડી વાળો એ તમે દસ હજાર (૧૦,૦૦૦) રકાત નફલ નમાઝ પઢો એના કરતાં મને વધુ પસંદ છે.

આગળ મેં સવાલ કર્યો કે એક બેવા–વિધવાની જરૂરત પૂરી કરવી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને વધુ પસંદ છે કે પછી દસ હજાર (૧૦,૦૦૦) રકાત નમાઝ અદા કરવી એ વધુ પસંદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જવાબ આપ્યો કે તમો ત્રીસ હજાર (૩૦,૦૦૦) રકાત નફલ અદા કરો એના કરતાંયે આ કામ મને વધુ પસંદ છે.

આગળ મેં સવાલ કર્યો કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ઘરમાં હું બાળ–બચ્ચાંઓ સાથે બેસું (નવરાશના સમયમાં) કે પછી મસ્જિદમાં જઈ બેસું એ વધુ પસંદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે ઘડીભર પોતાના બચ્ચાંઓ વચ્ચે (દિલ ખુશ કરવા ખાતર) બેસવું એ મને મારી આ મસ્જિદ (મસ્જિદે નબવી)માં એ'તિકાફ કરવા બેસો એના કરતાં વધુ પસંદ છે. આ પછી (આ સવાલના અનુસંધાનમાં) મેં પૂછયું કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ફરમાવો કે બાળ–બચ્ચાં પાછળ ખર્ચ કરવો એ વધુ પસંદ છે કે પછી ફી સબીલિલ્લાહ ખર્ચ કરું એ વધુ પસંદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે કોઇ પોતાના બાળ–બચ્ચાંઓ ઉપર એક દિરહમ ખર્ચ કરે એ અલ્લાહના રસ્તામાં એક હજાર (૧,૦૦૦) દિરહમ ખર્ચ કરે એનાં કરતાં મને વધુ પસંદ છે.

છેલ્લે મેં અરજ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! માં–બાપની ઇતાઅત–તાબેદારી કરવામાં આવે એ વધુ ઉત્તમ છે કે પછી એક હજાર વરસ સુધી ઈબાદત કરવામાં આવે એ વધુ ઉત્તમ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હે અનસ (રદિ.) ! સાંભળો હવે હક–સત્ય આવી ગયું અને બાતિલ–જૂઠ દૂર થયું. માં–બાપની ઇતાઅત એ વીસ લાખ (૨૦,૦૦,૦૦૦) વરસની ઈબાદતથી પણ વધીને છે !

(રિસાલા વસિય્યતુલ ઈરફાન, ઓગષ્ટ–૮૭)

● ● ●

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ
صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ
مُحَمَّدٍ کَمَا صَلَّیْتَ عَلٰٓی اِبْرَاهِیْمَ
وَعَلٰٓی اٰلِ اِبْرَاهِیْمَ اِنَّکَ حَمِیْدٌ
مَّجِیْدٌ ط اَللّٰهُمَّ بَارِکْ عَلٰی مُحَمَّدٍ
وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ کَمَا بَارَکْتَ عَلٰٓی
اِبْرَاهِیْمَ وَعَلٰٓی اٰلِ اِبْرَاهِیْمَ
اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط

✪ પ્રકરણ–૨૩ ✪

જન્નતી આ'માલ

(૧) જે માણસનું મૌત એવી હાલતમાં આવે કે તેનો અકીદો એવો હોય કે અલ્લાહ તઆલા સિવાય બીજું કોઇ પણ ઈબાદતને લાયક નથી અને હઝરત મુહમ્મદ (સલ.) અલ્લાહ તઆલાના બંદા અને રસૂલ છે તો તે માણસ જન્નતમાં દાખલ થશે.

(૨) જે માણસ એવી ગવાહી આપે કે અલ્લાહ તઆલા સિવાય બીજું કોઈ પણ ઈબાદતને લાયક નથી, અને હઝરત મુહમ્મદ (સલ.) અલ્લાહ તઆલાના રસૂલ છે, તો એવા માણસ ઉપર સદા માટે દોઝખનો અઝાબ હરામ છે.

(૩) અઝાનનો જવાબ આપનાર જન્નતમાં દાખલ થશે.

(૪) અઝાન આપવાનો અમલ જન્નતમાં દાખલ કરાવનાર અમલ છે.

(૫) અલ્લાહ તઆલાને રાજી કરવા માટે મસ્જિદ બનાવનારનું જન્નતમાં ઘર બનશે.

ખુલાસો : મારા ભાઇઓ ! ઉપરની હદીસથી એ વાત સાબિત થાય છે કે ઇન્શાઅલ્લાહ મસ્જિદ બનાવનારનો ખાતિમા ઈમાનની સાથે થશે, કારણ કે જન્નતમાં તો તેનું જ ઘર બનશે, ઇન્શાઅલ્લાહ જે દુન્યાથી ઈમાનની હાલતમાં મૃત્યુ પામ્યો હશે. માટે મારા ભાઈઓ ! કોશિશ કરો. વધુ ને વધુ માલ–દૌલત મસ્જિદો પાછળ ખર્ચ કરો.

(૬) ચોવીસ કલાકમાં ફર્ઝ નમાઝો સિવાય બીજી બાર રકાતો પઢનાર માટે જન્નતમાં ઘર તૈયાર થાય છે.

ફજર પહેલાં ૨ સુન્નતો
ઝોહર પહેલાં ૪ સુન્નતો
ઝોહર પછી ૨ સુન્નતો
મગરિબ પછી ૨ સુન્નતો
ઈશા પછી ૨ સુન્નતો

(૭) સખાવત કરનાર અલ્લાહ તઆલાથી અને જન્નતથી નજીક છે.

(૮) ગરીબોને ખવડાવનાર જન્નતમાં એવા બાલાખાનાઓ (અટારીઓ)માં રહેશે, જેમાંથી આરપાર દેખાય છે.

(૯) સદકએ–ફિત્ર રોઝહદારની દરેક પ્રકારની કમઝોરીઓનો કફ્ફારો બને છે.

(૧૦) ઈદની નમાઝ પહેલાં સદકએ–ફિત્ર અદા કરવાથી મકબૂલ (કબૂલ) થઈ ચૂકેલી ઝકાતના બરાબર સવાબ મળે છે.

(૧૧) જે માણસે પાક કમાણી પર જીવન બસર કર્યું, સુન્નતો પર અમલ કર્યો અને લોકોને પોતાની શરારતોથી બચાવ્યાં તે માણસ જન્નતી છે.

(૧૨) બહેનોની સારી રીતે પરવરિશ કરનાર માણસ જન્નતમાં દાખલ થશે.

(૧૩) બે છોકરીઓની સારી રીતે પરવરિશ કરનાર માણસને જન્નતમાં હુઝૂર (સલ.)નો સહવાસ નસીબ થશે.

(૧૪) પુત્રીઓ પર પુત્રોને સરસાઈ ન આપનાર માણસને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ ફરમાવશે.

(૧૫) છોકરા–છોકરીઓ સાથે એકસરખો વર્તાવ રાખનાર માણસને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ ફરમાવશે.

(૧૬) બે બચ્ચાંઓનાં મૌત પર સબર કરનાર માં–બાપને જન્નતમાં દાખલ કરવામાં આવશે.

(૧૭) એક બચ્ચાના મૌત પર સબર કરનાર માં–બાપને જન્નતમાં દાખલ કરવામાં આવશે.

(૧૮) સાચા દિલથી કલિમ–એ–શહાદત પઢનારના ગુનાહોનાં નવ્વાણું (૯૯) દફતરો ભરેલા હોય તો પણ કલિમ–એ–શહાદતના વજનથી તેની બખશિશ થઈ જશે.

(૧૯) ઈન્સાફ કરનાર જન્નતી છે.

(૨૦) કમઝોર પર નરમી કરનારને અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ ફરમાવશે. *(જન્નતી આ'માલ અને દોઝખી આ'માલ, પ્રકાશન નં. ૧૧૬)*

✪ પ્રકરણ–૨૪ ✪

બિદઅતો

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ.)એ ફરમાવ્યું :

ઈબ્લીસે કહ્યું : "ગુનાહો કરાવતાં મેં આદમીઓની કમરો તોડી નાંખી અને તૌબા કરી કરીને તેઓએ મારી કમર તોડી નાંખી. જ્યારે મેં આ મુસીબત જોઈ તો તેઓને બિદઅતોમાં ફસાવી દીધા કે જેથી તેઓ એમ જ સમજતા રહે કે તેઓ બહુ સારાં કામો કરી રહ્યાં છે. એટલે તેઓ તૌબા જ કરવા ન પામે. *(અત્તરગીબ વ ત્તરહીબ, જિ. ૧, પેજ ૮૭)*

ખુલાસો : આ હદીસથી બિદઅત ઘડી કાઢવાનો ભેદ ખુલી ગયો અને જે હદીસોમાં એવું આવ્યું છે કે બિદઅતીની તૌબા કબૂલ થતી નથી, જ્યાં સુધી કે તે પોતાની બિદઅતથી તૌબા નહિ કરે. તેનું એક કારણ એ પણ નીકળી આવ્યું કે બિદઅતી જ્યારે પોતાની બિદઅતને સુન્નત અને નેકી સમજે છે તો તેનાથી તૌબા જ નથી કરતો, અગર તૌબા કરત તો કબૂલ થાત.

(૧) દીનમાં જે વાતનું અસ્તિત્વ ન હોય એવી કોઇ નવી વાત પોતાના તરફથી દીનમાં દાખલ કરવી એ મરદૂદ છે.

(૨) બિદઅતી મુસલમાનનાં રોઝા કબૂલ થતા નથી.

(૩) બિદઅતી મુસલમાનની નમાઝ કબૂલ થતી નથી.

(૪) બિદઅતી મુસલમાનની હજ્જ કબૂલ થતી નથી.

(૫) બિદઅતી મુસલમાનની નફલો કબૂલ થતી નથી.

(૬) બિદઅતી મુસલમાનનાં ફર્ઝો કબૂલ થતાં નથી.

(૭) બિદઅતી મુસલમાન ઈસ્લામથી એવો નીકળી જાય છે જેવી રીતે કે આટામાંથી વાળને કાઢીને બહાર ફેંકી દેવામાં આવે છે.

(૮) બિદઅત એ ગુમરાહી છે અને દરેક પ્રકારની ગુમરાહીનો અંજામ દોઝખની આગ છે.

(૯) બિદઅતો આચરનાર લોકો સુન્નતોની બરકતોથી મહરૂમ થઈ જાય છે.

(૧૦) બિદઅતો ચાલુ કરનાર લોકોના આ'માલનામામાં તેમણે ચાલુ કરેલી બિદઅતોને અનુસરનાર લોકોના ગુનાહો પણ લખવામાં આવશે.

(૧૧) સૂરએ ઈખ્લાસને ત્રણ વખત પઢવાને જરૂરી સમજવું બિદઅત છે.

(૧૨) નિકાહ પહેલાં ઈમાને મુજમલ અને ઈમાને મુફસ્સલ પઢાવવું બિદઅત છે.

(૧૩) નિકાહ પછી નિકાહ કરનારનો મુસાફહા (હસ્તધૂનન) કરવો બિદઅત છે.

(૧૪) પાંચ વખતની નમાઝો પછી જોરજોરથી કલિમો પઢવો બિદઅત છે.

(૧૫) સદકા–ખૈરાત માટે દિવસો નક્કી કરવા બિદઅત છે.

(૧૬) ફજર, ઝોહર, અસર, મગરિબ, ઈશા, જુમ્અહ, ઈદુલ ફિત્ર અને ઈદુલ અદહાની નમાઝ પઢીને પરસ્પર મુસાફહ હસ્ત–મેળાપ કરવો બિદઅત છે.

(૧૭) ઈમામનું નમાઝોમાં અવાઝથી બિસ્મિલ્લાહ પઢવું બિદઅત છે.

(૧૮) જનાઝાની નમાઝ પઢીને દફનક્રિયા પહેલાં સામૂહિક દુઆ કરવી બિદઅત છે.

(૧૯) જનાઝાની નમાઝ પઢીને ફાતિહા પઢવું બિદઅત છે.

(૨૦) અરબી સિવાય બીજી ભાષામાં ખુત્બો પઢવું બિદઅત છે.

(૨૧) રમઝાન શરીફની છેલ્લી જુમ્અહને બીજી બધી જુમ્અહ કરતાં વધુ મહત્ત્વતા આપવી બિદઅત છે.

(૨૨) ખુત્બો પઢનારે ખુત્બો પઢતી વખતે ડાબી અને જમણી તરફ પોતાનું શરીર ફેરવવું બિદઅત છે.

(૨૩) ઈદુલ ફિત્રના ખુત્બા પછી દુઆ માંગવી બિદઅત છે.

(૨૪) ઈદુલ ફિત્રના ખુત્બા પછી પરસ્પર મુસાફહા કરવો બિદઅત છે.

(૨૯) જનાઝા સાથે ચાલતાં ચાલતાં જોર જોરથી કો
પઢવું બિદઅત છે.

(૩૦) જનાઝા પર પાક ફૂલોની ચાદર મૂકવું બિદઅત

(૩૧) મર્હૂમને દફનાવ્યા પછી તેના ઘરવાળાઅ
કરવો બિદઅત છે.

(૩૨) મર્હૂમોને સવાબ પહોંચાડવા માટે ઝિયારત કર

(૩૩) કિબ્લા તરફ પગ કરવા હરામ તથા મકરૂહે તહ

(૩૪) કુર્આન શરીફને વુઝૂ વગર પકડવું હર
તહરીમી છે.

(૩૫) જનાબતની હાલતમાં કુર્આન શરીફ પઢવું હ
તહરીમી છે.

(૩૬) ગેર મુસ્લિમોની ધાર્મિક ઉજવણીઓમાં શ
તથા મકરૂહે તહરીમી છે.

(૩૭) નશો લાવનારી વસ્તુ ખાવી અથવા પીવી હ
તહરીમી છે.

(૩૮) અલ્લાહ તઆલા સિવાય બીજા કોઇને આલિ
શિર્ક છે.

(૩૯) કિયામતના દિવસનો ઈનકાર કરવો કુફ્ર છે.

(૪૦) મૌત પછી ફરીવાર જીવંત થવાનો ઈનકાર કર

ક પેટ અને હૃદયના ઑપરેશનથી જઠરમાં કોઇ ચીજ ન જાય
ચીજ જશે તો રોઝો તૂટી જશે).

: રોઝાની હાલતમાં કોઇ એવા અવયવની પ્લાસ્ટિક સર્જરી
યાં દિમાગ યા જઠર સુધી દવા પહોંચવાનો માર્ગ હોય, તો જો
નું ઑપરેશન હોય તો રોઝો તૂટશે નહિ અને જો કાન, આંખ,
ર્જરી કરવામાં આવે અને દવા નાખવામાં ન આવે તો રોઝો
ો દવા નાખવામાં આવે તો રોઝો તૂટી જશે.

: જો પેટમાં જઠરના ઑપરેશન દરમિયાન કોઇ અવયવને
નાખવામાં–રોપવામાં આવે તો રોઝો તૂટી જશે.

: ખૂનની નળી યા નસમાં ચરબી બાઝી જાય તો એવી
તા ઑપરેશનથી રોઝો તૂટશે નહિ. એ જ પ્રમાણે ખૂનની
કારના ઑપરેશનથી રોઝો તૂટશે નહિ.

: જો કોઇ સ્ત્રી હૈઝરોધક (હૈઝને અટકાવનારી) દવાનો
એનાથી કશું નુકસાન ન થાય તો એવી દવાના ઉપયોગમાં
જો સ્વાસ્થ્ય–તંદુરસ્તી માટે દવાઓ હાનિકારક હોય તો
ે.

: એન્ડોસ્કોપી (ENDOSCOPY) દ્વારા તપાસ કે
થી રોઝો તૂટતો નથી. એન્ડોસ્કોપી એક પાતળી નળી હોય
ાર્ગે દાખલ કર્યા પછી નિરીક્ષણ કરવામાં આવે છે.

યુંગમ ખાવાથી રોઝો તૂટી જાય છે.

(૪૧) કુર્આન શરીફનું અપમાન કરવું કુફ્ર છે.

(૪૨) હરામ જાનવરોને હલાલ સમજવા કુફ્ર છે.

(૪૩) હરામ વસ્તુઓને હલાલ સમજવી કુફ્ર છે.

(૪૪) "મુસ્લિમો કરતાં ગેર મુસ્લિમો સારા છે" એમ કહેવામાં કુફ્રનો ભય છે.

(૪૫) પોતાની અવરત સાથે હૈઝ (રક્તસ્ત્રાવ)ની હાલતમાં હમબિસ્તર થવું–સંભોગ કરવો હરામ તથા મકરૂહે તહરીમી છે.

(ઈસ્લામી અરકાન, પ્રકાશન નં. ૪૪, જન્નતી આ'માલ અને દોઝખી આ'માલ, પ્રકાશન નં. ૧૧૬)

નમ્ર વિનંતી : મારા ભાઈઓ અને બહેનો ! ઉપરના બદકૃત્યોથી પોતે પણ ખૂબ બચો અને બીજાને પણ બચાવો. બિદઅતીના નેક અમલો, નેકીઓ, સવાબનાં કામો કબૂલ થતાં જ નથી. બીજું, જહન્નમનો હકદાર થઈ જાય છે. આનાથી મોટું બીજું શું નુકસાન હોઈ શકે ? અલ્લાહ પાક તમામ પ્રકારની બિદઅતોથી અને હરામ કાર્યોથી બચવાની તૌફીક અતા ફરમાવે અને ચીવટાઈથી સુન્નતો પર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે, આમીન !

● ● ●

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

● ● ●

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْاَ السَّمٰوٰتِ
وَمِلْاَ الْاَرْضِ وَمِلْاَ الْعَرْشِ الْعَظِيْمِ ط

✪ પ્રકરણ–૨૫ ✪

આધુનિક મસાઈલ

મસ્અલહ : વર્તમાન યુગમાં તકવીમ (નમાઝોનું સમયપત્રક)ની બુનિયાદ ખગોળશાસ્ત્ર (Astronomy) પર રહે છે, એ કારણે અવકાતે સલાતમાં તકવીમની રિઆયત કરવામાં કશો વાંધો નથી. હા, જો બીજાં માધ્યમો દ્વારા સમયની જાણકારી મળી જાય તો પછી તકવીમને ઝન્ને ગાલિબ (ગાલિબ ગુમાન)ની બુનિયાદ પર ત્યજી દેવામાં આવશે.

મસ્અલહ : શરીઅતે કિબ્લાની દિશા નિયુક્ત કરવામાં બહુ સહૂલતથી કામ લીધું છે કે અગર કોઇપણ રીતે ઇન્સાનને કિબ્લાની દિશાનો ગાલિબ ગુમાન પ્રાપ્ત થઇ જાય તો તેણે એ જ દિશાને કિબ્લહ માનીને નમાઝ અદા કરી લેવી જોઇએ. કિબ્લા–નુમા (હોકાયંત્ર)થી પણ ગાલિબ ગુમાન પ્રાપ્ત થાય છે, એ કારણે કિબ્લા–નુમા દ્વારા કિબ્લાની દિશા નિયુક્ત કરવી જાઇઝ છે.

મસ્અલહ : ટ્રેન અને બસમાં નમાઝના આરંભમાં અને નમાઝના દરમિયાનમાં કિબ્લા તરફ મુખ કરવું જરૂરી છે, કારણ કે આ બન્ને સંજોગોમાં જો કિબ્લા તરફથી મુખ ફરી જાય તો કિબ્લહને દુરુસ્ત કરવું સંભવિત છે. એ જ કારણે જો નમાઝ શરૂ કરતી વખતે કિબ્લહ ટ્રેનની ડાબી રુખ પર હોય અને પછી રુખ બદલાય જાય તો મુસલ્લીએ પણ પોતાનું રુખ–મુખ બદલી લેવું જોઇએ.

મસ્અલહ : વિમાનમાં કિબ્લા–રુખ થઇને નમાઝ પઢવામાં કશો બાધ નથી; બલકે જેવી રીતે વહાણમાં નમાઝ થઇ જાય છે, એવી રીતે વિમાનમાં પણ નમાઝ અદા થઇ જશે.

મસ્અલહ : સ્ટીમરમાં નમાઝ પઢવાનો તે જ અહકામ છે, જે વહાણમાં નમાઝ પઢવાના છે. જો વહાણ દરિયાકાંઠે લાંગરેલું હોય અને ઊભા રહીને નમાઝ પઢવું સંભવિત હોય તો ઊભા રહીને નમાઝ પઢે. જો ઊભા રહીને નમાઝ પઢવું અશકય હોય અને બહાર નીકળવું પણ અસંભવિત હોય તો બેસીને નમાઝ પઢી લે. જો કિયામની હાલતમાં માથું ચકરાવા લાગે તો બેસીને નમાઝ પઢે. જો

ચાલતા વહાણમાં કિયામ (ઊભા ઊભા નમાઝ પઢવું) સંભવિત હોય તો ઊભા ઊભા નમાઝ પઢે, નહિતર બેસીને નમાઝ પઢે. કિબ્લાની દિશા તરફ મુખ કરવું દરેક હાલતમાં જરૂરી છે.

મસ્અલહ : દરેક એવી ચીજ પર સિજદહ કરવો જાઇઝ છે, જેના પર નાક અને પેશાની ટકી શકે. જો કોઇ ચીજ પર નાક અને પેશાની ટકી ન શકે તો એવી ચીજ પર સિજદહ કરવો જાઇઝ નથી. સ્પંચના ગાદલા પર સિજદહ જાઇઝ લેખાશે નહિ, કારણ કે એના પર માથું ટકતું જ નથી (માથું એમાં ઘૂસી જાય છે). જો સ્પંચના ગાદલા પર પણ એવી રીતે બિછાણું પાથર્યું હોય કે તેના પર નાક અને પેશાની ટકી જાય છે તો સિજદહ જાઇઝ લેખાશે, નહિતર જાઇઝ લેખાશે નહિ. એ જ રીતે રૂ ના ગાદલા પર યા બીજી કોઇપણ (પોચી–નરમ) ચીજ પર સિજદહ કરવાનો આ જ હુકમ લેખાશે.

મસ્અલહ : જો એક જ માણસ અનેક સ્થળોની અઝાન સાંભળે તો જો અઝાનો આગળ–પાછળ થાય તો માત્ર પહેલી અઝાનનો જવાબ આપવો મુસ્તહબ છે, ચાહે તે કોઇપણ મસ્જિદની અઝાન હોય. જો એક સાથે અનેક અઝાનોનો અવાજ પરસ્પર ટકરાય તો માત્ર પોતાની મસ્જિદની અઝાનનો જવાબ દેવો જોઇએ.

મસ્અલહ : નમાઝમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ જાઇઝ છે, પરંતુ અકારણ અને જરૂરત વગર એનો ઉપયોગ કરવો જોઇએ નહિ. દા. ત. મસ્જિદ નાની હોય તો પછી એને ઉપયોગવાની જરૂર નથી.

મસ્અલહ : ટેલિવિઝનથી નમાઝ પઢવી (અર્થાત્ ટેલિવિઝનમાં નિહાળીને ઇમામની ઇક્તિદા કરવી) બિલકુલ જાઇઝ નથી.

મસ્અલહ : ટેપ રેકર્ડરથી ઇમામત અને અઝાન દુરુસ્ત નથી (અર્થાત્ ટેપ રેકર્ડરનો અવાજ સાંભળીને ઇમામની ઇક્તિદા કરવી જાઇઝ નથી અને અઝાનના હેતુસર એને માઇક સામે મૂકવી પણ જાઇઝ નથી).

મસ્અલહ : જે માણસની બળજબરીથી અથવા દમનપૂર્વક નસબંદી કરાવી દેવામાં આવી હોય તો એવા માણસની ઇમામત દુરુસ્ત છે. અલબત્ત, કોઇ માણસે પોતાની રાજીખુશીથી નસબંદી કરાવી હોય તો એની ઇમામત મકરૂહ છે, અહિંયા સુધી કે એ તૌબા કરી લે (તો જાઇઝ છે).

મસ્અલહ : નમાઝ દરમિયાન ઘડિયાળમાં જોવું એ નમાઝનો મકસદ નથી. અલબત્ત, જો કોઇ શબ્દ ઉચ્ચાર્યો તો નમાઝ ફાસિદ થઇ જશે; પરંતુ નમાઝમાં ઘડિયાળ જોવાનું આ કૃત્ય મકરૂહ જરૂર છે. એ કારણે ખુશૂઅ (ધ્યાનમગ્નતા) માટે અવરોધરૂપ છે.

મસ્અલહ : તસવીરવાળા કપડાં નમાઝથી બહાર સામાન્ય સંજોગોમાં પહેરવા પણ જાઇઝ નથી, તો પછી નમાઝમાં તો કોઇપણ રીતે જાઇઝ નથી; બલકે હરામ છે.

મસ્અલહ : હવે સામાન્યપણે ટોપી વગર નમાઝ પઢવાનો રિવાજ વધતો જ ચાલ્યો જાય છે; હાલાંકે ટોપી નેક અને પરહેઝગાર લોકોનો લિબાસ ગણાય છે અને હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ બરાબર એનો ઇહતિમામ (પ્રબંધ) ફરમાવ્યો છે. અલબત્ત, એકાદવાર આપ (સલ.)થી ટોપી વગર નમાઝ પઢવાનો જવાઝ યા કોઇ ઉઝરને કારણે ટોપી વગર નમાઝ પઢવું સાબિત છે. ઉઘાડા માથે, ટોપી વગર નમાઝ પઢવું નબવી તરીકાની વિરુદ્ધ જણાય છે, એટલે મકરૂહ જરૂર લેખાશે. અલબત્ત, હરામ અને નાજાઇઝ નથી.

મસ્અલહ : ચાલુ નમાઝે ટોપી માથેથી ગબડી પડે તો જો એવી રીતે પડેલી હોય કે ટોપી આપોઆપ અથવા એક હાથે કોઇ પ્રકારના તકલ્લુફ (પ્રયત્ન) વગર માથે મુકાય જાય તો નમાઝ દરમિયાન જ મૂકી લે, નહિતર (નમાઝમાં) ઉઝર (ઊભું થયું હોવાને) કારણે ટોપી વગર નમાઝ પઢી લેવામાં કશો વાંધો નથી; પરંતુ જો ટોપી ઉપાડવામાં ''અમલે કષીર'' થઇ જશે તો નમાઝ જ ફાસિદ થઇ જશે.

મસ્અલહ : રેલવે માર્ગ અને મોટર માર્ગના અંતર (મસાફત)માં ફરક હોય તો મુસાફિર જે માર્ગે સફર કરશે એ માર્ગનો એ'તિબાર થશે. દા. ત. એક જ શહેર જવાનું છે. સડક માર્ગે તે નજીક પડે છે અર્થાત્ શરઇ મસાફતથી ઓછું અંતર છે અને ટ્રેન માર્ગે દૂર પડે છે. અર્થાત્ શરઇ મસાફત જેટલું અંતર છે યા એનાથી વધુ છે, તો હવે જો એ સડક માર્ગે જશે તો શરઇ મસાફતથી ઓછું અંતર હોવાથી 'કસર' કરશે નહિ; બલકે પૂરી નમાઝ પઢશે અને જો એ વ્યક્તિ ટ્રેન દ્વારા જશે તો શરઇ મસાફતને કારણે 'મુસાફિર' લેખાશે અને 'કસર' કરશે.

મસ્અલહ : જો કોઇ માણસની સાસરી એના વતનથી શરઇ સફરની મસાફત જેટલું દૂર ન હોય તો પૂરી નમાઝ પઢશે અને જો શરઇ સફરની મસાફત જેટલું યા એથી વધુ અંતર હોય તો જો એ માણસ સાસરિયામાં સ્થાયી રૂપે પોતાની પત્ની સાથે રહેવા માંડે તો એ એનું વતને અસલી થઇ જશે અને તે કસર કરશે નહિ, બલકે પૂરી નમાઝ પઢશે. જો તે માણસ સ્થાયી રૂપે–કાયમી ધોરણે પોતાની સાસરીમાં રહેતો ન હોય તો પછી એ એનું વતને ઇકામત લેખાશે. એટલે કે જો તે પંદર દિવસથી ઓછું થોભવાની નિય્યત કરે તો કસર કરશે, નહિંતર પૂરી નમાઝ પઢશે. જો તે માણસ સ્થાયી રૂપે રહેતો નથી, બલકે આવન–જાવન કરે છે અને પત્નીને પણ સ્થાયી રૂપે ત્યાં રાખતો નથી, તો એ સંદર્ભે ઉલમાએ કિરામનાં બે મંતવ્યો છે. અમુકના મતે તે મુકીમ બની જશે અર્થાત્ તે પૂરી નમાઝ પઢશે અને અમુકના મતે તે મુસાફિર રહેશે, જેથી તે કસર કરશે; પરંતુ વધુ પસંદિત અને સાવચેતીભર્યું મંતવ્ય એ છે કે સાસરિયે પણ પૂરી નમાઝ પઢશે, કસર કરશે નહિ.

મસ્અલહ : જો કોઇ માણસ એક દેશથી રોઝા રાખીને વિમાન પર સવાર થયો અને વિમાન બીજા દેશમાં ઊતર્યું ત્યારે ત્યાં ઇફતારનો સમય થઇ ચૂક્યો હતો અને જ્યાંથી સવાર થયો હતો ત્યાં હજુ ઇફતારનો સમય થયો ન હતો તો હવે એ માણસ જે દેશમાં છે તે દેશના સમય અનુસાર રોઝા ઇફતાર કરે. તે દેશના સમય અનુસાર રોઝા ઇફતાર ન કરે, જ્યાંથી તે વિમાનમાં સવાર થયો હતો.

મસ્અલહ : જો કોઇ માણસ એક દેશથી રોઝા રાખીને સવાર થયો અને બીજા દેશમાં પહોંચ્યો તો ત્યાં ઇફતારનો સમય થયો ન હતો અને જ્યાંથી સવાર થયો હતો તે દેશમાં ઇફતારનો સમય થઇ ચૂક્યો હતો, તો હવે એ ઇફતાર ન કરે, જ્યાં સુધી કે એ બીજા દેશમાં ઇફતારનો સમય ન થાય.

મસ્અલહ : રોઝાની હાલતમાં મિસ્વાક કરવું દુરુસ્ત છે; પરંતુ તાજું મિસ્વાક કરવું મકરૂહ છે.

મસ્અલહ : જે વિસ્તારોમાં ૨૦ યા ૨૨ કલાકનો દિવસ હોય તો ત્યાં એટલા લાંબા રોઝા રાખવા પડશે. અલબત્ત, કમઝોર લોકોમાં રોઝા રાખવાની શક્તિ ન હોવાની પરિસ્થિતિમાં એમને રુખ્સત રહેશે કે જ્યારે દિવસ નાના

(ટૂંકા) થઇ જાય ત્યારે કઝા કરી લે. અલબત્ત, જે વિસ્તારમાં એક લાંબી મુદ્દત સુધી દિવસ બાકી રહેતો હોય, દા. ત. છ (૬) મહિના સુધી દિવસ જ દિવસ રહેતો હોય, તો ત્યાં અંદાજા અને અનુમાનથી રોઝા રાખવા પડશે. પડોશી દેશમાં દિવસ જેટલો લાંબો હોય, તેના બરાબર રોઝા રાખે.

મસ્અલહ : રોઝામાં ઈંજેકશન લગાડવાથી અને ગ્લૂકોઝ ચઢાવવાથી રોઝો તૂટતો નથી, ચાહે નસમાં જ કેમ ન હોય. અલબત્ત, ગ્લૂકોઝને જઠર સુધી પહોંચાડવામાં આવે તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : આધુનિક સંશોધનો પછી એવું કહી શકાય છે કે કાનમાં દવા નાખવાથી રોઝો તૂટશે નહિ. અલબત્ત, આંખમાં દવા નાખવામાં આવે અને તે દવા પ્રવાહી હોય તો રોઝો તૂટી જશે. કાનમાં પણ પ્રવાહી દવા ન નાખવી જ બેહતર અને સાવધાનીભર્યું છે.

મસ્અલહ : રોઝામાં બવાસીર (મસા)ના રોગીને પાઇપ દ્વારા દવા અંદર સુધી પહોંચાડવામાં આવે તો રોઝો તૂટી જશે, પરંતુ જો માત્ર બવાસીરની જગ્યાએ અથવા બાહ્ય સ્તરે મલમ લગાડવામાં આવે તો રોઝો તૂટશે નહિ. અલબત્ત, એ છતાંય સાવચેતી રાખવી બેહતર છે.

મસ્અલહ : જો તપાસના હેતુસર જઠરમાં નળી (પાઇપ) નાખવામાં આવે અને તે પોતાની સાથે ગોશ્તનો ટુકડો લઇ આવે તો પણ રોઝો તૂટશે નહિ.

મસ્અલહ : નાકમાં દવા નાખવાથી રોઝો તૂટી જશે.

મસ્અલહ : રોઝાની હાલતમાં બાફ—વરાળ લેવાથી રોઝો તૂટી જશે.

મસ્અલહ : રોઝાની હાલતમાં ઑકિસજન (પ્રાણવાયુ) લેવાથી રોઝો તૂટશે નહિ. અલબત્ત, જો ઑકિસજન સાથે કોઇ દવા પણ ગળામાં ઊતરે તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : રોઝાની હાલતમાં ટૂથ પાવડર યા ટૂથ પેસ્ટ કરવું મકરૂહ છે અને જો ગળામાં એનો સ્વાદ મહસૂસ થાય અને ગળાની નીચે ઊતરી જાય તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : રોઝાની હાલતમાં પાન—તંબાકુ ખાવાથી રોઝો તૂટી જશે અને કફ્ફારહ (પ્રાયશ્ચિત્ત) પણ વાજિબ થશે.

મસ્અલહ : રોઝાની હાલતમાં જો કોઇ બીમારીને કારણે હલાકતનો ભય હોય અથવા કોઇ અવયવ નષ્ટ થઇ જવાનો ભય હોય, તો કોઇ દયાનતદાર મુસ્લિમ ડૉક્ટરના કહેવાથી રુખ્સત આપવામાં આવશે.

મસ્અલહ : જો ઈંજેકશન ગોશ્તમાં લગાડવામાં આવે અને એની અસર ગળામાં મહસૂસ થાય તો રોઝો તૂટશે નહિ.

મસ્અલહ : આયોડેક્સ અને સૂંઘવામાં આવતી કોઇપણ દવાથી રોઝો તૂટતો નથી, એ શરતે કે એ દવાનાં તત્વો ગળામાં ન જાય. એ છતાંય જરૂરત વગર, અકારણ આવી દવા સૂંઘવી જોઇએ નહિ.

મસ્અલહ : કોઇ ઉઝર વગર રોઝાની હાલતમાં કોઇ પણ ચીજ ચાખવી મકરૂહ છે. હા, જો પતિ કઠોર, બદ અખ્લાક અને ખાણું બગડવાની પરિસ્થિતિમાં મારઝૂડ કરતો હોય તો ચાખવાની ઇજાઝત છે; પરંતુ એ છતાંય જો ગળામાં ઊતરી જશે તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : ઇન્હેલરના ઉપયોગથી પણ રોઝો તૂટી જાય છે. દમના ઉપચાર માટે આ સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. એને મોઢા પાસે લઇ જઇને પિચકારી મારવામાં આવે છે, જેમાંથી સૂકો પાવડર નીકળે છે, જેને બીમાર નાક દ્વારા ખેંચે છે.

મસ્અલહ : રોઝાની હાલતમાં દાંત કઢાવવાથી રોઝો તૂટતો નથી. અલબત્ત, જો લોહી ગળામાં ઊતરી જાય તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : જો કોઇ વ્યક્તિ પાયોરિયાના રોગમાં સપડાયેલ હોય અને એનાં પેઢાંમાંથી ખૂન બરાબર વહેતું રહેતું હોય, તો માત્ર ખૂન નીકળવાથી રોઝો તૂટશે નહિ. અલબત્ત, જો ખૂન ગળાની નીચે ઊતરી જાય અને ગળામાં ખૂનનો સ્વાદ મહસૂસ થાય તો રોઝો તૂટી જશે. જો થૂંકની સાથે ખૂન ઊતરી જાય અને ખૂનનો સ્વાદ પણ મહસૂસ થાય તો રોઝો તૂટશે નહિ.

મસ્અલહ : રોઝાની હાલતમાં ખૂન (બ્લડ) ચેક કરાવવાથી રોઝો તૂટતો નથી.

મસ્અલહ : રોઝાની હાલતમાં હૃદય યા પેટના ઑપરેશનથી રોઝો તૂટશે નહિ, કારણ કે રોઝો તો જઠરમાં કોઇ ચીજ જવાથી તૂટે છે. આ હુકમ

ત્યારે છે, જ્યારે કે પેટ અને હૃદયના ઑપરેશનથી જઠરમાં કોઇ ચીજ ન જાય (જો જઠરમાં કોઇ ચીજ જશે તો રોઝો તૂટી જશે).

મસ્અલહ : રોઝાની હાલતમાં કોઇ એવા અવયવની પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવે કે જ્યાં દિમાગ યા જઠર સુધી દવા પહોંચવાનો માર્ગ હોય, તો જો હાથ–પગ વગેરેનું ઑપરેશન હોય તો રોઝો તૂટશે નહિ અને જો કાન, આંખ, નાક વગેરેની સર્જરી કરવામાં આવે અને દવા નાખવામાં ન આવે તો રોઝો તૂટશે નહિ અને જો દવા નાખવામાં આવે તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : જો પેટમાં જઠરના ઑપરેશન દરમિયાન કોઇ અવયવને બહાર કાઢી ફરી નાખવામાં–રોપવામાં આવે તો રોઝો તૂટી જશે.

મસ્અલહ : ખૂનની નળી યા નસમાં ચરબી બાઝી જાય તો એવી પરિસ્થિતિમાં કરાતા ઑપરેશનથી રોઝો તૂટશે નહિ. એ જ પ્રમાણે ખૂનની નસમાં કોઇપણ પ્રકારના ઑપરેશનથી રોઝો તૂટશે નહિ.

મસ્અલહ : જો કોઇ સ્ત્રી હૈઝરોધક (હૈઝને અટકાવનારી) દવાનો ઉપયોગ કરે અને એનાથી કશું નુકસાન ન થાય તો એવી દવાના ઉપયોગમાં કશો વાંધો નથી. જો સ્વાસ્થ્ય–તંદુરસ્તી માટે દવાઓ હાનિકારક હોય તો જાઇઝ લેખાશે નહિ.

મસ્અલહ : એન્ડોસ્કોપી (ENDOSCOPY) દ્વારા તપાસ કે ચકાસણી કરાવવાથી રોઝો તૂટતો નથી. એન્ડોસ્કોપી એક પાતળી નળી હોય છે, જેને પાછલા માર્ગે દાખલ કર્યા પછી નિરીક્ષણ કરવામાં આવે છે.

મસ્અલહ : ચ્યુંગમ ખાવાથી રોઝો તૂટી જાય છે.

મસ્અલહ : જો ડાયાબિટીસ (મધુપ્રમેહ)ની ભારે બીમારી હોય અથવા ડાયાબિટીસ બહુ જ વધી ગયું હોય અને એના માટે રોઝો રાખવાનું મુશ્કેલ હોય તો રોઝા છોડી દઇ, ફિદ્યહ આપવું એના માટે જાઇઝ છે.

મસ્અલહ : જો હૈઝના કારણે રોઝો રાખ્યો નહિ અથવા રોઝો તો રાખ્યો, પણ હૈઝ આવી ગયું તો ખાવું–પીવું જાઇઝ છે; પરંતુ સૌની સામે ન ખાય. જો દિવસે હૈઝથી પાક થઇ જાય તો બાકીનો દિવસ રોઝાદારની જેમ રહેવું જરૂરી છે.

મસ્અલહ : ગર્ભાવસ્થામાં જો કમઝોરી હોય યા હલાકતનો ભય હોય તો રોઝો ન રાખે. એ જ પ્રમાણે દૂધ પિવડાવનારી સ્ત્રી જો બાળક કમઝોર યા હલાક થવાના ભયે રોઝો ન રાખે તો કઝા કરી લે.

મસ્અલહ : પોતાની પત્ની યા કોઇ અજનબી–પરાયી સ્ત્રીનો શહવતપૂર્વક સ્પર્શ કરી લીધો અને ઇન્ઝાલ (વીર્ય સ્ખલન) થઇ ગયો તો રોઝો તૂટી જશે અને જો ઇન્ઝાલ થયો નથી તો રોઝો મકરૂહ થશે.

મસ્અલહ : બેહોશ થઇ જવાથી અને બીમારી વધી જવાથી રોઝો તૂટતો નથી.

મસ્અલહ : ઝખમમાંથી વધુ પ્રમાણમાં લોહી કે પરુ નીકળવાથી રોઝો તૂટતો નથી.

મસ્અલહ : જો સારી પેઠે કોગળો કરી લીધો, પછી પાણીની કંઇક તરી (ભીનાશ) મોઢામાં ખેંચી એને થૂંક સાથે ગળી ગયો તો રોઝો તૂટશે નહિ.

મસ્અલહ : લોબાન, ઊદ અને બીજી સુગંધી ચીજોથી રોઝો ફાસિદ થતો નથી. અલબત્ત, જો એમનો ધુમાડો ગળામાં ઇરાદાપૂર્વક દાખલ કર્યો તો રોઝો ફાસિદ થઇ જશે.

નોટ : ફૂલ સૂંઘવાથી રોઝો ફાસિદ થતો નથી.

મસ્અલહ : જો રોઝાની હાલતમાં દાંતો દરમિયાનની ચણા જેટલી કોઇ ચીજને મોઢામાંથી બહાર કાઢી ખાય લીધી તો રોઝો ફાસિદ થઇ જશે.

મસ્અલહ : જો આપોઆપ–આપ મેળે ઊલટી થાય તો રોઝો ફાસિદ થશે નહિ, ભલે મોં ભરીને જ કેમ ન થાય.

મસ્અલહ : આલ–એ–તનાસુલ (શિશ્ન)થી ઇરાદાપૂર્વક વીર્ય કાઢવાથી રોઝો ફાસિદ થઇ જાય છે, ચાહે ગમે તે હેતુથી જ કેમ ન કાઢ્યું હોય.

મસ્અલહ : માત્ર જોવાથી ઇહ્તિલામ (સ્વપ્નદોષ) થઇ જાય તો રોઝો ફાસિદ થશે નહિ.

સવાલ : કસમનો કફ્ફારો શું છે ?

જવાબ : દસ (૧૦) ગરીબ મોહતાજોને બે વખત ખાવાનું ખવડાવે

અથવા કાચું અનાજ આપી દે. (દરેકને એટલું આપે જેટલું સદકએ ફિત્રમાં આપવામાં આવે છે) અથવા દસ ગરીબ મોહતાજોને દરેકને એટલું મોટું કપડું આપે જેનાથી પૂરું શરીર ઢંકાઇ જાય. એક એક જોડ કાપડ આપવાથી પણ કફફારો અદા થઇ જશે. અગર કોઇ માણસ એટલો ગરીબ હોય કે ગરીબોને ખાવાનું અથવા કપડું આપી શકતો ન હોય તો લગાતાર ત્રણ રોઝા રાખવાથી પણ કફફારો અદા થઇ જશે. *(બેહિશ્તી ઝેવર)*

સવાલ : ખુત્બાના સમયે ખતીબે ખુત્બો પઢતી વખતે હાથમાં અસો લેવો શું હુકમ રાખે છે?

જવાબ : અસો હાથમાં લેવો પણ જાઇઝ છે અને ન લેવો બેહતર છે. લેનારને જરૂરી સમજવું અને ન લેનારને મહેણાં–ટોણાં મારવું દુરુસ્ત નથી. એ જ પ્રમાણે લેનારને ટોકવું પણ દુરુસ્ત નથી. *(કિફાયતુલ મુફતી : ૩/૨૩૬)*

સવાલ : મસ્જિદમાં બે વ્યક્તિ એક ઇમામ અને બીજો મુકતદી નમાઝ પઢી રહ્યા હોય અને ત્રીજો મુકતદી આવે તો કઇ જગ્યાએ ઊભો રહે? શું ઇમામને ઇશારો કરીને આગળ મોકલીને ઇમામની જગ્યાએ ઊભો રહે?

જવાબ : અગર આગળ જગ્યા હોય તો ઇમામને ઇશારો કરી દે, નહિ તો તેની સાથે નમાઝ પઢનારને પાછળ ખસવા માટે ઇશારો કરી દે. બેહતર એ છે કે ઇમામ પોતાની સાથેવાળા નમાઝીને પાછળ ખસવા ઇશારો કરી દે, મતલબ એ કે ઇમામને આગળ જવા માટે કહેવાને બદલે મુકતદીને પાછળ હટવા માટે કહેવું બેહતર છે. *(ઉમદતુલ ફિકહ : ૨/૨૦૭)*

સવાલ : મારો એક ગેર મુસ્લિમ દોસ્ત છે, તેના ભાઇના લગ્ન લેવાયા છે અને મને જમવાની દાવત આપેલ છે. તો મારાથી તેની દાવત કબૂલ કરાય કે કેમ? અમારા બંનેની ઘણી સારી દોસ્તી છે. તે મારા ઘરે આવે છે અને હું એના ઘરે જાઉં છું અને હું એના ઘરે દાવત ખાવા ન જાઉં તો અમારી દોસ્તી બગડે એમ છે. તફસીરથી જવાબ આપવા વિનંતી.

જવાબ : કાફિરો સાથે દિલી મુહબ્બત તેમજ દોસ્તીનો સંબંધ રાખવો જાઇઝ નથી, ધંધાકીય સંબંધ રાખવો જાઇઝ છે. એવા ધંધાકીય સંબંધને લઇ તે દાવત કરે અને તેને સ્વીકારવામાં મસ્લિહત હોવાની સાથે તે ખાવું પાક હોય તો જાઇઝ છે. વિના કારણ તેઓથી મેળ–મેળાપ તેમજ સંબંધ મકરૂહ છે.

(ફતાવા : મહમૂદિય્યહ : ૯/૩૬૯)

સવાલ : ઘણા લોકો કર્ઝે હસનાનો મતલબ એવો કરે છે કે અગર કર્ઝ લેનારના હાથમાં રકમ આવે તો આપવાની. અગર ન જ આવે તો માફી સમજે છે. (એટલે જે હસના શબ્દ આવે છે તેનો અર્થ આ રીતે લે છે) તો આ બાબત સહીહ હકીકત શું છે ?

જવાબ : કર્ઝે હસનાનો મતલબ એ કે કર્ઝ આપનાર તે કર્ઝ વડે સામે–વાળાથી કોઇ લાભ ન ઉઠાવે. બીજા શબ્દોમાં એને બિનવ્યાજુ કર્ઝ કહી શકાય છે. બાકી લોકો જે મતલબ લે છે તે કોઇ જગ્યાએ જોવામાં નથી આવ્યો. કર્ઝ તો અદા કરવું જરૂરી છે, નહિ તો ગુનેહગાર ઠરશે. અલબત્ત, કર્ઝ આપનાર માફ કરી દે તો એની મરજી. *(ફક્ત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.)*

સવાલ : ૧. અહલે સુન્નત, ૨. અહલે સુન્નત વલ જમાઅત, ૩. હનફી મઝહબ, ૪. દેવબંદી, ૫. વહાબી, ૬. બિદઅતી, ૭. ઇસાઇ ધર્મ. આ સાત વિશે જણાવશો કે કોને કહે છે ?

જવાબ : અહલે સુન્નત વલ જમાઅત : સુન્નતનો એ રસ્તો જેના ઉપર સહાબએ કિરામ (રદિ.) હતા, તેને અપનાવનારી જમાઅતને અહલે સુન્નત વલ જમાઅત કહેવામાં આવે છે. *(કવાઇદુલ ફિકહ : પેજ ૧૯૭)* અહલે સુન્નત એનું જ ટૂંકું નામ છે.

હનફી મઝહબ : શરીઅતના બુનિયાદી ઉસૂલો (કુર્આન, સુન્નત, ઇજમાઅ અને કિયાસ)નું જે સ્પષ્ટીકરણ ઇમામ અબૂ હનીફહ (રહ.)એ કર્યું છે તેને હનફી મઝહબ કહેવામાં આવે છે.

દેવબંદી : અહલે સુન્નત વલ જમાઅતના તરીકાઓનો પ્રચાર અને પ્રસાર કરવા દેવબંદ નામના કસ્બામાં દારુલ ઉલૂમ નામી સંસ્થા કાયમ કરી જે ચળવળ ભારતીય ઉપખંડમાં ચલાવવામાં આવી, તેના હિમાયતીને દેવબંદી કહેવામાં આવે છે.

વહાબી : અરબસ્તાનના નજદ નામી ઇલાકામાં શૈખ મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નામી એક સુધારક થઇ ગયા. તેમના અનુયાયીઓને વહાબી કહેવામાં આવે છે. અત્યારે હાલત એ છે કે જે માણસ નબીએ કરીમ (સલ.)ના લાવેલ દીન ઉપર તેની મર્યાદાઓમાં રહી અમલ કરે અને સુન્નતની પૈરવી કરે છે અને બિદઅતોથી અળગો રહે છે તેને વહાબી કહેવામાં આવે છે અને બદનામ કરવામાં આવે છે કે આ માણસ આકાએ નામદાર (સલ.)થી મુહબ્બત નથી

કરતો, બલકે આપ (સલ.)ની પવિત્ર શાનમાં ગુસ્તાખી તેમજ બેઅદબી કરે છે.

બિદઅતી : જે વસ્તુ દીનમાં ન હોય તેને ઉપજાવી દીનમાં દાખલ કરનાર અને દીનનો એક ભાગ માનનાર બિદઅતી કહેવાય છે.

ઈસાઈ ધર્મ : હઝરત ઇસા (અલૈ.)ને માનનારા જે ધર્મ પાળે છે તેને ઇસાઇ ધર્મ કહેવામાં આવે છે.

જરૂરી ગુઝારિશ

રસૂલે પાક (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સૌથી મોટી સુન્નત એ છે કે દીનની મહેનતના માટે પોતાની જાન, માલ અને વખત લગાવવામાં આવે.

જઝ્બએ દા'વત

છોળ દેના ફર્ઝ હૈ રાહે ખુદામેં સબકો ઘર
રસ્મે ઈમાં ઝિંદા કર જબ દહ્રમેં બળ્હ જાએ શર

★ ★ ★

શર હી શર બાલાએ શર અંદર ભી શર બાહર ભી શર
ગર ન સીખા દીન તૂને તેરી દુન્યા પુર ખતર

★ ★ ★

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ﴿١٨٠﴾ وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ﴿١٨١﴾ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٨٢﴾

(الصّٰفّٰت ٣٧: ١٨٠-١٨٢)

આપનો પરવરદિગાર જે મહાન ઇઝઝતવાળો છે, તે એવી વાતોથી પવિત્ર છે જેને તેઓ (કાફિરો) બયાન કરે છે અને સર્વે રસૂલો પર સલામ છે અને સઘળા વખાણ અલ્લાહ તઆલાને જ માટે છે, જે તમામ જગતોનો પાલનહાર છે. *(સૂ. સાફ્ફાત, ૧૮૦ થી ૧૮૨)*

* * *

સૂરએ અન્આમની પ્રથમ ત્રણ આયતો પઢવાની મહાન ફઝીલતો :

ચાળીસ હજાર(૪૦,૦૦૦) ફરિશ્તાઓ કયામત સુધી ....

(૧)હદીસઃ હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો પઢશે તો એના માટે ચાળીસ હજાર ફરિશ્તાઓ કિયામત સુધી ઈબાદત કરશે. એમની એ ઈબાદતનો બધો સવાબ આ આયતો પઢનારના નામ-એ-આ'માલ (કર્મપત્ર)માં લખવામાં આવશે. ઉપરાંત, એક ફરિશ્તો સાતમા આકાશમાંથી લોખંડની ગદા લઈને ઉતરે છે. જ્યારે શયતાન પઢનાર વ્યક્તિના દિલમાં વસવસા નાખે છે તો એ ફરિશ્તો એ ગદાથી શયતાનને બરાબર ફટકારે છે, જેથી એ પઢનાર અને શયતાનની વચ્ચે સિત્તેર (૭૦) પડદા આડ વાડ બની જાય છે. અલ્લાહ તઆલા કિયામતના દિવસે એને ફરમાવશે : ''તું મારા છાંયડા તળે ચાલ, મારા છાંયડા સિવાય બીજો કોઇ છાંયડો નથી. જન્નતનાં ફળ ખા, મારી હૌઝે કવષરનું પાણી પી, સલસબીલની નહેરમાં ગુસલ કર. તું મારો બંદો છે અને હું તારો રબ.''

(હાશિયતુસ્સાવી અલા તફસીરિલ જલાલૈન : ૨/૧૬૪)

(૨) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે જે કોઇ આ ત્રણ આયતો સવારના સમયે પઢશે તો અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા તેની હિફાઝત માટે મુકર્રર કરી આપશે અને સાતમા આસમાનથી એક ફરિશ્તો પોતાની સાથે લોખંડનો હથોડો લઇને ઉતરશે. જ્યારે પણ શયતાન તેના દિલમાં કોઇ બુરાઇ પેદા કરવા ઇચ્છશે તો તે હથોડાથી તેને મારશે, તેમજ પઢનાર અને શયતાન વચ્ચે સિત્તેર હજાર (૭૦,૦૦૦) પડદા થઇ જશે. ઉપરાંત, કિયામતના દિવસે આ પઢનારને કોઇ હિસાબ કે અઝાબ થશે નહીં.

(રૂહુલ બયાન, ભાગ-૩)

સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો આ પ્રમાણે છે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِىۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَجَعَلَ الظُّلُمٰتِ
وَالنُّوۡرَ ؕ ثُمَّ الَّذِيۡنَ كَفَرُوۡا بِرَبِّهِمۡ يَعۡدِلُوۡنَ ۝١ هُوَ الَّذِىۡ
خَلَقَكُمۡ مِّنۡ طِيۡنٍ ثُمَّ قَضٰۤى اَجَلًا ؕ وَاَجَلٌ مُّسَمًّى عِنۡدَهٗ ثُمَّ اَنۡتُمۡ
تَمۡتَرُوۡنَ ۝٢ وَهُوَ اللّٰهُ فِى السَّمٰوٰتِ وَفِى الۡاَرۡضِ ؕ يَعۡلَمُ سِرَّكُمۡ
وَجَهۡرَكُمۡ وَيَعۡلَمُ مَا تَكۡسِبُوۡنَ ۝٣ (الانعام٦:٣، پاره٧)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰۤى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيۡتَ عَلٰۤى اِبۡرَاهِيۡمَ وَعَلٰۤى اٰلِ اِبۡرَاهِيۡمَ اِنَّكَ
حَمِيۡدٌ مَّجِيۡدٌ ط اَللّٰهُمَّ بَارِكۡ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰۤى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكۡتَ عَلٰۤى اِبۡرَاهِيۡمَ
وَعَلٰۤى اٰلِ اِبۡرَاهِيۡمَ اِنَّكَ حَمِيۡدٌ مَّجِيۡدٌ ط

જન્નતમાં ૧૦૦૦ ઝાડો રોપી દેવામાં આવશે

★ તસ્બીહની ફઝીલત ★

જે માણસ (એકવાર)

سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી

પઢે છે, તો તેના માટે જન્નતમાં એક હજાર ઝાડ રોપી દેવામાં આવે છે. આ વૃક્ષોનાં મૂળિયાં સોનાનાં હશે અને ડાળાં–પાંખડાં મોતીઓથી જડાયેલાં હશે તથા એમનાં ફળ અતિ ગોળમટોળ હશે (એટલે કે બહુ જ મનમોહક અને સૌંદર્યવાન હશે), જે માખણથી વધુ નરમ–મુલાયમ હશે અને મધથી વધુ મીઠાં હશે. જ્યારે જ્યારે પણ એ વૃક્ષો ઉપરથી કોઈ ફળ તોડવામાં આવશે, તો એની જગ્યાએ (આપોઆપ) બીજું ફળ ઊગી કે ફૂટી નીકળશે, જેવું કે આથી પહેલાં હતું. (હાકિમ, દયલમી અન્ અનસ.... સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ભાગ–૧, પેજ : ૨૪૦, હદીસ ક્રમાંક : ૨૦૫૪)

અધધધ... સવાબ

હઝરત હસન (રદિ.)એ રિવાયત કરી છે કે, માણસ કબ્રસ્તાન જાય અને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ رَبَّ الْاَجْسَادِ الْبَالِيَةِ وَالْعِظَامِ النَّخِرَةِ الَّتِىْ خَرَجَتْ مِنَ الدُّنْيَا وَهِىَ بِكَ مُؤْمِنَةٌ اَدْخِلْ عَلَيْهَا رُوْحٌ مِّنْ عِنْدَكَ سَلَامًا مِّنِّىْ

અલ્લાહુમ્મ રબ્બલ્ અજસાદિલ્ બાલિયતિ વલ્

ઈજામિન્નખિરતિલ્લતી ખરજત્ મિનદ્દુનિયા વહિય–બિક–મુઅમિનતન્ અદ્ખિલ્ અલય્હા રુહુમ્ મિન્ ઈન્દિક સલામમ્ મિન્ની

તો હઝરત આદમ (અલૈ.)થી લઈને તે વખત સુધી જેટલા મુસલમાન મરણ પામ્યા હશે તે બધાં જ અલ્લાહ તઆલાથી એની બખ્શિશની દુઆ કરે છે અને ઈબ્ને અબી દુનિયાની રિવાયતમાં છે કે, હઝરત આદમ (અલૈ.)થી લઈ (એ દુઆ પઢે) તે વખત સુધી જેટલા મુસલમાનો મરણ પામ્યા છે અને મરશે તે બધાની સંખ્યા પ્રમાણે એને નેકી મળશે.

(હવાલો : મૌત–કબ્ર અને બરઝખનો ખરો અહેવાલ)
(મૌ. મુફતી અહમદ બેમાત સા. રહ.ની કિતાબ)

ઘર અને સફરમાં ચોર–ડાકુઓથી હિફાઝત પામવાનું મુજર્રબ દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ ِالنَّبِيِّ كَمَا اَمَرْتَنَا اَنْ
نُّصَلِّيَ عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِ ِالنَّبِيِّ كَمَا يَنْبَغِيْ
اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِ ِالنَّبِيِّ بِعَدَدِ
مَنْ صَلّٰى عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِ ِالنَّبِيِّ بِعَدَدِ
مَنْ لَّمْ يُصَلِّ عَلَيْهِ ط وَصَلِّ عَلٰى مُحَمَّدِ ِالنَّبِيِّ كَمَا
تُحِبُّ وَتَرْضٰى اَنْ يُّصَلّٰى عَلَيْهِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ કમા અમર્તના અન્નુસલ્લિ–ય અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ કમા યમ્બગી અંય્યુસલ્લા અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ બિઅ–દદિ મન્ સલ્લા અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ બિઅ–દદિ મલ્લમ્ યુસલ્લિ અલય્હિ, વ સલ્લિ અલા મુહમ્મદિનિન્ નબિય્યિ કમા તુહિબ્બુ વ તર્દા અંય્યુસલ્લા અલય્હિ.

[**અર્થ** : હે અલ્લાહ ! તું રહમત નાઝિલ ફરમાવ હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જેમ કે તેં અમને હુકમ ફરમાવ્યો છે કે અમે આપ (સલ.) પર સલાત મોકલીએ અને રહમત નાઝિલ ફરમાવ તું મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જેવી રીતે આપ (સલ.) પર રહમત મોકલવાનું મુનાસિબ હોય અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, તે લોકોની સંખ્યા અનુસાર, જેઓ આપ (સલ.) પર દુરૂદ મોકલે છે અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, તે લોકોની સંખ્યાના પ્રમાણમાં, જેઓ આપ (સલ.)ને દુરૂદ મોકલતા નથી અને રહમત નાઝિલ ફરમાવ તું હઝરત મુહમ્મદ નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર, જેવી રીતે કે તું આપ (સલ.) પર દુરૂદ મોકલવાનું પસંદ કરે છે અને (જેવી રીતે કે તું) દુરૂદ મોકલવા ચાહે છે.]

ફાયદો : જો કોઈ માણસ ઘરેથી નીકળવા પહેલાં અથવા કોઈ મુસાફિર પોતાના સફરમાં ૧૧ (અગિયાર) વખત આ દુરૂદ શરીફ પઢીને પોતાનાં બદન અને માલ–સામાન પર દમ કરી લેશે, તો દરેક પ્રકારની ચોરી, લૂંટફાટ, મારધાડ

અને ડાકાટીથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે તથા ઝાલિમ, ડાકુ અને લૂંટારો એની તરફ નિગાહ પણ ઉઠાવી શકશે નહિ. તદુપરાંત, રાતે સૂતા પહેલાં મકાનની ચારે તરફ આ દુરૂદ શરીફને દસ વાર પઢીને ફૂંકી દેશે, તો ઈન્શા અલ્લાહ એ મકાન ચોરી, લૂંટફાટ અને ડાકાટીથી મહફૂઝ રહેશે અને કોઈ બદનિય્યત એની તરફ મુખ પણ કરશે નહિ. મુજર્રબ (અનુભવસિદ્ધ) અમલ છે. (ઝરીઅતુલ્ વુસૂલ....૧૫૮)

મામૂલી ઈકરામે મુસ્લિમ કરવા બદલ તમામ ગુનાહ માફ

હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.) ફરમાવે છે કે, હઝરત સલ્માન ફારસી (રદિ.) હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.) પાસે આવ્યા. હઝરત ઉમર (રદિ.) તકિયાને અડેલીને બેઠા હતા. હઝરત સલ્માન (રદિ.)ને નિહાળી તેમણે તે તકિયો હઝરત સલ્માન (રદિ.) માટે ગોઠવી દીધો. હઝરત સલ્માન (રદિ.)એ કહ્યું : અલ્લાહ અને તેના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સાચું જ ફરમાવ્યું : હઝરત ઉમર (રદિ.)એ કહ્યું : હે અબૂ અબ્દુલ્લાહ ! અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું તે ફરમાન જરા અમને પણ સંભળાવો. હઝરત સલ્માન (રદિ.)એ કહ્યું : એક વાર હું હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયો. આપ (સલ.)એ એક તકિયાને ટેક લગાવેલી હતી. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તે તકિયો મારા માટે મૂકી દીધો. પછી મને ફરમાવ્યું : હે સલ્માન ! જો કોઈ મુસલમાન પોતાના મુસલમાન ભાઈ પાસે જાય છે અને તે મેઝબાન પોતાના મહેમાનના ઈકરામ અને સત્કાર માટે તકિયો મૂકી દે છે, તો અલ્લાહ તઆલા અવશ્ય એની મગફિરત ફરમાવી દે છે. (હયાતુસ્સહાબા : ૨/૫૬૧)

દરરોજ સાત (૭) વખત પઢી અલ્લાહથી જે પણ સવાલ કરશો અલ્લાહ પૂરો કરશે :

اَللّٰهُمَّ عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ اِعْصِمْنِىْ فِىْ هٰذَا الْيَوْمِ مِنْ شَرِّ كُلِّ مُصِيْبَةٍ نَزَلَتْ مِنَ السَّمَآءِ وَاجْعَلْنِىْ فِىْ كُلِّ خَيْرٍ يَّنْزِلُ مِنَ السَّمَآءِ۔

અર્થ : અય અલ્લાહ! ખુલી અને છુપી ચીઝોંના જાણનાર, આજના દિવસે આસમાનથી જે મુસીબત નાઝિલ થાય, તેનાથી મારી હિફાઝત કર અને જે ખૈર (ભલાઈ) આસમાન (આકાશ)થી નાઝિલ થાય તે મને અતા કર.

(અદુઆઉ લિસ્સુયૂતી : ૨/૯૫૮)

ફઝીલતઃ હઝરત હસન બસરી રહિમહુલ્લાહુ તઆલા ફરમાવે છે કે, હઝરત સમુરહ બિન જુન્દુબ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હું તમોને એક હદીષ ન સંભળાવું જે મૈં હુઝૂરેપાક (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી વારંવાર સાંભળી છે, એવીજ રીતે હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ તઆલા અન્હૂથી વારંવાર સાંભળી, એજ રીતે હઝરત ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂથી વારંવાર સાંભળી છે ? મૈં કહ્યું : હાં. તેમણે કહ્યું : સવાર-સાંજ જે માણસ એને પઢશે, કોઇ દુઆ ન કરશે, પણ આ કે અલ્લાહ તબારક વ

તઆલા એની દુઆઓને કબૂલ ફરમાવશે. રાવી (સમુરહ)રદિ. એ કહ્યું કે મૈં અબ્દુલ્લાહ બિન સલામથી મુલાકાત કરી.મૈં કહ્યું : તમોને એક હદીષ ન સંભળાવું જે મૈં હુઝૂરે પાક (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને અબૂબક્ર અને ઉમર ફારૂક રદિયલ્લાહુ તઆલા અન્હુમાથી વારંવાર સાંભળી છે? તેમણે કહ્યુંઃ હાં, (સંભળાવો)મૈં હદીષે(મઝકૂરા) સંભળાવી. તેમણે કહ્યુંઃ ખુદાની કસમ! મારા માં-બાપ કુરબાન થાય અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર, આ તે કલિમાત છે, જે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલાતુ વસ્સલામને અતા ફરમાવ્યા હતા, તેઓ દરરોજ સાત વખત એને પઢતા હતા, પછી જે પણ સવાલ કરતા અલ્લાહ તબારક વ તઆલા એને પુર્ણ ફરમાવતા હતા.

માં-બાપ (વાલિદૈન)નાં હક્ક અદા કરી દીધા

ફઝીલત : અલ્લામહ અય્‌ની રહિમહુલ્લાહુ તઆલાએ શર્હે બુખારીમાં એક હદીસ નકલ કરી છે કે, જે માણસ એક વખત આ દુઆ પઢે અને ત્યાર પછી આ દુઆ કરે કે યા અલ્લાહ ! આનો સવાબ મારા વાલિદૈનને પહોંચાડી દે, તો તેણે વાલિદૈનનો હક્ક અદા કરી દીધો.

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ط رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعَالَمِيْنَ ط وَلَهُ الْكِبْرِيَآءُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط لِلّٰهِ الْحَمْدُ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ رَبِّ الْعَالَمِيْنَ ط وَلَهُ الْعَظْمَةُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط هُوَ الْمَلِكُ رَبُّ السَّمٰوٰتِ وَرَبُّ الْاَرْضِ وَرَبُّ الْعٰلَمِيْنَ ط وَلَهُ النُّوْرُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط

અર્થ : ''તમામ વખાણો તે અલ્લાહ માટે છે, જે બન્નેવ જહાંનનો પાલનહાર છે. આસમાનનો રબ અને ઝમીનનો રબ અને બન્નેવ જહાંનનો રબ છે, અને એનાજ માટે મોટાઇ છે આસમાનમાં અને ઝમીનમાં, એજ ઝબરદસ્ત હિકમતવાળી ઝાત છે.

અલ્લાહના માટે વખાણો છે, જે આસમાનનો રબ છે અને ઝમીનનો રબ અને બન્નેવ જહાંનનો રબ છે.

એનાજ માટે મોટાઈ છે આસમાનમાં અને ઝમીનમાં, તે ઝબરદસ્ત હિકમતવાળો છે. તેજ બાદશાહ છે, આસમાનનો રબ અને ઝમીનનો રબ અને બન્નેવ જહાંનનો રબ છે. એનાજ માટે રૌશ્ની (નૂર) છે આસમાનમાં અને ઝમીનમાં અને તે ઝબરદસ્ત હિકમતવાળો છે.'' (ફઝાઇલે સદકાત : ૧/૨૬૮ હદીસ: ૪)

અલ્લાહથી અહ્‌દો-પૈમાન

اَللّٰهُمَّ رَبَّ السَّمٰوٰتِ وَالْاَرْضِ، عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ، اِنِّىْ اَعْهَدُ اِلَيْكَ فِىْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا اَنِّىْ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اَنْتَ، وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ وَاَنَّ مُحَمَّدًا عَبْدُكَ وَرَسُوْلُكَ، فَاِنَّكَ اِنْ تَكِلْنِىْ اِلٰى نَفْسِىْ تُقَرِّبْنِىْ مِنَ الشَّرِّ وَتُبَاعِدْنِىْ مِنَ الْخَيْرِ وَاِنِّىْ اِنْ اَثِقُ اِلَّا بِرَحْمَتِكَ، فَاجْعَلْ لِىْ عِنْدَكَ وَعَهْدَكَ وَعَهْدًا تُوَفِّيْنِيْهِ يَوْمَ الْقِيَامَةِ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ط

અય અલ્લાહ ! આસ્માન તથા જમીનના પરવરદિગાર ! છૂપી અને જાહેરી વાતો જાણવાવાળા ! બેશક, હું તારાથી આ દુનિયાની ઝિંદગીમાં અહદ કરું છું કે હું (સાચા દિલથી) એના પર ગવાહી આપું છું કે તારા સિવાય કોઇ મા'બૂદ નથી. તુ (પોતાની ઝાત અને સિફાતમાં) એકલો છે. તારો કોઇ શરીક નથી. અને એ કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તારા બંદા અને તારા રસૂલ છે. (આ અહદ) એટલા માટે (કરું છું) કે બેશક, તેં અગર મને મારા નફ્સે (અમ્મારહ)ના હવાલે કરી દીધો (એટલે કે) તો તેં મને શર (બુરાઇ)ના નજદીક કરી દીધો અને ખૈરથી દૂર કરી દીધો (એટલે કે તુ આવુ ન કરતો) એટલા માટે કે હું તો તારી રહમતના સિવાય બીજી કોઇ ચીજ પર ભરોસો નથી કરતો. એટલા માટે તુ મારાથી એવો અહદ કરી લે જેને તુ કયામતના દિવસે પૂરો કરે (કે તુ મને જન્નતમાં

દાખલ કરી દેજે). બેશક, તુ પોતાના વાયદાથી નથી ફરતો.

હદીસ શરીફમાં આવે છે કે :

જે માણસ અલ્લાહથી ઉપરોકત અહદ તથા વાયદો કરી લે (અને પછી તેના ઉપર કાયમ રહે) તો અલ્લાહ પાક કયામતના દિવસે પોતાના (મુકર્રબ) ફરિશ્તાઓને ફરમાવશે કે "મારા આ બંદાએ મારાથી એક વાયદો લીધો છે, તમે તેને પૂરો કરો." ચુનાન્ચેઃ અલ્લાહ તઆલા તેને (પોતાના ફઝલો કરમથી) જન્નતમાં દાખલ કરી દેશે. (રાવી હદીસ) : હઝરત (રહ.) કહે છે કે મેં કાસિમ બિન અબ્દુર્રહમાનને બતાવ્યું કે ઔફે મને એવી એવી (એટલે કે ઉપરોકત) હદીસ સંભળાવી છે. તો એના પર હઝરત કાસિમે ફરમાવ્યું : (એમાં તઅજ્જુબની શું વાત છે ?) અમારા ઘરમાં તો દરેક પર્દાવાળી (બાલિગ) છોકરી પોતાના પર્દામાં (ઘરમાં) આ દુઆને પઢયા કરે છે.

દુરૂદે મલવાન

ત્રણ વાર પઢવાથી ત્રીસ હજાર વાર પઢવા બરાબર સવાબ મળે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ مَّا اخْتَلَفَ الْمَلَوَانِ وَتَعَاقَبَ الْعَصْرَانِ وَكَرَّ الْجَدِيْدَانِ وَاسْتَقَلَّ الْفَرْقَدَانِ وَبَلِّغْ رُوْحَهٗ وَاَرْوَاحَ اَهْلِ بَيْتِهٖ مِنَّا التَّحِيَّةَ وَالسَّلَامَ وَبَارِكْ وَسَلِّمْ عَلَيْهِ كَثِيْرًا ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિમ્ મખ્ત–લફલ્ મલવાનિ, વ તઆ–કબલ્ અસ્રાનિ, વ કર્રલ્ જદીદાનિ, વસ્તકલ્લલ્ ફર્કદાનિ, વ બલ્લિગ્ રૂહ–હૂ વ અર્વા–હ અહ્લિ બય્તિહી મિન્નત્તહિય્યત વ સ્સલા–મ, વ બારિક્ વ સલ્લિમ્ અલય્હિ કસીરા.

[**અર્થ :** હે અલ્લાહ ! તું અમારા સરદાર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર રહમત નાઝિલ ફરમાવ, જ્યાં સુધી કે રાત–દિવસ બદલાતાં રહે અને સવાર–સાંજ આવતાં રહે તથા રાત–દિવસ વારાફરતી આવતાં રહે તેમજ ઉત્તર ધ્રુવ પાસેના બન્ને ઝગમગિત તારલાઓ બુલંદ રહે અને આપ (સલ.)ની મુબારક રૂહને તથા આપના અહલે બૈત (કુટુંબીજનો)ની રૂહોને અમારા તરફથી સલામ અને સલામતી પહોંચાડી દે તથા તું આપ (સલ.)ની ઝાત પર પુષ્કળ બરકત અને સલામતી નાઝિલ ફરમાવ.]

ફઝીલત : આ દુરૂદ શરીફ ત્રણ વાર પઢવાથી ત્રીસ હજાર વાર પઢવાનોસવાબ મળશે. હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની શફાઅત નસીબ થશે. કર્ઝની અદાયગી માટે સહાયરૂપ અને અકસીર છે. દીન–દુનિયાની ભલાઈઓ પ્રાપ્ત થશે. (તફસીરે રૂહુલ બયાન)

દુઆએ ખૈર

اَللّٰهُمَّ اِنِّیْۤ اَسْئَلُكَ اِیْمَانًا كَامِلًا وَّیَقِیْنًا صَادِقًا
وَّرِزْقًا وَّاسِعًا وَّحَلَالًا وَّطَیِّبًا وَّقَلْبًا خَاشِعًا وَّلِسَانًا
ذَاكِرًا وَّتَوْبَةً نَّصُوْحًا وَّتَوْبَةً قَبْلَ الْمَوْتِ وَرَاحَةً
عِنْدَ الْمَوْتِ وَمَغْفِرَةً وَّرَحْمَةً بَعْدَ الْمَوْتِ وَالْعَفْوَ

عِنْدَ الْحِسَابِ وَالْفَوْزَ بِالْجَنَّةِ وَالنَّجَاةَ مِنَ النَّارِ
بِرَحْمَتِكَ يَاعَزِيْزُ يَاغَفَّارُ ط رَبِّ زِدْنِيْ عِلْمًا وَّاَلْحِقْنِيْ
بِالصّٰلِحِيْنَ۔ اٰمِيْنَ يَارَبِّ ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ–ક ઈમાનન્ કામિલંવ્ વ યકીનન્ સાદિકંવ્ વ રિઝ્કંવ્ વાસિઅંવ્ વ હલાલંવ્ વ તય્યિબંવ્ વ કલ્બન્ ખાસિઅંવ્ વ લિસાનન્ ઝાકિરંવ્ વ તવ્બતન્ નસૂહંવ્ વ તવ્બતન્ કબ્લલ્ મવ્તિ વ રાહતન્ ઈન્દલ્ મવ્તિ વ મગ્ફિરતંવ્ વ રહ્મતન્ બઅ્દલ્ મવ્તિ વલ્ અફ્વ ઈન્દલ્ હિસાબિ વલ્ ફવ્ઝ બિલ્ જન્નતિ વન્નજા–ત મિનન્નારિ બિ રહ્મતિ–ક યા અઝીઝુ યા ગફ્ફારુ. રબ્બિ ઝિદ્ની ઈલ્મંવ્ વઅલ્હિક્ની બિસ્સાલિહીન. આમીન યા રબ્બિ.

શયતાનથી અને કિયામતના અઝાબથી હિફાઝત માટે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ الظُّلُمٰتِ
وَالنُّوْرَ ۬ ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ① هُوَ الَّذِيْ
خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰى اَجَلًا ط وَاَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ
تَمْتَرُوْنَ ② وَهُوَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَفِي الْاَرْضِ ط يَعْلَمُ سِرَّكُمْ
وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا تَكْسِبُوْنَ ③ (الانعام۶:۳،پاره۷)

અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી ખ–લ–કસ્સમાવાતિ વલ્અર્દ વ–જ–અ–લઝ્ઝુલુમાતિ વન્નૂર. સુમ્મલ્લઝી–ન ક–ફ–રૂ

બિરબ્બિહિમ્ યઅ્દિલૂન. હુવલ્લઝી ખ-લ-ક-કુમ્ મિન્ તીનિન્ સુમ્મ કઝા અ-જ-લા. વ અ-જ-લુમ્મુસમ્મન્ ઈન્દહૂ સુમ્મ અન્તુમ્ તમ્તરૂન. વ-હુવલ્લાહુ ફિસ્સમાવાતિ વ ફિલ્અર્દિ યઅ્લમુ સિર્રકુમ્ વ જહ્-ર-કુમ્ વ યઅ્લમુ મા તક્સિબૂન. (પારહ ૭, સૂરએ અન્આમ : ૧, ૨, ૩)

આ આયતોને પઢનારા પર અલ્લાહ તઆલા કિયામતમાં કોઈ અઝાબ નહિ ફરમાવે. ('રૂહુલ બયાન', પેજ ૩૦)

દુઆએ નબવી (સલ.)

اَللّٰهُمَّ اقْذِفْ فِيْ قَلْبِيْ رَجَاءَكَ وَاقْطَعْ رَجَائِيْ عَمَّنْ سِوَاكَ
حَتّٰى لَا اَرْجُوْا اَحَدًا غَيْرَكَ اَللّٰهُمَّ مَا ضَعُفَتْ عَنْهُ قُوَّتِيْ
وَقَصُرَ عَنْهُ عَمَلِيْ وَلَمْ تَنْتَهِ اِلَيْهِ رَغْبَتِيْ وَلَمْ تَبْلُغْهُ
مَسْئَلَتِيْ وَلَمْ يَجْرِ عَلٰى لِسَانِيْ مِمَّا اَعْطَيْتَ اَحَدًا مِّنَ الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ مِنَ الْيَقِيْنِ فَخَصِّنِيْ بِهٖ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

અલ્લાહુમ્મક્ ઝિફ્ ફી કલ્બી રજા-અ-ક વક્તઅ્ રજાઈ અમ્મન્ સિવા-ક હત્તા લા અર્જૂ અ-હ-દન્ ગય્-ર-ક. અલ્લાહુમ્મ મા ઝઉફત્ અન્હૂ કુવ્વતી વ કસુ-ર અન્હુ અ-મ-લી, વ લમ્ તન્તહિ ઈલય્હિ રગ્બતી, વ લમ્ તબ્લુગ્હુ મસ્અ-લ-તી, વ લમ્ યજિર્ અલા લિસાની મિમ્મા અઅ્તય-ત અ-હ-દમ્ મિનલ્ અવ્વલી-ન વલ્ આખિરી-ન મિનલ્ યકીનિ ફખસ્સિની બિહી યા અર્હમર્ રાહિમીન. ('નૂરુલ અબ્સાર', 'તારીખુલ ખુલફા')

દુઆ

اَللّٰهُمَّ اَحْسِنْ عَاقِبَتَنَا فِى الْاُمُوْرِ كُلِّهَا وَاَجِرْنَا مِنْ خِزْيِ الدُّنْيَا وَعَذَابِ الْاٰخِرَةِ ط

અલ્લાહુમ્મ અહ્‌સિન્ આકિ–બ–તના ફિલ્ઉમૂરિ કુલ્લિહા વ અજિર્ના મિન્ ખિઝ્‌યિદ્દુન્યા વ અઝાબિલ્ આખિરહ્.

[**અર્થ** : હે અલ્લાહ ! અમારાં તમામ કામોનો અંજામ બેહતર ફરમાવ અને અમને દુનિયાના અપમાન અને આખિરતના અઝાબથી પનાહ અતા ફરમાવ.] (અલ્ હિઝ્બ : ૬૦)

યા અલ્લાહ મને એવો બંદો બનાવી લે

اَللّٰهُمَّ اجْعَلْنِىْ اُعَظِّمُ شُكْرَكَ وَاُكْثِرُ ذِكْرَكَ وَاَتَّبِعُ نَصِيْحَتَكَ وَاَحْفَظُ وَصِيَّتَكَ ط

અલ્લાહુમ્મજ્અલ્ની ઉઅઝ્ઝિમુ શુક્–ક વ ઉક્ષિરુ ઝિક્–ક વ અત્તબિઉ નસીહ–ત–ક વ અહ્ફઝુ વસિય્ય–ત–ક.

[**અર્થ** : હે અલ્લાહ ! મને તું એવો બંદો બનાવી લે કે તારો શુક્ર કર્યા કરું, તારી યાદ (ઝિક્ર) કર્યા કરું અને તારી નસીહતને માનું અને તારા હુકમને યાદ રાખું.] (અલ્ હિઝ્બ : ૭૬)

અલ્લાહુમ્મ ઈન્ન કુલૂ–બના....

اَللّٰهُمَّ اِنَّ قُلُوْبَنَا وَنَوَاصِيَنَا وَجَوَارِحَنَا بِيَدِكَ لَمْ تُمَلِّكْنَا مِنْهَا شَيْئًا فَاِذَا فَعَلْتَ ذٰلِكَ بِنَا فَكُنْ اَنْتَ وَلِيَّنَا وَاهْدِنَا اِلٰى سَوَاءِ السَّبِيْلِ ط

અલ્લાહુમ્મ ઈન્ન કુલૂ–બના વ નવાસિ–યના વ જવારિ–હના બિ–યદિ–ક, લમ્ તુમલ્લિક્ના મિન્હા શય્આ. ફ–ઈઝા ફઅલ્ત ઝાલિ–ક બિના ફ–કુન્ અન્ત વલિય્યના વહ્દિના ઈલા સવાઈસ્સબીલ.

[**અર્થ** : હે અલ્લાહ ! અમારા દિલ, અમારી પેશાનીઓ અને અમારા તમામ અવયવો તારા જ અંકુશમાં છે. એમના પૈકી કોઈના પણ તેં અમને માલિક બનાવ્યા નથી. બસ, જયારે તેં અમને આવા લાચાર પેદા ફરમાવ્યા છે, તો હવે તું જ અમારો કારસાઝ (કાર્યસાધક) બની જા અને અમને સીધા રસ્તાની હિદાયત ફરમાવ.] (અલ્ હિઝ્બ : ૭૭)

પાંચ અહમ ચીજો માટે દુઆ

اَللّٰهُمَّ اِنِّیۡ اَسۡئَلُکَ الصِّحَّةَ وَالۡعِفَّةَ وَالۡاَمَانَةَ وَحُسۡنَ الۡخُلُقِ وَالرِّضَاءِ بِالۡقَدۡرِ ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ–ક સ્સિહ્હ–ત વલ્ઈફ્ફ–ત વલ્અમા–ન–ત વ હુસ્નલ્ ખુલુકિ વર્રિઝા–અ બિલ્કદ્રિ.

[**અર્થ** : હે અલ્લાહ ! હું તારાથી તંદુરસ્તી, પાકદામની, અમાનતદારી, સારા અખ્લાક અને તકદીર પર રાજી રહેવાનો સવાલ કરું છું.] (અલ્ હિઝ્બ : ૭૮)

તવક્કુલ, હિદાયત અને નુસરતની દુઆ

اَللّٰهُمَّ اجۡعَلۡنِیۡ مِمَّنۡ تَوَكَّلَ عَلَیۡکَ فَکَفَیۡتَهٗ وَاسۡتَهۡدَاکَ فَهَدَیۡتَهٗ وَاسۡتَنۡصَرَکَ فَنَصَرۡتَهٗ۔

ફ–કફય્તહૂ વસ્તહ્દા–ક ફ–હદય્તહૂ વસ્તન્સ–ર–ક ફ–નસર્તહૂ.

વસવસાઓને ખૌફે ઈલાહીમાં ફેરવવાની દુઆ

اَللّٰهُمَّ اجْعَلْ وَسَاوِسَ قَلْبِىْ خَشْيَتَكَ وَذِكْرَكَ وَاجْعَلْ هِمَّتِىْ وَهَوَاىَ فِيْمَا تُحِبُّ وَتَرْضٰى۔

અલ્લાહુમ્મજ્અલ્ વસાવ–સ કલ્બા ખશ્ય–ત–ક વ ઝિક્–ક વજ્અલ્ હિમ્મતી વ હવા–ય ફીમા તુહિબ્બુ વ તર્ઝા.

રાતે યા દિવસે આ કલિમાત જરૂર પઢે અને અલ્લાહથી પોતાની હાજતની દુઆ માંગે

اَللّٰهُمَّ اِنِّىْ اَسْاَلُكَ صِحَّةً فِىْ اِيْمَانٍ وَّاِيْمَانًا فِىْ حُسْنِ خُلُقٍ وَّنَجَاةً يَّتْبَعُهَا فَلَاحٌ وَّ رَحْمَةً مِّنْكَ وَعَافِيَةً وَّمَغْفِرَةً مِّنْكَ وَرِضْوَانًا ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ–ક સિહ્હતન્ ફિ ઈમાનિંવ્ વ ઈમાનન્ ફી હુસ્નિ ખુલુકિંવ્ વ નજાતંય્યત્બઉહા ફલાહુંવ્ વ રહ્મતમ્ મિન્ક વ આફિ–યતંવ્ વ મગ્ફિ–રતમ્ મિન્ક વ રિઝ્વાના.

[**અર્થ** : હે અલ્લાહ ! હું તારાથી સિહ્હતનો ઈમાનની સાથે અને ઈમાનનો સારા અખ્લાક સાથે અને એવી નજાતનો જેની

સાથે (દુનિયા અને આખિરતની) ફલાહ હોય અને તારી રહમતનો અને આફિયતનો તથા તારી મગફિરત અને રઝામંદીનો સવાલ કરું છું. (તું મને આ સઘળી ચીજો અતા ફરમાવી દે.)] (હિસ્ન : ૮૫)

ચાર (૪) કુર્આને મજીદ પઢવાનો સવાબ

હુઝૂર રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ ફજરની નમાઝ પછી બાર (૧૨) વખત **કુલ્ હુવલ્લાહુ અહદ...** પઢશે તો (એનું આ કૃત્ય સવાબમાં એવું છે) જાણે એણે ચાર વાર કુર્આને કરીમ પઢયું અને એ દિવસે પૃથ્વીના પટ પર વસતા લોકોમાં તે સૌથી અફઝલ માણસ હશે, એ શરતે કે તે ગુનાહોથી બચે. (કન્ઝુલ ઉમ્માલ : ૧/૫૯૯)

મુનાજાતે મકબૂલમાંની કેટલીક લાભકારક મૂળ અરબી દુઆઓ તથા નઝમમાં તેનો તરજુમો

فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ قف اَنْتَ وَلِیّٖ فِی الدُّنْیَا وَالْاٰخِرَةِ ج
تَوَفَّنِیْ مُسْلِمًا وَّ اَلْحِقْنِیْ بِالصّٰلِحِیْنَ ﴿۱۰۱﴾ (سورۂ یوسف ۱۲:۱۰۱، پارہ ۱۳)

اَللّٰهُمَّ اِنِّیْ نَعِیْمَ لَّا یَنْفَدُ وَقُرَّةَ عَیْنٍ لَّا تَنْقَطِعُ وَرِضَاءً بِالْقَضَاءِ وَبَرْدَ الْعَیْشِ بَعْدَ الْمَوْتِ وَلَذَّةَ النَّظَرِ اِلٰی وَجْهِکَ وَالشَّوْقَ اِلٰی لِقَائِکَ مِنْ غَیْرِ ضَرَّاءِ مُضِرَّةٍ وَّفِتْنَةٍ مُّضِلَّةٍ ط

ફાતિરિસ્સમાવાતિ વલ્ અર્દિ અન્ત વલિય્યિ ફિદ્ દુન્યા વલ્ આખિરહ્. તવફ્ફની મુસ્લિમંવ્ વ અલ્હિક્ની બિસ્સાલિહીન. અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ–ક નઈમલ્ લા યન્ફદુ વ કુર્ર–ત અય્નિલ્ લા તન્કતિઉ વ રિઝાઅમ્ બિલ્ કઝાઈ વ બર્દલ્ અય્રુ બઅ્દલ્ મવ્તિ વ લઝ્ઝતન્નઝ્રિ ઈલા વજ્હિક વશશવ્કિ ઈલા લિકાઈ–ક મિન્ ગય્રિ દર્રાઈમ્ મુદિર્રતિ વ ફિત્નતિમ્ મુદિલ્લતિન્.

અય ખુદાએ ખાલિકે અર્દો સમા,
અય ખુદાએ માલિકે રવઝે જઝા.
હય તૂ હી દુન્યામેં મેરા કારસાઝ,
ઔર તૂ હી હય આખિરતકા કારસાઝ.
મૌત દે યા રબ મુઝે ઈસ્લામ પર,
ઔર મુઝકો સાલિહોંકે સાથ કર.
દે વહ ઠંડક આંખમેં અય ઝુલજલાલ,
ઔર વહ નેઅમત દે ન હો જિસકો ઝવાલ.
રખ રઝામંદ અપની ખ્વાહિશ પર મુઝે,
કર ન દે હિર્સો–હવા મુઝતર મુઝે.
બાદ મરનેકે મુઝે રાહત મિલે,
ઔર તેરે દીદારકી લઝ્ઝત મિલે.
કર અતા અપના મુઝે શવ્કે લિકા,
દીનો–દુન્યાકી ખરાબીસે બચા.

اَللّٰهُمَّ لَقِّنِىْ حُجَّةَ الْاِيْمَانِ عِنْدَالْمَمَاتِ ط اَللّٰهُمَّ اغْفِرْلِىْ ذَنْبِىْ وَاخْسِئْ شَيْطَانِىْ وَفُكَّ رِهَانِىْ وَثَقِّلْ مِيْزَانِىْ وَاجْعَلْنِىْ فِى النَّدِيِّ الْاَعْلٰى ط

અલ્લાહુમ્મ લક્‌કિની હુજ્જતલ્ ઈમાનિ ઈન્દલ્ મમાતિ. અલ્લાહુમ્મગ્ફિર્ લી ઝમ્બી વખ્સીઅ્ શય્તાની વ ફુક્‌કિ રિહાની વ ષક્‌કિલ્ મીઝાની વજ્અલ્ની ફિન્નદિરિય્યિલ્ અઅ્લા.

ઔર દલીલ ઈમાનકી દિલકો મેરે,
યા ઈલાહી મરતે દમ સિખલા તૂ દે.
મગફિરત મેરી કર અય રબ્બે ગફૂર,
ઔર કર દે મુઝસે તૂ શયતાંકો દૂર.
મુઝસે હર એક બંદ મેરા દે છૂળા,
કર મુઝે કય્દે મઆસી સે રિહા.
પલ્લા મેરી નેકીયોં કા ઔર સવાબ,
કર દે ભારી ઔર બળ્હા રોઝે હિસાબ.
તબકએ અઅ્લામેં દે મુઝ કો જગા,
મજલિસે બાલામેં દેં મુઝકો જગા.

اَللّٰهُمَّ اِنِّىۡ اَسۡئَلُكَ الۡفَوۡزَ فِى الۡقَضَاءِ وَنُزُلَ الشُّهَدَاءِ وَعَيۡشَ السُّعَدَاءِ وَمُرَافَقَةَ الۡاَنۡبِيَاءِ وَالنَّصۡرَ عَلَى الۡاَعۡدَاءِ اِنَّكَ سَمِيۡعُ الدُّعَاءِ ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુકલ્ ફવ્ઝ ફિલ્ કઝાઈ વ નુઝુલશ્શુહ્દાઈ વ અય્શસ્સુઅદાઈ વ મુરાફકતલ્ અમ્બિયાઈ વન્નસ્ર અલલ્ અઅ્દાઈ ઈન્નક સમીઉદ્દુઆઈ.

ચાહતા હૂં મૈં યહ તેરે ફઝલસે,
કામ્યાબી મેરી કિસ્મતમેં મિલે.
ઔર શહીદોં કી તરહ અય મુસ્તઆન,
કર મુઝે અપના મુઅઝ્ઝઝ મેહમાન.

ખુશનસીબોં કા સા મુઝકો ઐશ દે,
  ઝિંદગી મેરી ફરાગતમેં કટે.
ઔર મુઝે પયગમ્બરોં કે સાથ કર,
  દુશ્મનોં પર દે મુઝે ફત્હો–ઝફર.
તૂ હી સુન લેતા હૈ બંદોં કી દુઆ,
  કર લે મકબૂલ અય ખુદા મેરી દુઆ.

• • •

اَللّٰهُمَّ لَا عَيْشَ اِلَّا عَيْشُ الْاٰخِرَةِ ط اَللّٰهُمَّ اجْعَلْ حُبَّكَ اَحَبَّ الْاَشْيَاءِ اِلَيَّ وَاجْعَلْ خَشْيَتَكَ اَخْوَفَ الْاَشْيَاءِ عِنْدِيْ وَاقْطَعْ عَنِّيْ حَاجَاتِ الدُّنْيَا بِالشَّوْقِ اِلٰى لِقَائِكَ وَاِذَا اَقْرَرْتَ اَعْيُنَ اَهْلِ الدُّنْيَا مِنْ دُنْيَاهُمْ فَاَقْرِرْ عَيْنِيْ مِنْ عِبَادَتِكَ ط

અલ્લાહુમ્મ લા અય્શ ઈલ્લા અય્શુલ્ આખિરહ. અલ્લાહુમ્મજ્અલ્ હુબ્બ–ક અહબ્બલ્ અશ્યાઈ ઈલય્ય, વજ્અલ્ ખશ્યત–ક અખ્વફલ્ અશ્યાઈ ઈન્દી, વક્તઅ્ અન્ની હાજાતિદ્ દુન્યા બિશ્શવ્કિ ઈલા લિકાઈ–ક વ ઈઝા અક્રર્ત અઅ્યુના અહ્લિદ્ દુન્યા મિન્ દુન્યાહુમ્ ફ–અક્રિર્ અય્ની મિન્ ઈબાદતિક.

ઐશ તો યા રબ હય ઐશે આખિરત,
  દે મુઝે વહ ઐશ ઔર કર મગફિરત.
દે મુઝે અપની મુહબ્બત ઈસ કદર,
  હર મુહબ્બત સે યહી હો બેશતર.

ઔર મુહબ્બત સે હી તેરી અય ગની,
સબસે બળ્હકર હો મુઝે દિલબસ્તગી.
દે મુઝે ખવ્ફ અપના રબ સે બેશતર,
સબસે બળ્હકર હો મુઝે તેરા હી ડર.
તેરે મિલનેકા હો શૌક ઈતના મુઝે,
કર દે જો દુન્યાસે બેપરવા મુઝે.
ઔર હંય દુન્યાકી જિતની હાજતેં,
ભૂલ બેઠું સબકો મૈં ઈશ શૌકમેં.
જિસ તરહ દુન્યાસે દુન્યાદાર કી,
ઠંડી કરતા હય તૂ આંખે અય ગની.
કર મેરી આંખોંકો ભી ઠંડક અતા,
બંદગીસે અપની અય રબ્બુલ્ ઊલા.

● ● ●

اَللّٰهُمَّ اَعِنِّيْ عَلٰى غَمَرَاتِ الْمَوْتِ وَسَكَرَاتِ الْمَوْتِ
اَللّٰهُمَّ اغْفِرْلِيْ وَارْحَمْنِيْ وَاَلْحِقْنِيْ بِالرَّفِيْقِ الْاَعْلٰى

અલ્લાહુમ્મ અઈન્ની અલા ગમરાતિલ્ મવ્તિ વ સકરાતિલ્ મવ્તિ અલ્લાહુમ્મગ્ફિર્લી વર્હમ્ની વ અલ્હિક્ની બિર્રફીકિલ્ અઅ્લા.

મવ્તકી સખતીમેં ઔર સકરાતમેં,
જબ લગા રેહતા હય શયતાં ઘાતમેં.
હો ઈલાહી તૂ મદદગારો–મુઈન,
મુઝ પે ગાલિબ હો ન જાએ વોહ લઈન.
મરતે દમ યા રબ મેરી ઈમદાદ કર,
ઔર જહન્નમસે મુઝે આઝાદ કર.
કુલ ગુનાહોંસે મેરે તૂ દરગુઝર,
ઔર મુઝ પર રહમ અય રહમાન કર.

તબકએ અઅ્લામેં જો બંદે તેરે,
તેરે સબ બંદોંમેં હંય ખાસ ઔર ચુને.
મુઝકો ભી યા રબ હો સાથ ઉન્કા નસીબ,
ઉનસે કર દે અય ખુદા મુઝકો કરીબ.

حَسْبِيَ اللّٰهُ عِنْدَ الْمَوْتِ، حَسْبِيَ اللّٰهُ عِنْدَ الْمَسْأَلَةِ فِي الْقَبْرِ، حَسْبِيَ اللّٰهُ عِنْدَ الْمِيْزَانِ، حَسْبِيَ اللّٰهُ عِنْدَ الصِّرَاطِ، حَسْبِيَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ط

હસ્બિયલ્લાહુ ઈન્દલ્ મવ્તિ, હસ્બિયલ્લાહુ ઈન્દલ્ મસ્અલતિ ફિલ્ કબ્રિ, હસ્બિયલ્લાહુ ઈન્દલ્ મીઝાનિ, હસ્બિયલ્લાહુ ઈન્દસ્ સિરાતિ, હસ્બિયલ્લાહુ લા ઈલા–હ ઈલ્લા હુ–વ અલય્હિ તવક્કલ્તુ વ હુ–વ રબ્બુલ્ અર્શિલ્ અઝીમ.

મરતે દમ ઔર કબ્રમેં વક્તે સુવાલ,
હસ્બિયલ્લાહ બસ હય ફઝલે ઝુલજલાલ.
તોલે જાએંગે અમલ મીઝાં મેં જબ,
પુલ પે જબ ચલને લગેંગે લોગ સબ.
હર જગહ હર હાલમેં ઔર હર નફસ,
હસ્બિયલ્લાહ હય મુઝે અલ્લાહ બસ.
ફઝલ તેરા હી હય મેરે વાસ્તે,
ઔર તેરી ઈમદાદ કાફી હય મુઝે.
બસ હય મુઝકો ફઝલો–ઈમદાદે ખુદા,
ઔર નહીં કોઈ ઈલાહ ઉસકે સિવા.
હય વોહી મઅ્બૂદે બરહક ઔર ખુદા,
ઔર ઉસી પર બસ ભરોસા હય મેરા.
ઔર વોહી હય સાહિબે અર્શે અઝીમ,
યહ વોહી ગફ્ફારો–સત્તારો–હલીમ.

(''આખિરતનો શવક'' મૌ. અશરફઅલી થાનવી રહ.)

એકવાર બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢવાની મહાન ફઝીલત :

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

એકવાર બિસ્મિલ્લાહ... પઢવા બદલ છોત્તેર હજાર (૭૬૦૦૦) નેકીઓ મળશે, છોત્તેર હજાર (૭૬,૦૦૦) ગુનાહ માફ થશે, છોત્તેર હજાર (૭૬,૦૦૦) દરજાત બુલંદ થશે.

બિસ્મિલ્લાહ ની તિલાવત કરવા બદલ મળતા અજર-સવાબનું વર્ણન કરતાં મશહૂર સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે :

قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّى اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ مَنْ قَرَأَ "بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ط" كَتَبَ اللّٰہُ لَہٗ بِكُلِّ حَرْفٍ اَرْبَعَةَ اٰلَافٍ حَسَنَةً وَّمَحَا عَنْہُ اَرْبَعَةَ اٰلَافٍ سَيِّئَةً وَرَفَعَ لَہٗ اَرْبَعَةَ اٰلَافٍ دَرَجَةً ط

(અર્થ : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયાહ વ સલ્લમઅ ફરમાવ્યું : જે માણસ ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ''ની તિલાવત કરે છે, તો અલ્લાહ તઆલા બિસ્મિલ્લાહના દરેક હર્ફ (અક્ષર)ના બદલામાં તેના નામ-એ-આ'માલ (કર્મપત્ર)માં ચાર હજાર નેકીઓ લખી દે છે અને તેના ચાર હજાર ગુનાહ માફ ફરમાવી દે છે અને તેના ચાર હજાર દરજાત બુલંદ ફરમાવી દે છે.)

(તફસીરે ફત્હુલ કદીર : ૧/૧૯, સંદર્ભ : મવલાના મુહમ્મદ રૂહુલ્લાહ નક્શબંદી કૃત ''બિસ્મિલ્લાહ કે ફઝાઈલ વ બરકાત'': ૧૨૬)

સૂરએ આલિ ઈમરાનની એક આયતની મહાન ફઝીલત :

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالۡمَلٰٓئِكَةُ وَاُولُوا الۡعِلۡمِ قَآئِمًۢا بِالۡقِسۡطِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ؕ ﴿۱۸﴾ (آل عمران ۳:۱۸)

હદીસ : હઝરત અબૂ વાઈલ (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરીને બયાન કર્યું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂરએ આલિ ઈમરાનની ઉપરોક્ત આયત ''શહિદલ્લાહુ અન્નહૂ લા ઈલા-હ...'' પઢ્યા કરતો હોય તો એને કિયામતના દિવસે બારગાહે ઈલાહીમાં લાવવામાં આવશે. પછી અલ્લાહ તઆલા ફરમાવશે : મારા બંદાએ મારાથી અહદ કર્યો હતો-તે વચનબદ્ધ થયો હતો- અને હું વચનપાલનનો સૌથી વધુ હકદાર છું. મારા બંદાને જન્નતમાં દાખલ કરી દો.

(અલ્લામહ ઈબ્ને અબ્દુલ બર્ર (રહ.) કૃત ''જામિઉ બયાનિલ ઈલ્મિ વ ફદલિહ'' ૧/૯૯, સંદર્ભ : મવલાના મુફ્તી મુહમ્મદ તકી ઉસ્માની સા. કૃત ''તરાશે'' પૃષ્ઠ : ૫૪/૫૫)

અતિ ટૂંકા સમય (સરેરાશ પાંચ મિનિટ) માં કિયામત સુધી એક અબજ અને અડસઠ કરોડ (૧,૬૮૦૦૦૦૦૦૦) નેકીઓ મેળવવાનો મસ્નૂન અમલ

હદીસ : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

હઝરત મૂસા ઇબ્ને ઇમરાન (અલૈ.) હઝરત જિબ્રઈલ (અલૈ.)ને મળ્યા. હઝરત જિબ્રઈલ (અલૈ.)એ હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું : જો કોઈ માણસ આયતુલ કુર્સી આટલી આટલી વાર પઢશે, તો તેને આટલો અજર-સવાબ મળશે. હઝરત મૂસા (અલૈ.)એના પર અમલ કરવાની શક્તિ ધરાવતા ન હતા, જેથી હઝરત મૂસા (અલૈ.) એ પોતાના પરવરદિગારની બારગાહમાં દુઆ ગુઝારી કે, તે એમને આ (અજર-સવાબ)થી કમઝોર (મહરૂમ) ન કરી દે. પછી હઝરત જિબ્રઈલ (અલૈ.) બીજી વાર આવ્યા અને હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું : આપનો રબ ફરમાવે છે કે, જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી એકવાર આ પ્રમાણે (દુઆ) પઢે :

اَللّٰھُمَّ اِنِّیْ اُقَدِّمُ اِلَیْکَ بَیْنَ یَدَیْ کُلِّ نَفَسٍ
وَّلَمْحَةٍ وَّلَحْظَةٍ وَّطَرْفَةٍ یَّطْرِفُ بِھَا اَھْلُ السَّمٰوٰتِ
وَاَھْلُ الْاَرْضِ فِیْ کُلِّ شَیْءٍ ھُوَ فِیْ عِلْمِکَ کَائِنٌ اَوْقَدْ
کَانَ، اُقَدِّمُ اِلَیْکَ بَیْنَ یَدَیْ ذٰلِکَ کُلِّهٖ۔''

(અને) ત્યાર બાદ **"આયતુલ કુર્સી"** પઢે, તો રાત-દિવસના ચોવીસ કલાક થાય છે, **દરેક કલાકમાં** તે માણસ તરફથી મારી પાસે **"કિયામત સુધી સાત કરોડ (૭૦૦૦૦૦૦૦) નેકીઓ"** આવતી રહેશે અને ફરિશ્તાઓ તે નેકીઓને લખવામાં મશગૂલ રહેશે.

(અલ હાકિમ, સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૩૧-૧૩૨, હદીસ ક્રમાંક : ૩૪૬૮)

ઉપરાક્ત દુઆનો અર્થ : હે અલ્લાહ ! હું દરેક શ્વાસ, દરેક ક્ષણ, દરેક પલક અને દરેક એવા સમયમાં કે જેમાં આકાશો અને પૃથ્વીવાસીઓ પોતાની આંખોને એવી ચીજોની મશગૂલીમાં પલકાવે છે કે જે તારા ઈલ્મ અનુસાર અસ્તિત્વમાં આવી ચુકી છે અથવા ભવિષ્યમાં અસ્તિત્વમાં આવશેં, (બલ્કે) હું તો ઉપરોક્ત ચીજોથી આગળ વધીને તારી સમક્ષ આયતુલ કુર્સીને પેશ કરું છુ.

આયતુલ કુર્સી

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَللّٰہُ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ ۚ اَلۡحَیُّ الۡقَیُّوۡمُ ۬ۚ لَا تَاۡخُذُہٗ
سِنَۃٌ وَّلَا نَوۡمٌ ؕ لَہٗ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی
الۡاَرۡضِ ؕ مَنۡ ذَا الَّذِیۡ یَشۡفَعُ عِنۡدَہٗۤ اِلَّا بِاِذۡنِہٖ ؕ
یَعۡلَمُ مَا بَیۡنَ اَیۡدِیۡہِمۡ وَمَا خَلۡفَہُمۡ ۚ وَلَا یُحِیۡطُوۡنَ
بِشَیۡءٍ مِّنۡ عِلۡمِہٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ کُرۡسِیُّہُ
السَّمٰوٰتِ وَالۡاَرۡضَ ۚ وَلَا یَـُٔوۡدُہٗ حِفۡظُہُمَا ۚ وَہُوَ
الۡعَلِیُّ الۡعَظِیۡمُ ﴿۲۵۵﴾ (البقرہ۲:۲۵۵)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

﴿ وَلِلّٰہِ الۡاَسۡمَآءُ الۡحُسۡنٰی فَادۡعُوۡہُ بِھَا ۪ ﴾

(الاعراف ۷:۱۸۰)

અર્થ :

“ અલ્લાહ તઆલાનાં સર્વશ્રેષ્ઠ નામો છે, એ નામો વડે તમે એને પુકારો.” (કુર્આન શરીફ)

અસ્માઉલ્ હુસ્ના

[૧] યા અલ્લાહુ

(હે મા'બૂદ !)

يَا اَللّٰهُ

ખાસિયત : (૧) જે માણસ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પહેલાં પાક– સાફ થઈ એકાંતમાં ૨૦૦ વાર આ નામને પઢશે તો તેની દરેક મુશ્કેલી આસાન થઈ જશે અને જે બીમારના ઈલાજથી હાકિમો આજિઝ થઈ ગયા હોય તેવા માણસ પર પઢવામાં આવે તો તે સારો થઈ જશે.

ખાસિયત : (૨) જે પોતાના રહેવાના મકાનને મથાળે ત્રણ જગ્યાએ ''યા અલ્લાહ'' લખશે તો જ્યાં સુધી નામ મુબારક લખેલ કાયમ રહેશે કદીયે તે મકાનમાં દબાઈ જઈ મરણ પામશે નહિ. કદી ઊંઘતા કે જાગતાં એ મકાન માણસો ઉપર પડશે નહિ. કાં તો એ મકાન સ્વેચ્છાએ તોડી પડાશે અથવા તો જ્યારે ખાલી હશે ત્યારે તૂટશે. કોઈ ઈન્સાનની અચાનક મૌત આ મકાનના અકસ્માતથી ન થશે.

[૨] યા રહમાનુ

(હે રહમત નાઝિલ કરનાર !)

يَا رَحْمٰنُ

ખાસિયત : (૧) જે માણસ ''યા રહમાનુ''ને સવારની નમાઝ પછી ૨૯૮ વખત પઢશે તો તે અલ્લાહ તઆલાની ખાસ રહમતમાં દાખલ થઈ જશે ને દુનિયામાં તેની કોઈ મુશ્કેલી ન રહેશે, દરેક કારોબારમાં બરકત હાસિલ થશે.

ખાસિયત : (૨) સવારની સુન્નત અને ફર્ઝ નમાઝ દરમિયાન જે માણસ ૧૨૧ વખત ''યા અલ્લાહુ, યા રહમાનુ'' કોઈ બીમારના પાસે ઊભો રહી પઢશે તો ગમે તેવો બીમાર હશે તો પણ તંદુરસ્ત થઈ જશે. ને જો મૌત તકદીરમાં હશે તો ખાતિમા બિલ ખૈર થશે. મુશ્કેલી આસાન થશે. આ અમલ મુજર્રબ (અનુભવસિદ્ધ) છે.

ખાસિયત : (૩) બપોરના ટાઈમે જેને ઝવાલનો વખત કહેવામાં આવે છે વુઝૂ સાથે ૪૧ વાર ''યા રહમાનુ'' પઢશે અને પાણી ઉપર દમ કરી જેની આંખો દુ:ખતી હોય તેની આંખોમાં સલાઈને એ પાણીમાં ભીંજવી લગાડશે તો તેની આંખો ઈન્શાઅલ્લાહ સારી થઈ જશે ને એક વર્ષ સુધી કદી આંખો

દુઃખવા ન પામશે. સાત વાર સલાઈ ભીંજવી રોજ ત્રણ દિવસ સુધી લગાડવી જોઈએ.

[૩] યા રહીમુ يَارَحِيْمُ
(હે ઘણો મહેરબાન !)

ખાસિયત : (૧) જે કોઈ ''યા રહમાનુ, યા રહીમુ'' આ બન્ને નામો મેળવીને દરેક નમાઝ પછી ૨૧ વખત પઢશે તો અલ્લાહ તઆલા ગફલત અને ભૂલચૂક તેના સ્વભાવમાંથી દૂર કરશે તથા નમાઝની મુહબ્બત પેદા થશે.

ખાસિયત : (૨) ''અર્રહમાનુર્રહીમ'' લખીને અથવા પાણીથી ધોઈને તે પાણી વૃક્ષની જડોમાં રેડવું. એ વૃક્ષનાં ફળોમાં બરકત થશે.

ખાસિયત : (૩) કોઈને ઘોળીને પીવડાવાશે તો એનાં દિલમાં લખનારની મુહબ્બત ઉત્પન્ન થશે. (એ શર્તે કે એ જાઈઝ મુહબ્બત હોય.)

[૪] યા મલિકુ يَامَلِكُ
(હે હકીકી બેનિયાઝ બાદશાહ !)

ખાસિયત : (૧) ફજરની નમાઝ પછી આ નામ ૧૨૦ વખત પઢવાથી અલ્લાહ તઆલા બેનિયાઝી અને નિઃસ્પૃહતા અર્પણ કરશે, ગની બનાવશે.

ખાસિયત : (૨) આ નામનો કાયમી વઝીફો પઢનારનાં માન–મરતબામાં અલ્લાહ તઆલા વૃદ્ધિ કરશે.

ખાસિયત : (૩) દરરોજ લાગલગાટ ઝવાલ (મધ્યાહ્ન)ના ટાઈમે આ નામ પઢનારનું દિલ નૂરવંત બનશે.

[૫] યા કુદ્દુસુ يَاقُدُّوْسُ
(હે સઘળી ઐબો–ઉણપોથી પવિત્ર ઝાત !)

ખાસિયત : (૧) જે માણસની પત્નીને હમલ (ગર્ભ) રહેલો છે એમ જણાય તો તે દિવસથી બચ્ચું પેદા થાય ત્યાં સુધી દરરોજ ૪૧ વાર ''યા કુદ્દુસુ''

પાણી અથવા દવા ઉપર દમ કરી ગર્ભવતીને પીવડાવે તો બચ્ચું ઘણું સદ્‌ગુણી–પાક બાતિન, નેક અને મા–બાપનો તાબેદાર થશે. આખી ઉંમર કદીય માં–બાપની નાફરમાની અને રંજાડવાને પસંદ કરશે નહિ.

ખાસિયત : (૨) જે માણસ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પછી રોટલી ઉપર આ શબ્દો ''સુબ્બુહુન કુદ્દૂસુન રબ્બુલ મલાઈકતિ વર્રૂહ'' લખીને ખાશે તો એના દિલમાં ઈબાદતનો શોખ ઉત્પન્ન થશે અને અલ્લાહ તઆલા એને આપત્તિઓથી સુરક્ષિત રાખશે.

ખાસિયત : (૩) જે માણસ ''યા મલિકુલ કુદ્દુસુ'' ફજર અને મગરિબની નમાઝ પછી ૧૧–૧૧ વખત પઢવાથી ઈન્શાઅલ્લાહ કદીયે બવાસીર–નાસૂર વગેરે રોગનો ભોગ ન બનશે. તેને કદીયે ગૃહભાગ કે શર્મગાહની કે પદડાની જગ્યામાં કોઈ ઝખ્મ કે બીમારી ન થશે. કદી તેને કોઈ શર્મ કે પડદાની જગ્યા પારકાને દેખાડવાની જરૂર ન પડશે. આ અનુભવસિદ્ધ અમલ છે.

ખાસિયત : (૪) જે મુસાફરને સફરની હાલતમાં જાન કે માલનો અંદેશો હોય અથવા મુસાફર થાકી જાય તો જેટલું બને તેટલું ''યા મલિકુ યા કુદ્દુસુ'' પઢે. ઇન્શા અલ્લાહ, જે કંઈ ભય હશે તે જલ્દી દૂર થઈ જશે. જે ગભરાટ–પરેશાની હશે તે ટળી જશે ને તે મુસાફર સહીસલામત પોતાની મંઝિલે પહોંચી જશે.

ખાસિયત : (૫) કોઈ મીઠી વસ્તુ પર આ મુબારક નામને ત્રણ સો વીસ (૩૨૦) વખત પઢીને કોઈને ખવડાવવાથી તે દોસ્ત બની જશે.

[૬] યા સલામુ يَاسَلَامُ

(હે બે–ઐબ ઝાત !)

ખાસિયત : (૧) બીમારના માથે હાથ મૂકીને એક સો ત્રીસ (૧૩૦) વખત ઊંચી અવાજે આ નામ મુબારકને પઢવામાં આવશે તો ઈન્શાઅલ્લાહ એને શિફા નસીબ થશે.

ખાસિયત : (૨) જો કોઈ બીમાર બેશુદ્ધ થઈ ગયો હોય તો તેના પાસે બેસી ત્રણ સો (૩૦૦) વખત ''યા રહમાનુ યા સલામુ'' પઢવામાં આવે તો પઢતાં જ ઈન્શા અલ્લાહ ઘણો જ જલ્દી બેશુદ્ધ માણસ શુદ્ધિમાં આવી જશે.

(૭) યા મુઅ્મિનુ يَامُؤْمِنُ
[હે અમન–શાંતિ આપનાર !]

ખાસિયત : (૧) આ નામને પઢવાથી અથવા લખીને પાસે રાખવાથી ઝાહિર અને બાતિન બાહ્યાંતર અલ્લાહ તઆલાના અમાનમાં રહેશે.

ખાસિયત : (૨) જે માણસ આ નામને વધુ પ્રમાણમાં પઢશે તો પ્રજા એની આજ્ઞાધીન બની જશે.

[૮] યા મુહય્મિનુ يَامُهَيْمِنُ
[હે નિગેહબાન–સુરક્ષક !]

ખાસિયત : (૧) જે માણસ ગુસલ કરીને બે રકાત નમાઝ અદા કરે અને એકાંતમાં દિલી ખુલૂસ અને સંપૂર્ણ ઘ્યાન સાથે આ મુબારક નામની સો (૧૦૦) વખત તિલાવત કરે તો અલ્લાહ તઆલા તેના ઝાહિર અને બાતિન બાહ્ય અને અંતરને સાફ ફરમાવશે અને એની સામે ઈલાહી અસરાર (ગુપ્ત વાતો) ખુલવા માંડશે.

[૯] યા અઝીઝુ يَاعَزِيْزُ
[હે સૌ ઉપર ગાલિબ !]

ખાસિયત : (૧) ચાલીસ દિવસ સુધી દરરોજ ચાલીસ વખત આ નામનો વિર્દ પઢવાથી અલ્લાહ તઆલા પઢનારને દુનિયામાં ઈઝઝતવાન કરશે અને તે કોઈનો મોહતાજ રહેશે નહિ.

ખાસિયત : (૨) જે માણસ ફજરની નમાઝ પછી એકતાલીસ (૪૧) વખત આ નામને પઢશે તો ઈન્શા અલ્લાહ તે કોઈનો મોહતાજ બનશે નહિ અને અપમાન પછી સન્માન પામશે.

[૧૦] યા જબ્બારુ يَاجَبَّارُ
[હે સૌથી ઝબરદસ્ત !]

ખાસિયત : (૧) જે માણસ ચાંદીની વીંટી પર આ નામ મુબારકને કોતરાવીને પહેરશે તો એની હેબત–દબદબો અને પ્રતિભા લોકોના દિલોમાં

ઈન્શા અલ્લાહ પેદા થશે.

ખાસિયત : (૨) જેનું માથું દુઃખતું હોય તેના માથા ઉપર સાતવાર ''યા જબ્બારુ'' આંગળી વડે લખવામાં આવે. ફરી ત્રણ વાર માથું પકડી ''યા જબ્બારુ–યા સલામુ'' સાત વાર પઢીને દમ કરે તો ઈન્શા અલ્લાહ દર્દ મટી જશે. જો અર્ધા માથાનું દર્દ હોય તો સૂર્ય ઉગતાં પહેલાં એ અમલ કરે, ઘણી જ જલ્દીથી શિફા હાસિલ થશે.

[૧૧] યા મુતકબ્બિરુ يَامُتَكَبِّرُ

[હે અતિ મહત્તાવાળા અને મહાન !]

ખાસિયત : (૧) જે કોઈ માણસ પોતાની પત્ની સાથે સંભોગ (સોહબત) કરવા પહેલાં ૧૦ (દસ) વખત ''યા મુતકબ્બિરુ'' પઢશે તો અલ્લાહ તઆલા તેને પરહેઝગાર અને નસીબદાર ઔલાદ અર્પણ કરશે.

ખાસિયત : (૨) જે માણસને મીઠી ઊંઘ ન આવતી હોય અથવા ઊંઘમાં ડરી જતો હોય તો સૂવા પહેલાં એ મુબારક નામને એકવીસ (૨૧) વખત પઢી ચુપચાપ સૂઈ રહે, ઈન્શા અલ્લાહ ફરી કદી એવું બનશે નહિ.

[૧૨] યા ખાલિકુ يَاخَالِقُ

[હે સર્જનહાર !]

ખાસિયત : (૧) જે માણસ અર્ધી રાતે આ નામનો વઝીફો પઢશે તો અલ્લાહ તઆલા એના દિલને ઈમાનનાં નૂરથી નૂરવંત ફરમાવશે.

ખાસિયત : (૨) જે માણસ ''યા ખાલિકુ''ને સાત દિવસ સુધી ૧૦૦ (સો) વાર લગાતાર પઢશે તો ઈન્શા અલ્લાહ એ તમામ પ્રકારની આફતોથી સુરક્ષિત રહેશે.

[૧૩] યા બારિઉ يَابَارِئُ

[હે પેદા કરનાર !]

ખાસિયત : (૧) જે માણસ જુમ્આની નમાઝ પછી આ નામ મુબારકને સો (૧૦૦) વાર પઢશે તો અલ્લાહ તઆલા તે માણસને કબરમાં દફન

થવા પછી ''રિયાઝુલ કુદુસ'' તરફ ઉઠાવી લેશે, કબરમાં ન રાખશે.

ખાસિયત : (૨) બેઔલાદ સ્ત્રી લાગલગાટ સાત રોઝા રાખે અને પાણીથી ઈફતાર કરે અને ઈફતાર પછી એકવીસ (૨૧) વાર ''અલ બારિઉલ મુસવ્વિરુ'' પઢે તો ઈન્શા અલ્લાહ એને નેક ફરઝંદ અર્પણ થશે.

[૧૪] યા મુસવ્વિરુ يَامُصَوِّرُ

[હે ઈન્સાન અને પશુની શકલ–સૂરત બનાવનાર !]

ખાસિયત : (૧) બેઔલાદ સ્ત્રી સાત રોઝા રાખે અને રોઝા ઈફતાર કરતી વખતે ''યા મુસવ્વિરુ'' ૨૧ વાર પઢી પાણી ઉપર દમ કરે અને એ જ પાણીથી રોઝો ઈફતાર કરે તો અલ્લાહ તઆલા તેને સાલેહ ફરઝંદ અર્પણ કરશે.

[૧૫] યા ગફ્ફારુ يَاغَفَّارُ

[હે દરગુઝર કરનાર !]

ખાસિયત : જે માણસ જુમ્આની નમાઝ પછી આ નામ મુબારકને સો (૧૦૦) વાર પઢશે તો ઈન્શા અલ્લાહ એના પર અલ્લાહ તઆલાના મગફિરતનાં લક્ષણો પ્રગટ થવા માંડશે અને હરેક તંગી દૂર થશે તથા વિશાળ રોઝી નસીબ થશે તથા અલ્લાહ તઆલા તે માણસનું નામ બખ્શિશ થયેલ લોકોમાં દાખલ કરશે.

ખાસિયત : (૨) જો કોઈ માણસ કોઈ કેસમાં માંડવાળ કરવા માંગતો હોય અને સામો પક્ષ ન માનતો હોય તો ઝોહરની નમાઝ પછી ત્રણ હજાર (૩૦૦૦) વાર ''યા ગફ્ફારુ'' પઢે અને ફરી દુઆ કરે તો ઈન્શા અલ્લાહ તરત મકસદ હાસિલ થશે. દુશ્મન પોતે જ વિનંતી કરશે.

[૧૬] યા કહ્હારુ يَاقَهَّارُ

[હે સૌ ઉપર ગાલિબ અને બળવાન !]

ખાસિયત : (૧) જે દૂધપીતું બચ્ચું ઘણું દુર્બળ બની સૂકાઈ ગયું હોય જેમ કે ઘણીવાર બચ્ચાને સુકતાન થઈ જાય છે. અર્ધો શેર સરસિયાનું તેલ લઈ

સામે રાખી વુઝૂ સાથે કિબ્લારૂખ બેસી ૧૦૦૦ (એક હજાર) વખત ''યા કહહારુ'' પઢી તેલ ઉપર દમ કરે. એ તેલ સવાર–સાંજ ૨૧ દિવસ બચ્ચાનાં શરીર પર માલિશ કરે. ઈન્શા અલ્લાહ બચ્ચું જલ્દી તંદુરસ્ત બની તાકાતવાન બનશે.

ખાસિયત : (૨) જે માણસ અલ્લાહ સિવાય અન્યોની મુહબ્બતમાં જકડાયેલો હોય તે આ નામનો વધુ પ્રમાણમાં વિર્દ રાખે. ઈન્શા અલ્લાહ એનાથી દુન્યાની મુહબ્બત વિદાય થઈ જશે. અલ્લાહની મુહબ્બત વાસો કરી જશે. ખાતિમો ખૈરની સાથે થવા માટે આ નામ ''ઈસ્મે આઝમ''ની અસર રાખે છે.

[૧૭] યા વહ્હાબુ يَاوَهَّابُ

[હે ઘણું અતા કરનાર !]

ખાસિયત : (૧) ચાશ્તની નમાઝના અંતિમ સિજદામાં હંમેશા ૪૦ વખત પઢવાથી ગરીબાઈ અને ભૂખમરાથી છૂટકારો મળશે.

ખાસિયત : (૨) ફજરની નમાઝ પછી આ નામને ત્રણ સો (૩૦૦) વખત પઢે અને આગળ–પાછળ ૧૧ વખત દુરૂદ શરીફ પઢીને દુઆ કરે તો અલ્લાહ તઆલા રોઝીનાં દરવાજા ખોલી આપશે.

ખાસિયત : (૩) જે માણસ એ મુબારક નામને કાગળ ઉપર લખી પોતાની પાસે રાખશે તો રોઝીની તંગી ન થશે, ઈન્શા અલ્લાહ.

[૧૮] યા રઝ્ઝાકુ يَارَزَّاقُ

[હે રોઝી આપનાર !]

ખાસિયત : (૧) જે કોઈ ફજરની નમાઝ પહેલાં ઘરના ચારે ય ખૂણાઓમાં દસ–દસ વખત આ નામને પઢીને દમ કરશે તો ઈન્શા અલ્લાહ રોઝીના દરવાજા ખુલી જશે અને બીમારી અને નાદારી એ ઘરમાં કદી ન આવશે, પરંતુ એ અમલ એ મુજબ પઢે કે મકાનમાં જમણા ખૂણાથી શરૂ કરે અને મુખ કિબ્લા તરફથી ન ફેરવે.

[૧૯] યા ફત્તાહુ يَافَتَّاحُ

[હે રહમતનાં દરવાજા ઉઘાડનાર !]

ખાસિયત : જે કોઈ ફજરની નમાઝ પછી બેઉ હાથ છાતી ઉપર મૂકીને આ નામને ૭૦ (સિત્તેર) વાર પઢશે તો પઢનારનું દિલ હિદાયત અને ઈમાનનાં નૂરથી તેજોમય બનશે.

[૨૦] યા અલીમુ يَاعَلِيْمُ

[હે વિશાળ ઈલ્મ–જ્ઞાન ધરાવનાર !]

ખાસિયત : જે માણસ ૪૦ દિવસ સુધી બચ્ચાને સવારમાં ખાધા–પીધા પહેલાં ૨૧ (એકવીસ) વખત ''યા અલીમુ'' પાણી ઉપર દમ કરી પીવડાવશે તો બચ્ચું વિદ્વાન (અકલમંદ) બનશે અને તેની મગજશક્તિ અને યાદશક્તિ તેજ થઈ જશે.

[૨૧] યા કાબિઝુ يَاقَابِضُ

[હે કબ્જ કરનાર !]

ખાસિયત : (૨) રોટીના ચાર ટૂકડા પર આ નામને લખીને ૪૦ દિવસ સુધી ખાવાથી ભૂખ–તરસ, ઝખમ અને દર્દ વગેરેની તકલીફથી હિફાઝત થશે.

[૨૨] યા બાસિતુ يَابَاسِطُ

[હે વિશાળ રોઝી કરનાર !]

ખાસિયત : (૧) જે ઔરતનો શૌહર બદચલન હોય અને ખરાબ સ્વભાવનો હોય તે સ્ત્રી ૩૦૦ વખત ''યા બાસિતુ'' પઢી પાણી ઉપર દમ કરી ખાવિંદને પીવડાવશે અથવા ખાવા ઉપર દમ કરી ખવડાવશે ને ત્રણ દિવસ સુધી એ અમલ કરશે તો બદમિજાઝ ખાવિંદ ઔરતની સાથે બૂરી વર્તણૂક ન આદરશે.

ખાસિયત : (૨) ચાશ્તની નમાઝ પછી આસમાન તરફ હાથ ઉઠાવીને દરરોજ ૧૦ વખત આ નામ મુબારકને પઢશે તો અલ્લાહ તઆલા તેને

બેનિયાઝ બનાવી દેશે. એ કોઈનો પણ મોહતાજ અને ઓશિયાળો થશે નહિ.

[૨૩] યા ખાફિદુ يَاخَافِضُ

[હે અભિમાનીઓને પતિત કરનાર અને પડતી લાવનાર !]

ખાસિયત : દર રોજ ૫૦૦ વખત આ નામને પઢવાથી હાજતો પૂરી થશે અને મુશ્કેલીઓ દૂર થશે, ઈન્શા અલ્લાહ.

[૨૪] યા રાફિઉ يَارَافِعُ

[હે દરજ્જા બલંદ કરનાર !]

ખાસિયત : (૧) ૭૦ (સિત્તેર) વાર આ નામ મુબારક પઢનાર શત્રુઓથી સુરક્ષિત રહેશે.

ખાસિયત : (૨) જે માણસ દરેક માસ (મહિના)ની ચૌદમી રાતે અર્ધી રાતના સમયે ૧૦૦ (સો) વખત આ નામને પઢશે તો ઈન્શા અલ્લાહ એ તવંગર (માલદાર) બની જશે અને મખ્લૂકથી બેનિયાઝ બનશે.

[૨૫] યા મુઈઝ્ઝુ يَامُعِزُّ

[હે ઈઝઝત આપનાર !]

ખાસિયત : જે માણસ શુક્રવારે કે સોમવારે મગરિબની નમાઝ પછી ૪૦ વખત આ નામ મુબારકને પઢશે તો ઈન્શા અલ્લાહ એ માણસ લોકોની નજરોમાં દબદબાવાન અને ઈઝઝતવાન બનશે અને અલ્લાહના સિવાય કોઈથી ન ડરશે.

[૨૬] યા મુઝિલ્લુ يَامُذِلُّ

[હે ઝિલ્લત આપનાર !]

ખાસિયત : જે માણસ ૭૫ (પંચોતેર) વખત આ નામ મુબારકને પઢી સિજદામાં પડી દુઆ ગુઝારશે તો હાસિદો, દુશ્મનો અને ઝાલિમોની બુરાઈથી ઈન્શા અલ્લાહ, સુરક્ષિત રહેશે.